કુમાર

ચૈત્ર ૧૯૮૪

અંક ૫૨

ઉગતી પ્રજાનું માસિક

તંત્રી રવિશંકર રાવળ



નર્મદાતટે
સ્કેચ : રવિશંકર પંડિત



તંત્રી રવિશંકર રાવળ: મુદ્રક-પ્રકાશક બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

ચેતવણી

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ. **ગ્રાહકો** વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી. **લેખકોઃ** જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટુંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



ફુદડી
ચિત્રકાર : કનુ દેસાઈ

કુમારના ચૈત્ર ૧૯૮૪ના અંકનું મુખચિત્ર

કુમાર

આવતી કાલનાં નાગરિકો ઘડતું પ્રાણ પ્રેરણા ને પુરુષાર્થનું માસિક

વર્ષ ૫ અંક ૪ ચૈત્ર ૧૯૮૪

નાસ્તિકતા

અહો, માયાવી નાસ્તિક્તા કેટકેટલાં રૂપ ધારણ કરે છે !

માંદો માણસ અપથ્યને ઓળખતો છતાં તે સેવીને 'આટલાથી કશું નથી થવાનું' એમ મનને મનાવે છે ત્યારે એ નાસ્તિકતા કેળવે છે.

છાનું કરેલું પાપ પોતાને કે બીજાને નડવાનું નથી, એમ માનનાર પ્રતિષ્ઠિત માણસ નાસ્તિકતાને સેવે છે.

સદ્‌ગુણ અને લાયકાતનો કોઇ કદરદાન ન મળે તો એ એળે જવાનાં છે એમ માનનારાઓ પણ નાસ્તિક્તાને જ વરેલા છે.

અને આજે દુનિયામાં જે નાસ્તિકતા સર્વત્ર ફેલાએલી છે તે એ કે લોકોની એવી માન્યતા થઈ ગઇ છે કે 'જગતમાં ધૂર્તતા, લુચ્ચાઈ, કપટ અને દુષ્ટતાનો જ વિજય છે.'

ઇશ્વરના અવતાર થઈ ગયા તે થઇ ગયા, હવે ઇશ્વર મરી નહિ ગયો હોય તો કુંભકર્ણની નિદ્રામાં તો પડયો જ છે, હવે એનાથી ડરવાનું કારણ નથી, એવી જે વ્યવહારૂ માન્યતા સત્તાધારીઓમાં ઘર કરી બેઠી છે એ પણ નાસ્તિકતાનો તાજો અવતાર જ છે.

સત્યયુગ એની મેળે આવવાનો છે, એને માટે આપણે કશો પ્રયત્ન કરવાની જરૂર નથી, એવી આશા બાંધવી એ પણ જુદી જાતની છતાં નાસ્તિકતા જ છે એ ન ભુલવું જોઇએ.

નાસ્તિકતા બળતણના ઢગલા જેવી છે, અને આસ્તિકતા એ દેવતાની ચીનગારી સમાન છે. બળતણ ભીનું છે ત્યાં સુધી એ ટકવાનું. માણસજાતની બેદરકારી એ નાસ્તિક્તાની ભીનાશ છે.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર



મહારાજ ભોજ કે અકબરશાહના જમાનામાં વિદ્વાનો અને કલાકારો રાજ્યના અલંકારો ગણાતા. એમની હાજરીથી પ્રજામાં બુદ્ધિ અને સંસ્કારનું એક પ્રકારનું ઉચ્ચ વાતાવરણ ફેલાઈ રહેતું; અને તેનો લાભ પ્રજા સમસ્ત જાણતી એટલે વિદ્વાન કે કલાકારનો સત્કાર યોગ્ય ગણાતો. આ જમાનાના કુબેરોએ સરસ્વતીને માટે વિદ્યાર્થીના દફતર પુરતી જ ઘરમાં જગ્યા આપી છે, ને ત્યાં પણ તેના શા હાલ હોય છે તે કોણ નથી જાણતું? એમ છતાં—

લક્ષ્માદેવીનાં સુવર્ણપુષ્પો 'કુમાર' પર વરસ્યાં છે એ જાણી 'કુમાર'ના વાચકો જરૂર હર્ષ પામશે એમ માનુ છું. 'ગળિયારા સાહિત્ય પારિતોષિકે' બે વર્ષથી ગુજરાતની સાહિત્યસૃષ્ટિમાં એક નવું જ આકર્ષણ ઉમેર્યું છે. એ પારિતોષિક સાહિત્યસેવાની પાછળ અપાએલા ભોગ કે ઉપાસનાનો બદલો તો ન જ હોઈ શકે; પણ કોઈ કલ્યાણપ્રદ પ્રવૃત્તિની કદર કે આદર કરનારી કે તેની સદ્‌ભાવના પ્રજા સમક્ષ આણનારી એક સુંદર પ્રથા તરીકે અમે તેના પ્રચારકોને ધન્યવાદ આપીએ છીએ.

'કુમાર'ની પ્રવૃત્તિ પ્રશંસા કે બદલાની આશાથી જન્મ પામી ન હતી, છતાં આજ પાંચપાંચ વર્ષે પણ શ્રીમાન અને વિદ્વાન વર્ગને હાથે તેની ગણના એક ઉપયોગી કાર્ય તરીકે થએલી જોઇ કોઇને પણ સ્વાભાવિકરીતે આનંદ થાય જ.

આ પારિતોષિકને અંગે 'કુમાર'ના પહેલા વર્ષના અંકો માટે રંગુનના શ્રીમાન શેઠ છગનલાલ ગળિયારા તરફથી મળેલી રૂપિયા પાંચસોની રકમ હું કેવી રીતે વાપરવાનો છું એમ ઘણાએ મને પુછ્યું છે; અને ઘણા તે વિષે મનમાં પણ જાણવા ચાહતા હશે. એ સૌના સમાધાન ખાતર મારે ખુલાસો કરવાની જરૂર છે. 'કુમારે' કદિ ઇનામ કે દાનની રકમ ઉપર નિર્ભર થવાની ઈચ્છા કરી નથી. 'કુમાર'ના સંકલ્પો સિદ્ધ કરવા યથામતિ યથાશક્તિ કામ કર્યે જવું અને જેઓ તેનો લાભ લે તેઓ તેનો ભાર ઉઠાવે એ અમારી માન્યતા છે. ગ્રાહકોના લવાજમથી પુરૂં ન થઇ શકે તોપણ દાનની રકમથી પકાવેલો ખોરાક તો ગ્રાહકોને ન જ પીરસવો એવો અમારો દુરાગ્રહ છે. એટલે આ પારિતોષિકનો ઉપયોગ હું સચિત્ર જ્ઞાનપ્રચારના નવા પ્રયોગો પાછળ કરવા ચાહું છું. 'કુમાર'નાં શરૂનાં વર્ષોમાં મારી અંગત મુડી બધી ખપી જવાથી હું નવા પ્રયોગો પાછળ કંઇ જ ખરચવા અશક્ત હતો અને તે કાર્યમાં ઢીલ થતી હતી; પરંતુ હવે તે કાર્યની શરૂઆતની નિષ્ફળતાઓ પુરવા જેટલી આ રકમ મળી આવી છે એટલે તે ભવિષ્યની એક સરસ હીલચાલને જન્મ આપશે એવી મારી આશા છે.

> **જેણે ખરો પ્રયત્ન કર્યો છે તેને પરાજયનો થાક ચડતો નથી. ખરી મહત્તા પ્રયત્નમાં છે. જય અને પરાજય બંને અકસ્માત છે.**
>
> 'ધૂમકેતુ'

જગતના ચાર અનર્થોમાં યૌવનને પણ ગણી લેનારા મધ્યયુગના વૃદ્ધોની આંખ ચમકે એવી વિચિત્ર પ્રકારની પ્રવૃત્તિ આ જમાનાના યુવકોએ આદરી છે. તેઓ મર્યાદાનો મુંઝારો હવે લાંબો વખત ખમી શકે એમ નથી. ઘરમાં, શાળામાં, જ્ઞાતિમાં, સમાજમાં, રાજ્યમાં-બધે વૃદ્ધોના ચીલા ઉપર જ યુવાને ચાલવું જોઇએ એ હવે તેમને માન્ય નથી. બધી બાબતોમાં પોતે જગતની પ્રગતિ સાથે થઈ શકે એવી જીવનરચના કરવા તેઓ આતુર છે. એ શી રીતે થઇ શકે એનો જવાબ હવે પરાશર કે મનુ પાસેથી મળે એમ નથી. ચાલુ જીવનનાં યુદ્ધોમાં ઉતરી અનુભવો ને પ્રયોગોના અખાડાઓ ઘુમીઘુમી જેઓ દૃષ્ટિ પામશે તેઓ જ દૃઢપણે નવા માર્ગે ચાલી શકશે.

જે પ્રજામાં શુદ્ધ અંતઃકરણવાળા થોડા પણ બહાદુર યુવાનો જીવનનાં જોખમો ખેડવા તૈયાર ન હોય તે પ્રજાને એ નવી દૃષ્ટિ મળવાની જ નથી. જ્યાં ભૂતકાળે દોરેલી હદ પુરી થાય છે ત્યાં જ જે પ્રજાના જુવાનો અટકી ઉભા રહે છે તે આત્મઘાતની તૈયારીમાં જ છે જાપાને ચાળીસ વર્ષની ટુંકી મુદતમાં ભૂતકાળની સાંકળો તોડી નાખી નવો યુગ પ્રવર્તાવ્યો: ઈટાલીનું દૃષ્ટાંત તો નજર સામે છે; ઇજીપ્ત અને તુર્કી હિંદુસ્તાન કરતાં યે ભયંકર રૂઢિઓને બાળી રહ્યાં છે; ચીનના યુવાનો અને યુવતીઓ યુગાનુસારી તાલીમ ને વ્યવસ્થા શીખી રહ્યાં છે; એ બધાં મોજુદ પ્રમાણો જોયાં પછી પણ ભારતનો યુવક પ્રશ્ન કરતો ઉભો રહેશે?


ગુજરાતમાં ઠારોઠાર યુવકસંઘો, યુવકમંડળો ઈ. સ્થપાયાં છે. તેની પાછળ આવી જ કોઇ વિચારશ્રેણી સ્પષ્ટ કે અસ્પષ્ટ રૂપે દેખાય છે. છતાં કોઇ ઠેકાણે હજી નવજીવનનું ધ્યેય નક્કી કરી એને સિદ્ધ કરવાની દૃઢ પ્રતિજ્ઞા દેખાતી નથી. છુટાછવાયા યુવાનો રાજદ્વારી ઝુંબેશ વખતે એકઠા થતા દેખાય છે, પણ સતત ને એકધારૂં—પછી ભલે તે નાનામાં નાનું હોય—એવું કોઇ કામ ચાલુ રાખવાની ધગશવાળી ટોળીઓ બંધાતી નથી.

નવી શિક્ષણસંસ્થાઓ અકાળે બંધ થઇ છે કે થવાની તૈયારીમાં છે, જુની પદ્ધતિઓના ત્રાસ અને જુલમ હજી એનાં એ જ છે—બલ્કે વધ્યે પણ છે; છતાં જુવાનો ચોંકતા નથી. તેમણે જાતે વેઠેલાં ખર્ચ, ત્રાસ અને પાયમાલી હજુ તેમનાં કાળજાં સોંસરાં ઉતર્યાં લાગતાં નથી. દક્ષિણમાં ચાલતી ગરીબોના શિક્ષણસંસ્થાઓ જેવી સંસ્થાઓ ચલાવવાનું પાણી ગુજરાતના જુવાનો બતાવી શકયા નથી.

જ્યાં સરકાર કે સમાજનો દોર ઓછામાં ઓછો છે એવી આ સંસ્થાઓ—શિક્ષણ, આરોગ્ય અને અછુત લોકોની સેવા કે સહાયનાં કાર્યો તરફ જુવાનોનું લક્ષ હજી ગયું નથી. આપણા 'કેળવાએલા' યુવકો જ આપણા ગ્રામવાસી ભાઇઓને અન્યાય ને સત્તાથી દંડે છે, દબાવે છે; આપણા એ 'કેળવાએલા' યુવકો જ જ્ઞાતિઓના જુલમી દંડ કે પક્ષપાતી ઠરાવોને નિભાવી રહ્યા છે; સ્વદેશી બનાવટો, કળા કે હુન્નરને આશ્રય આપવામાં જો કોઇ પાછળ રહેતું હોય તો તે પણ આપણા એ 'કેળવાએલા' યુવાનો જ છે.

યુવાનો જો ઠરાવ કરે કે પોતે સ્વતંત્ર રાષ્ટ્રીય શિક્ષણને જ સહાય આપશે, જ્ઞાતિઓના અન્યાયી અને આપખુદ ઠરાવોને નમતું નહિ આપે, દેશના ઘાટ, બનાવટો અને સામાનને પહેલી જગ્યા આપશે, તથા દેશના અછુત લોકોને સરકારી, વ્યાપારિક અથવા અમલદારી હુમલાથી બચાવવા સજ્જ રહેશે અને પોતે સાદું ને સેવાપરાયણ જીવન જીવશે તો એકદમ નિરાશા અને અંધાધુંધીનું વાતાવરણ ચોખ્ખું થવા માંડશે. દેશમાં ચોમેર યુવાનોનો એક જ ધર્મ પ્રવર્તે, તેમનું ધ્યેય પ્રગતિ અને પરોપકારી પ્રવૃત્તિ બને, ગજા પ્રમાણે દરેક જણ દેશના અંદરના અને દેખીતા કચરા સાફ કરવા માંડે તો જ દેશના હૃદયમાં નવું લોહી ઉછાળા મારતું દેખાશે, તો જ ચેતન અને ઉલ્લાસનાં દર્શન થવાનાં છે. યુવાનો! દરેક જણ હૃદય પર હાથ મુકી પુછો કે તમે તમારી અને તમારી જન્મભૂમિની શી રીતે ઉન્નતિ કરવા ચાહો છો?

થોડા જ વખતમાં કાઠિયાવાડ ખાતે અથવા ગુજરાતમાં ભરૂચ જીલ્લામાં નીકોરા પાસે કબીરવડની છાયામાં યુવકોનું સંમેલન ભરવાની યોજના ચાલી રહી છે. તે સંમેલનમાં યુવકો આવું કોઇ એક ધ્યેય વિચારવા મળશે. ત્યાં કોઇ મહેમાન નહિ હોય. દરેક જણ પોતાની સેવા આપવા, સાદું સરળ વર્તન શીખવા અને દેશના બીજા યુવાનોનો પરિચય પામવા આવશે. ત્યાં શિષ્ટાચારભરી સભાની જરૂર નથી; પણ મિત્રાચારી અને ખુલ્લા દિલની વિચારણા તથા વાતોની મિજલસને ખુબ અવકાશ આપવાને એ સંમેલન કલ્પાયું છે. તમારા મિત્રોમાં, મંડળોમાં અને દરેક યુવાન આગળ આ વિચાર જણાવજો અને જેમનાથી બને તે ત્યાં આવવા તૈયાર થજો આવવા ઈચ્છનારે પત્રથી 'કુમાર'ના તંત્રીને અથવા 'મૈત્રી યુવક મંડળ નીકોરા (જી. ભરૂચ)'ને લખી જણાવવું.




અમરેલી છાત્રાલય સંમેલનના પ્રમુખપદેથી
શ્રી કાલેલકર આજના વિદ્યાર્થી વિષે કહે છે:

"આજનું વિદ્યાર્થીજીવન જેવું હોવું જોઇએ તેવું નથી એ અનુભવ દરેકનો છે. ચારિત્ર્યની, સારી ટેવોની અને આદર્શોને સેવવાની જે દઢતા જોઇએ તે પુરતા પ્રમાણમાં નથી મળતી. આખા જીવનમાં એક જાતનું અસાધારણ પોચાપણું આવી ગયું છે. મુશ્કેલીઓ સામે ઝુઝવાની શક્તિનો વિચાર કોરે મુકીએ, પણ જમાનાની જાગૃતિને અંગે જે સગવડો, તકો અને અનુકૂળ પ્રસંગો પ્રાપ્ત થાય છે તેનો લાભ લેવાની શક્તિ કે ઉત્સાહ પણ વિદ્યાર્થીઓ પુરતા પ્રમાણમાં નથી બતાવતા.

એમ તો આજના વિદ્યાર્થીઓમાં સમાજસેવા કરવાની ધગશ ચોખ્ખી દેખાય છે; જુનાં બંધનો ફેંકી દેવાની ઉત્કંઠા પણ દેખાય છે; ઉચ્ચ આદર્શો પાછળ ખુવાર થવું પડે તો તેમ કરવાની અભિલાષા પણ નથી હોતી એમ નથી; પરિસ્થિતિ સમજવાની શક્તિ પણ આજના વિદ્યાર્થીઓમાં વિશેષ પ્રમાણમાં દેખાય છે;—છતાં કાંઈક અગમ્ય શિથિલતાને લીધે અથવા પરંપરાથી વધેલા તમોગુણને લીધે કહો, કોઈ પણ જાતના સંસ્કારો દૃઢ કરવા તરફ એમનું મન વળતું નથી.

જુવાનીના ઉત્સાહમાં અનેક જાતની કાર્યકુશળતા કેળવવાની અદમ્ય ચળ હાથપગને હોવી જોઇએ. બાળક જે કંઇ જુએ તે પોતે કરવા બેસે એ પ્રાકૃતિક નિયમ છે. એ વૃત્તિ ઉચ્છૃંખળ ન થાય એટલા માટે મુરબ્બીઓ એને અંકુશમાં રાખે, લગામ ખેંચે, એ જ સ્વાભાવિક પરિસ્થિતિ ગણાય. પણ એના બદલામાં જુવાનો શિથિલ, નિરુત્સાહી રહે, જડતા દાખવે અને મુરબ્બીઓ એમને 'ઊઠો, ઊઠો, કંઈ કામ કરો!' એવી હાકલ દેતા રહે, એ સ્થિતિને શું કહી શકાય? વીર્યવાન યુવાનો લગામના અધિકારી હોય, ચાબુકના નહિ."

સ્વાસ્થ્ય શક્તિ અને સૌન્દર્ય



'સ્વાસ્થ્ય, શક્તિ અને સૌંદર્ય'—'શાંતિ, ઉત્સાહ અને પ્રેરણા' આ તત્ત્વત્રયનું મીલન-સ્થાન માનવદેહ. એના વિકાસની રેખામાત્રનું સહજ દર્શન આ પ્રતિબિંબમાં થાય છે. સુદૃઢ સ્નાયુબન્ધ આ યુવાન, ભાઈ ઇન્દુભાઇ નારણ-ભાઇ પટેલ અમદાવાદના રહીશ અને ગુજરાત વિદ્યાપીઠના સ્નાતક છે. વીસ વર્ષના વયે વ્યાયામત્રયી-દંડ બેઠક ને ડી-ની ઉપાસના એમણે આરાધી અને એક વર્ષ પછી ગુજરાત મહાવિદ્યાલયના આશ્રયે એમણે વેઇટલિફ્ટિંગના વ્યાયામ શરૂ કર્યાં. નિયમિત આહારવિહાર અને નિર્વ્યસની જીવનના એ પ્રબળ હિમાયતી અને કુદરતી નિયમોના પાલનના પૂર્ણ આગ્રહી છે. ઍપેન્ડિસિટિસ જેવા ભયંકર વ્યાધિથી પીડાવા છતાં, શસ્ત્રક્રિયાના માર્ગની દાક્તરી સૂચનાનો અનાદર કરી, કેવળ ઉપવાસ અને દુગ્ધોપચારથી એમણે નીરોગી અવસ્થા પ્રાપ્ત કરી છે. કુસ્તી અને વેઇટલિફ્ટિંગ એમનો પ્રિય વ્યાયામ હોવા છતાં સ્વાસ્થ્યને એ પ્રથમ સ્થાન આપે છે. એમની ઉંચાઈ ૫'-૯" તથા વજન ૧૩૦ રતલ છે: વય ૨૩ વર્ષનું છે.

ફોટો: જનાર્દન, અમદાવાદ

આવતી પ્રજાનો માત્ર એકપક્ષી નહિ, પરંતુ સર્વાંગી વિકાસ સાધવાની સામગ્રી ઉભી કરતા રહેવાનું અમારૂં ધ્યેય હોઇ તેના માનસિક ઉપરાંત શારીરિક વિકાસની દિશામાં પણ પ્રેરક તથા સહાયરૂપ થવા પ્રત્યે અમારૂં લક્ષ સતત રહ્યા કર્યું છે;—જોકે પુરતા અનુકુળ સંજોગોને અભાવે અમે એ દિશામાં આજ સુધીમાં કરેલા પ્રયત્નો છુટાછવાયા અને નહિ જેવા જ છે. આ વર્ષથી અમે આ નવો વિભાગ ઉઘાડી એક નાનકડો પ્રયત્ન શરૂ કરીએ છીએ. જેમણે નિયમિત આહાર-વિહાર તથા વ્યાયામ વડે પોતાના શરીરને સ્વસ્થ, સુંદર તથા શક્તિશાળી બનાવવા કાળજીપૂર્વક પ્રયત્ન કર્યા છે, એવા પૂર્ણ વિકસિત શરીરવાળા આપણા યુવાનોના ફોટોગ્રાફો તથા પરિચય હવેથી 'કુમાર'માં અપાયા કરશે. ખંત તથા પરિશ્રમથી જેમણે પોતાનાં શરીરનો આવી રીતે વિકાસ સાધ્યો છે તે સૌને અમારી વિનંતિ છે કે તેઓ પોતાના ફોટોગ્રાફો તથા ટુંક પરિચય અમને મોકલી આપી સહાય કરે. આથી આપણા દેશની શરીરસંપત્તિનો તથા તેની પ્રગતિનો આપણને ખ્યાલ આવશે, પરસ્પર પરિચય તથા સહકાર થશે અને એક યા બીજે કારણે પોતાના શરીરની અવગણના કરી રહેલી આપણી ઉગતી પ્રજાને પ્રેરણા મળશે. આશા છે કે આ પ્રયત્નમાં અમને સૌનો સહૃદય સહકાર મળશે અને આ નાનકડી શરૂઆત સંગીન બની ફળવતી નીવડશે.

—તંત્રી

આકાશની વિજળીને પૃથ્વી પર આણી ઉતાર- બેન્જામિન

'મે ફલાવર' જહાજના એ મુઠ્ઠીભર પ્યૂરિટનો ને તેના અનુગામીઓએ માત્ર છેલ્લાં ૩૦૦ વર્ષમાં અમેરિકા જેવા અફાટ ખંડની, ઉજ્જડ દશામાંથી આજની એની રિદ્ધિસિદ્ધિવંતી દશામાં કાયાપલટ કરી નાખી એ કાંઇ જાદુનો ખેલ નથી. એના એ આરંભકાળના અગ્રયાયીઓ (પાયોનિયરો)એ અખૂટ શક્તિ, તીવ્ર બુદ્ધિમત્તા, અવિશ્રાન્ત ખંત અને બલિદાનની પરંપરા રેડીને જ એ પ્રજાના આજના જ્વલંત કીર્તિમંદિરના પાયા ધરબ્યા છે.

હવે આપણે, જેને લીધે ફ્રાંક્લિન જગવિખ્યાત થયો તે એના વિજળિક પ્રયોગો તરફ વળીએ. આપણે જાણી ગયા કે તેનો સ્વભાવ જ એવો હતો કે એ જમાનામાં થતા વિજળીના અને લોહચુંબકના અનેક પ્રયોગો તરફ તેનું આકર્ષણ થયા વગર ન રહે; એટલું જ નહિ પણ તેમાં તે ગરકાવ થઇ જાય.

વિલિયમ વૉટસન નામના એક અંગ્રેજ વિજ્ઞાનીનાં લખાણો વાંચીને ફ્રાંક્લિન પહેલવહેલો વિજળીની શોધ તથા તેને લગતા પ્રયોગો તરફ વળ્યો. વળી એના એક પરમ મિત્ર પીટર કોલિન્સન નામના અંગ્રેજ વનસ્પતિશાસ્ત્રીએ એને ચામડા ઉપર ઘસવાની કાચની એક નળી ભેટ મોકલી. આ ભેટ જોઇને ફ્રાંક્લિન એટલો તો રાજી થઈ ગયો કે કેટલાક દિવસ સુધી તો એ નવું રમકડું ફ્રાંક્લિનના હાથમાં જ રમ્યા કર્યું. આ ભેટ માટે કોલિન્સનનો ઉપકાર માનતાં તે લખે છે કે 'આ વસ્તુને લીધે આ નવા વિષય (વિજળી)ના અભ્યાસ પાછળ મારૂં મગજ અને મારો સમય જેટલાં રોકાએલાં રહ્યાં છે તેટલાં તે બીજા કોઇ પણ વિષયના અભ્યાસમાં કદિ રોકાયાં નથી. હું એકલો પડું છું ત્યારે નવાનવા અખતરા કર્યા જ કરૂં છું, અને આ વસ્તુની નવીનતાને લીધે મિત્રોનાં ટોળેટોળાં ચાલ્યાં આવે છે તેમની પાસે એના પ્રયોગો વારંવાર કર્યા કરૂં છું; એટલું જ નહિ પણ કેટલાક મહિનાથી તો હું બીજા કોઇપણ વ્યવસાયને માટે આમાંથી ફુરસદ પણ નથી મેળવી શકયો.'

આ પછી ફ્રાંક્લિને હાથમાં બરોબર પકડી શકાય એવી ૨૭ ઈંચ લાંબી કાચની એક નળી તૈયાર કરાવી. એ વડે તે અનેક જાતનાં અવનવાં ટીખળ કર્યા કરતો. સ્વભાવે એ ખુબ આનંદી હતો એટલે કોઈકોઇ વાર એકઠા થએલા મિત્રોને દારૂના પ્યાલા મારફત વિજળીનો સહેજ આંચકો આપવાની કે એવી વિવિધ પ્રકારની ગમ્મત કર્યા કરતો. આ નવા વિષયના અભ્યાસ પાછળ ખુબ વખત આપી શકાય, અને પોતે મેળવેલાં તેમજ તેની અગાઉ થઇ ગએલાઓનાં જ્ઞાન અને અનુભવનો ઉપયોગ આ વિષયના અભ્યાસમાં થઈ શકે એટલા માટે તેણે પોતાનું છાપું ને છાપખાનું બંને વેચી નાખ્યાં! આમ ૪૨ વર્ષની ઉમરે વિજ્ઞાનની આ નવી શાખાના અભ્યાસ પાછળ ફ્રાંક્લિને પોતાની બધી શક્તિ અને ફળદ્રુપ મગજ રોકી દીધાં અને તેના સતત અભ્યાસ, પ્રયોગો તથા શોધખોળોને પરિણામે વિજ્ઞાનની આ શાખા ખુબ ફૂલીફાલી.

જંટો કલબમાં રહીને ફ્રાંક્લિને અમેરિકન ફિલૉસૉફિકલ સોસાએટી યોજી હતી. આ સોસાએટીના પ્રમુખ થૉમસ હૉપકિન્સન ઉપરાંત ફિલિપ સિન્જ અને એબેન્જર કિનર્સલી આ કામમાં ફ્રાંક્લિનના સાથીઓ હતા. આ સોસાએટીના સભ્યોમાં અનેક નામાંકિત નરો થઇ ગયા છે જેમનાં નામ અને કામ આજે પણ હયાતી ભોગવતી એ સંસ્થામાં અમર રહી ગયાં છે. ફ્રાંક્લિનની માફક તેના સાથીઓ પણ તેમણે બનાવેલાં યંત્રો અને સાહિત્યો લઇ ગામેગામ ફરતા અને પ્રજાને પ્રયોગો બતાવતા. આ મુસાફરીમાં સાધનોને થતાં નુકસાન બાબત સાથીઓએ ફરિયાદ કરતાં ફ્રાંક્લિને તરત જ મુસાફરીને લાયક એક યંત્રની ડિઝાઇન તૈયાર કરી કાઢી. અને તે પછી એ ચારે જણે મળીને વૉટસન, કોલિન્સન અને યૂરોપના બીજા વિજ્ઞાનવેત્તાઓના પ્રયોગો સફળતાપૂર્વક કરી નાખ્યા.

થોડા જ વખતમાં ફ્રાંક્લિને એક નવો સ્વતંત્ર પ્રયોગ યોજ્યો. ત્રણ ઇંચ વ્યાસનો તોપનો એક નાનો ગોળો પહોળા મોંની કાચની બરણીના મોઢામાં રાખીને તેની પાસે જ હીરના દોરાથી એક બુચને લટકાવ્યું. 'પછી' ફ્રાંક્લિન કહે છે કે 'ગોળામાં

નાર અમેરિકાનો પ્રથમ મહાન પ્રયોગશાસ્ત્રી

ફ્રાંકલિન


અમેરિકન પ્રજાના લાડકા એવા એક પાયોનિયર બેન ફ્રાંકલિનની ચરિત્રરેખાના આ બીજા હપતામાં, એના વિજ્ઞાનના પ્રયોગો તથા તે પાછળ તેણે ગાળેલા ખંતીલા ને અભ્યાસી ઉત્તરજીવનની આછી રૂપરેખા દોરી એ બુદ્ધિમાન પ્રયોગશાસ્ત્રીનો થોડો પરિચય આપવાનો પ્રયત્ન છે. પહેલો હપતો માહના અંકમાં પ્રગટ થયો છે તે તથા ગુજરાત વર્નાક્યુલર સોસાએટીએ પ્રગટ કરેલું એનું વિસ્તૃત ચરિત્ર પણ જીજ્ઞાસુઓ વાંચવા ન ચુકે.

વિદ્યુતપ્રવાહ ઉત્પન્ન કરતાંની સાથે જ બુચ તેનાથી દૂર ભાગશે. હવે જો એકાદ સોયાની અણી એ ગોળાને અડાડવામાં આવે તો વિજળીની શક્તિ એ સોયામાં આવી જતાં બુચને નસાડવાની શક્તિ ગોળામાંથી જતી રહેશે અને પરિણામે બુચ ફરીને ગોળા આગળ આવતું રહેશે.' આ પ્રયોગથી તેણે સિદ્ધ કર્યું કે એકબીજાથી વિરુદ્ધ પ્રકારની વિજળીની શક્તિ એ વિદ્યુતવાહક પ્રદાર્થો (Conductors)માં ઉત્પન્ન થતાં તેમની વચ્ચેની હવા 'ભાંગી જાય છે' અને તેથી તણખો નીકળે છે. વળી તેણે એમ પણ સિદ્ધ કર્યું કે બુઠ્ઠાં કરતાં અણિયાળાં વિદ્યુતવાહકો વિજળીના પ્રવાહને જલદી આકર્ષે છે તેમજ છોડી દે છે.

વળી તેણે બતાવ્યું કે આ પ્રયોગની સફળતાનો આધાર જુદીજુદી પરિસ્થિતિ ઉપર છે. ગોળા ઉપર રેતી છાંટવાથી તેમાંથી બુચને દૂર નસાડવાની શક્તિ ધીમેધીમે નાબુદ થઈ જાય છે. ગોળા ઉપર શ્વાસોશ્વાસની ક્રિયા કરવાથી તેમજ તેની આસપાસ લાકડાનો ધુમાડો કરવાથી પણ આવું જ પરિણામ આવે છે. એકાદ ફુટ દૂર મીણબત્તી બળતી હોય તો તેથી પણ ગોળાની વિજળિક શક્તિ નાશ પામે છે. આ ઉપરથી તેણે એમ સુચવ્યું કે જેમ અગ્નિ પર પાણી રેડતાં દરેક જળકણ થોડીથોડી અગ્નિ પોતાની સાથે લઇ જાય છે તેમ, રેતીનાં કણ, ભીનાશ અથવા ધુમાડાનું, પહેલાં વિજળિક શક્તિ ધારણ કરતા ગોળા આકર્ષણ થાય છે, પછી તે આઘાં ભાગે છે અને પોતાની સાથે તેમાંથી થોડી શક્તિ લેતાં જાય છે. પોતાને મળેલી એ શક્તિ આ પદાર્થો બીજા કોઇ પદાર્થને ન આપે ત્યાં સુધી એ તેમાં જ રહે છે; ને એ રીતે વિજળીની શક્તિ કદિ નાશ પામતી નથી.

આ બધા પ્રયોગો ઉપરથી ફ્રાંકલિને સિદ્ધ કર્યું કે વિજળી અનુકુળ વાહકોમાં સંચાર કરનાર અને યોગ્ય સાધનોમાં સમાઇ રહેનાર પ્રવાહી દ્રવ્ય છે. એ ઉપરાંત, તેણે એ પણ જણાવ્યું કે વિજળી દરેક વસ્તુમાં હોવી જ જોઇએ, અને તેનું પ્રમાણ અસાધારણ સંજોગોમાં વધુઘટુ કરી શકાય છે. એનો અર્થ એટલો જ કે પદાર્થોમાં કોઇ વાર વિજળીનું પ્રમાણ વધી જાય ત્યારે તે વસ્તુ '+ વિજળીવાળી' Electrically positive અને ઘટી જાય છે ત્યારે '— વિજળીવાળી' (Electrically negative) કહેવાય છે. તેની દલીલ એવી હતી કે વિજળીના પ્રવાહનું વહન વત્તાથી ઓછા તરફ હોવું જોઇએ. તેણે એ પણ જણાવ્યું કે ઘર્ષણથી વિજળી 'ઉત્પન્ન' નથી થતી પણ ફક્ત 'એકઠી' થાય છે. એટલે કે કાચની નળીનું ઘર્ષણ વિજળીને ફક્ત આકર્ષવામાં મદદરૂપ થાય છે.

આ પછી અત્યાર સુધીમાં તો વિજ્ઞાનવિશારદોએ અનેક અવનવા સિદ્ધાંતોનું પ્રતિપાદન કર્યું છે. વિજળીની આકર્ષણશક્તિનું ખરૂં કારણ તો ગમે તે હોય, પરંતુ ફ્રાંકલિનનો સિદ્ધાંત જે જલદી સમજી શકાય એવો અને વિજ્ઞાનનું ભાન સરખું યે ન હોય એવાં સાધારણ સ્ત્રીપુરુષોને માટે આશ્ચર્યજનક છે તે તો જગન્માન્ય રહેશે જ. પોતાનો સિદ્ધાંત રજુ કરતી વખતે કે પ્રયોગો કરી બતાવતાં તેનાં પરિણામો માટે ફ્રાંકલિન બહુ નિશ્ચયાત્મક ન રહી શકતો. પોતાની આ ત્રુટીનો વિચાર કરીને જે વસ્તુ પોતે બરાબર ન સમજાવી શકે તે માટે તે આવી દલીલ કરતો. 'હવામાં કાચને અદ્ધર રાખતાં નીચે પડીને તેના ટુકડા થઇ જશે, એટલું જ આપણે જાણવાની જરૂર છે; પણ તે કેવી રીતે નીચે પડે છે અને શા માટે ભાંગી જાય છે એ તો વિચારની બાબત છે. એનું જ્ઞાન મેળવવું એ આનંદની વાત છે ખરી, પણ એ જ્ઞાનપ્રાપ્તિ થયા વગર પણ આપણે કાચનું રક્ષણ તો કરી શકીએ છીએ.' મતલબ કે આપણે કુદરતના કાયદાઓ અને બનાવોને સમજાવી શકીએ એમ ન



પોતાના છાપખાનામાં કામ કરતો ફ્રાંકિલન અને (જમણી બાજુ) તેના વિખ્યાત 'પૂઅર રિચર્ડ પંચાંગ'ની એક નકલનું પૂંઠું

હોઇએ તોપણ તેનો સ્વીકાર તો કરી જ લેવો જોઇએ.

છતાં ફ્રાંકિલનને પોતાને આવા ન સમજી શકાય એવા કુદરતી બનાવોનો સ્વીકાર કરી લેવાનું ગમતું નહિ. એના દાખલા તરીકે, લીડન બરણીના અભ્યાસ પાછળ તેણે પુષ્કળ વખત ગાળ્યો તે ગણાવી શકાય. આ પ્રયોગનો મુળ શોધક લીડન શહેરનો વતની કુને નામનો હતો એમ કેટલાકનું માનવું છે અને તેથી જ તે બરણીનું નામ લીડન બરણી પડ્યું છે. આ બરણી એટલે જેના મોં આગળનો ભાગ અંદરથી અને બહારથી ખાલી રાખીને બાકીનો ભાગ કલાઇથી ઢાંકી દેવામાં આવેલો હોય તેવી કાચની એક બરણી. એના અંદરના ભાગનો સંબંધ વિજળી ઉત્પન્ન કરનાર યંત્ર સાથે અને બહારના ભાગનો સંબંધ જમીનની સાથે બાંધવામાં આવે તો આ બાટલીમાં વિજળીનો સંચય કરી શકાય.

આ સમયે યૂરોપમાં લીડન બરણીના પ્રયોગ વિષે ખુબ ચર્ચા થઇ રહી હતી અને તેમાં સંચિત થતી વિજળીને માટે અનેક કારણો અપાતાં હતાં. ફ્રાંકિલને આ બધી ચર્ચામાં ઉંડા ઉતર્યા વગર સ્વતંત્ર રીતે જ પ્રયોગો કરીને સિદ્ધ કર્યું કે વિજળીનો સંચાર કાચની સપાટી ઉપર જ રહે છે અને કલાઇનું પતરું ફક્ત વિજળી એકસરખી પથરાઈ રહે એટલા પુરતું જ ઉપયોગી છે. પોતાના પ્રયોગો અને તે ઉપરથી તારવેલા સિદ્ધાંતો તેણે કોલિન્સનને પત્ર દ્વારા જણાવ્યા. કોલિન્સને આ બાબતની જાહેરાત કરી ત્યારે પ્રથમ તો અંગ્રેજ વૈજ્ઞાનિકો, વિજ્ઞાનનો કક્કો ઘુંટતા એ અમેરિકનની શોધ તરફ હસવા લાગ્યા, પણ થોડા જ વખતમાં તેમને કબુલ કરવું પડ્યું કે ફ્રાંકિલને આ બાબતમાં ખરેખર ખુબ પ્રગતિ કરી છે. ફ્રાન્સ કે જ્યાં એના 'પૂઅર રીચર્ડ પંચાંગ'નો ખુબ પ્રચાર થયો હતો ત્યાં તો ફ્રાંકિલનની શોધોને બહુ જ સારો સત્કાર મળતો જ હતો. આમ થોડા વખતમાં તો આખા યૂરોપમાં એ સર્વમાન્ય થઇ પડ્યો અને અમુક બાબતમાં ફ્રાંકિલન શું કહે છે એ જાણવા લોકો આતુર રહેવા લાગ્યા.

આ પછી તરત જ ફ્રાંકિલને પહેલવહેલી વિજળીની બૅટરી બનાવી. આ બૅટરીમાં બંને બાજુએ સીસાની તકતી ચોંટાડેલા ૧૧ સપાટ કાચ એકબીજાથી સરખે અંતરે સીધા ઉભા રાખવામાં આવ્યા હતા. દરેક કાચને સીસાના તારની કડીમાં રેશમની દોરીથી બબ્બે ઇંચને છેટે લટકાવવામાં આવ્યો હતો, અને બધા કાચમાં એકીસાથે વિજળીનો સંચાર થાય એવી રીતે બૅટરીમાં ગોઠવણ હતી. વિજળીનો સંગ્રહ થયા પછી તેને જોડેલા બે જુદાજુદા તાર કોઇ પ્રાણીને લગાડવામાં આવે તો તરત આંચકો લાગતો. આ રીતે ફ્રાંકિલને નાનાં પ્રાણીઓને મારી નાખવા જેટલી અને માણસોને વિજળીના આંચકાથી પાડી નાખવા જેટલી વિજળી સંઘરવામાં પ્રગતિ કરી. આજે જ્યારે બૅટરીનો સાર્વત્રિક ઉપયોગ થઇ રહ્યો છે ત્યારે તો ફ્રાંકિલને કરેલી આ પ્રગતિ આપણી નજરમાં ન

આવે એ બનવાજોગ છે; પણ આજથી બસો વર્ષ પહેલાં આ શોધ કંઇ જેવીતેવી કીમતી નહોતી.

આ પછી થોડે જ વખતે ફ્રાંકલિનની મદદથી કિનર્સ્લિએ વિજળીની મોટર બનાવી. આ મોટર તે દુનિયામાં સૌથી પહેલી વિજળિક મોટર. આમ ઉપરાઉપર સફળતા મળવાને લીધે ફ્રાંકલિન વધારે શોધો કરવા માટે અવનવા પ્રયોગો કરવામાં વધુ ને વધુ ઉત્સાહી બન્યો.


આ પ્રયોગો કરતાંકરતાં પણ તેને બીજા વિષયોની ચર્ચા કરવા જેટલી ફુરસદ તો મળી જ રહેતી. ધરતીકંપ થવાનાં કારણો વિષે પોતાનું સ્વતંત્ર મંતવ્ય તે રજુ કરતો. ધરતીકંપનું એક કારણ તેના અભિપ્રાય પ્રમાણે ધરતી પોતે જ હતી. ધરતીની અંદરનાં પ્રવાહીમાં પૃથ્વીનો અમુક ભાગ પીગળી જવાથી ત્યાં ઉપરની જમીન નીચે બેસવા લાગવાને પરિણામે ધરતી ધ્રુજી ઉઠે છે. અથવા ધરતી નીચેનો જળ-પ્રવાહ સંકડાશમાં ન રહી શકવાને કારણે જ્યારે નવો માર્ગ શોધે છે ત્યારે ગરમી વધી પડતાં જમીનમાંથી અગ્નિની જ્વાળા અને ધુમાડા નીકળી આવે છે. ત્રીજું કારણ તે એ પણ આપતો કે ધરતીની અંદર ભરાઇ રહેલી હવા બહાર નીકળવા પ્રયત્ન કરે તેથી પણ ધરતી ધ્રુજે છે. વળી પૃથ્વીની અંદર રહેલો અગ્નિ પૃથ્વીમાંના ગંધક સાથે મળતાં અંદર ને અંદર ભડકો થાય અને એ ભડકો બહાર નીકળી શકે ત્યાં સુધી ધરતી ધ્રુજે.

સૂર્યમાંથી આવતાં પ્રકાશ અને ગરમી શું છે એ બાબતની તપાસ કરવામાં પણ ફ્રાંકલિને ખુબ રસ લીધેલો. એક વખત તેને એવી ઇચ્છા થઇ કે જુદાજુદા રંગ ઉપર તડકાની થતી અસર તપાસવી. આ માટે તેણે જુદાજુદા રંગની તકતીઓ લઇ બરફ પર મુકી. ઉપરથી સૂર્યનાં કિરણ પડતાં હતાં. તેણે જોયું કે કાળી તકતી સૌથી પહેલી બરફમાં ઉંડી ઉતરી ગઇ, તે પછી ઘેરી આસમાની તકતી અને એમ છેવટે ફક્ત ધોળી તકતી જ લગભગ હતી તેવી ને તેવી સ્થિતિમાં રહી. જુદાજુદા રંગની તકતીને બરફમાં ઉતરતાં લાગેલા વખત ઉપરથી તેણે જણાવ્યું કે જુદાજુદા રંગોમાં ગરમીનું આકર્ષણ કરવાની શક્તિ એકસરખી નથી. તે કહે છે કે 'આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે સખત ઉનાળામાં માણસે ધોળાં કપડાં પહેરવાં જોઇએ;' અને આ કથનમાં તેણે પાછળથી ઉમેર્યું '—જો ધોળાં કપડાંને સ્વચ્છ રાખવાનો કોઈ ઉપાય હાથ લાગે તો.'

ફ્રાંકલિનના જીવનની આ એક જ બાજુ આટલી બધી રસિક છે તો પછી આખું જીવન તો કેવું વૈવિધ્યવાળું અને સુંદર હશે એ સહેજે કલ્પી શકાય એવું છે. તેના જીવનની અનેક ખાનગી અને જાહેર પ્રવૃત્તિઓ તપાસતાં આપણને તરત જ જણાઇ આવે છે કે તેનામાં જીવનની નૈતિક, આધ્યાત્મિક અને પાર્થિવ બાબતોની સમજશક્તિ અત્યંત ઉંચા પ્રકારની હતી. મનુષ્ય સ્વભાવનો તો તે ભારે પરખંદો હતો. એક વાર ચુંટણીમાં તેની સામે ઉભા થએલા હરીફને તેણે પોતાનો મિત્ર બનાવીને હરીફાઇમાંથી દૂર કર્યો હતો.

તેને પહેલેથી જ સંગીતનો ખુબ શોખ હતો. આંગળાંથી વગાડી શકાય એવું 'આર્મોનિકા' નામનું વાજીંત્ર તેણે બનાવ્યું. આમાં ૯ થી ૩ ઇંચ વ્યાસ-વાળાં ચડઉતર માપનાં કાચનાં અર્ધ ગોળાકાર કુંડાં એક ધરી ઉપર ફરતાં રાખેલાં હતાં. આ કુંડાંને વાદળીથી ભીંજાવીને ઉપર આંગળાં ફેરવવામાં આવે તો સુંદર સંગીત ઉત્પન્ન થતું. 'આર્મોનિકા' વિષે તે કહેતો કે તેના સૂર એક વાર મેળવ્યા પછી વારંવાર મેળવવાની જરૂર નથી રહેતી.

તેની ઘણીખરી શોધો અને પ્રયોગોમાં તેને કાચની સાથે ખુબ લેણાદેણી હતી. બેવડા કાચનાં ચશ્માંની પહેલી શોધ પણ તેણે જ કરી. જોવાનાં અને વાંચવાનાં એમ બે જુદાંજુદાં ચશ્માં તે પાસે રાખતો. આથી ઘણી વાર ભુલથી એકને બદલે બીજાં ચશ્માં હાથમાં આવી જતાં. ખાસ કરીને ખાણા ઉપર તેને બહુ મુશ્કેલી પડતી. ખોરાક પણ જોવો અને સાથે બેઠેલાઓનાં મોં પણ નિહાળવાં એ બંને એકી સાથે ન બની શકતું; આથી તેણે પારીસમાં ખાસ અંગત દેખરેખ નીચે એક જ ચશ્મામાં અર્ધા ભાગમાં જોવાના અને અર્ધા ભાગમાં વાંચવાના કાચ નખાવ્યા. આ ચશ્માં


ફ્રાંકલિને શોધેલાં જોવા-વાંચવાનાં ચશ્માં.

ચડાવીને ફક્ત ડોળાને ઉંચોનીચો કરીને તે બંને કામ કરી શકતો. આ ચશ્માંની મદદ વડે, તે કહે છે કે, વાત કરનાર માણસના ચહેરા ઉપરથી પોતે ફ્રેંચ ભાષા જલદી સમજી શકતો.

તેના ‘પૂઅર રિચર્ડ’ પંચાંગને તો ફ્રેંચ પ્રજાએ હર્ષભેર વધાવી જ લીધું હતું; પણ જ્યારે તેના કર્તાએ જાતે ફ્રાન્સની ભૂમિ ઉપર પગ મુક્યો ત્યારે તો એ આખી પ્રજા ગાંડીતુર બની ગઈ. નાનાંમોટાં, ગરીબ તવંગર, સૌ તેને જોવા, માન આપવા અને તેની સાથે વાત કરવા ઉલટ્યાં હતાં. રોજ એકાદ ઉમરાવની ગાડી તેમને માટે તૈયાર જ હોય. તે બહાર નીકળે ત્યારે લોકો બારીમાંથી ડોકિયાં કરીકરીને જુએ, અને રસ્તામાં પણ અસંખ્ય લોકો તેને જોવા ભેગા મળે. નવીનવી શોધ કરનારાઓ પોતે કરેલી શોધો તેને બતાવવા તથા તે વિષે તેનો અભિપ્રાય જાણવા આવતા. ફીલસુફો પોતાના જીવનસિદ્ધાંતો તેની પાસે રજુ કરવા આવતા અને તેના ખરાખોટાપણાની ખાતરી કરી જતા. તેના બોલેલા શબ્દો બહુ ઝડપથી કર્ણોપકર્ણ આખી પ્રજામાં ફેલાઈ જતા. તેનાં લખાણોનાં તરત જ ભાષાંતર થઇને વહેંચાઈ જતાં. તેના ઉપર તો અનેક કાવ્યો રચાયાં અને એક લેખકે તો તેને વિષે લખ્યું કે ‘તેણે રાજાઓના હાથમાંથી રાજદંડ ઝુંટવી લીધા છે અને આકાશમાંથી વિજળીને ઝુંટવી આવની પર આણી ઉતારી છે.’ ખુદ ફ્રાન્સના રાજાએ તેને મુલાકાતનું માન આપ્યું અને



પ્રણામ

: દ્રુતવિલંબિત :

તિમિર અંતરમાં પથરાયલાં,
વિજળડી ચમકી ચમકી જરી
પલકમાં દહવા ઉરમાં સરી:
અહહ ! તો ય તને પ્રણમું ઈલા !

ગહન ભાર—હિમાલય શી શિલા,
નયન પાંપણ આ નવ ઉઘડે;
હૃદય દુ:ખભર્યું વસમું રડે:
અહહ ! તો ય તને પ્રણમું ઇલા !

ભગિનિ ! અંત હવે જવું એકલાં,
શ્વસન આ અહીં શાંતિ—અશાંતિથી
જીવનને ઘસડે વિધિ–સારથિ !
જીવન–અંત પ્રણામ તને ઈલા !

ચન્દ્રવદન મહેતા

મેસ્મેરિઝમના પ્રયોગથી દરદીઓને સાજા કરતા ડૉ. મેસ્મરના જાદુઇ ઉપચારોની બાબતના તપાસપંચમાં તેને નીમ્યો. આ તપાસપંચમાં ફ્રાંકિલનની સેવા અમૂલ્ય હતી. આ તપાસપંચે જાતે દરેકદરેક બાબતમાં ઉંડા ઉતરીને અને પંચના સભ્યો ઉપર પ્રયોગો અજમાવીને છેવટે ડૉકટરની વિરુદ્ધમાં રીપોર્ટ રજુ કર્યો અને લખ્યું કે આ જાતના પ્રયોગોથી લાભ તો નથી જ થતો, પણ ઉલટી બહુ જ માઠી અસર થાય છે.

ફ્રાંકિલન જેટલી છુટથી પ્રયોગશાળામાં સાધનોનો ઉપયોગ કરતો તેટલી જ છુટથી જીવનવ્યવહારમાં એ શબ્દો વાપરતો. એ કોઈ પણ વિષયની ચર્ચા કરે, પણ તેમાં ભાષાનો અસ્ખલિત પ્રવાહ ચાલ્યો જ આવતો. વિજ્ઞાનના કોઇ પણ પ્રયોગનું વર્ણન કરવું તેને મન તે પ્રયોગ કરી દેખાડવા કરતાં વધુ સહેલું હતું.

દુનિયાના દરેક સ્થળેથી જુદાજુદા પ્રયોગો કે કુદરતી બનાવોનાં વર્ણન કરતા પત્રો તેની ઉપર આવ્યા કરતા અને તેમાંથી તેને નવા પ્રયોગો માટે પુષ્કળ સાહિત્ય મળી રહેતું. સંધ્યા સમયે સૂર્યના પ્રભામંડળનું તે ખુબ અવલોકન કરતો. આકાશમાં છવાઇ રહેલાં વાદળાંમાં પુરાતા અનેક રંગો અને પ્રકાશસ્થંભો તે નિહાળ્યા કરતો. આકાશમાં થતાં ગાજવીજ અને પવનનાં તોફાનોમાં તે રસપૂર્વક રોકાઇ રહેતો અને મિત્રોને કાગળો લખીને, પોતે ફિલાડેલ્ફિયામાં જોએલાં દશ્યો કયાં કયાં અને કયારે દેખાતાં તે પુછાવતો.

વના એમણે વિધવાશિક્ષણ તરફ પોતાની શક્તિ વાળી.

૩

એ કાળમાં વિધવાશિક્ષણ એ એક નવો જ કોયડો હતો. લોકસમાજ એની આવશ્યકતાથી બેખબર હતો, સુશિક્ષિત સમાજ આંખ આડા કાન કરતો અને સ્થિતિચુસ્તો તો એ વિચારથી જ ભડકતા.

આવી કઢંગી પરિસ્થિતિમાં મહારાષ્ટ્રનાં એક સુપુત્રી પંડિતા રમાબાઇએ આ કાર્યને પોતાનું જીવનકાર્ય બનાવી મુકી પહેલાં મુંબાઇમાં અને પછી પૂનામાં 'શારદા સદન' નામની સંસ્થા કાઢી વિધવાશિક્ષણની શરૂઆત કરેલી. એ જ વખતે બીજો પ્રયત્ન બંગાળમાં થયો હતો. પુણ્યશ્લોક ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરના પરમ ભક્ત બાબુ શશિપાદ બૅનરજીએ ૧૮૮૭માં કલકત્તા પાસે બારાનગરમાં પોતાને ઘેર એક નાનકડું વિધવાગૃહ સ્થાપી એ કાર્યનો પાયો નાખ્યો હતો. અને ત્રીજી શરૂઆત રાજમહેન્દ્રીવાળા રા. બ. વીરેશ લિંગમ પંતલુએ મદ્રાસમાં એક વિધવાગૃહ સ્થાપી કરી હતી.

પંડિતા રમાબાઇ પોતે ખ્રિસ્તી હોવાથી અને ખ્રિસ્તી ધર્મના પ્રચારનો કંઇક છુપો ઉદ્દેશ હોવાથી 'શારદા સદન' ઉપરથી લોકોનો વિશ્વાસ ઊઠી ગયો. એવે વખતે મહારાષ્ટ્રમાં વિધવાશિક્ષણની પ્રવૃત્તિને નિષ્કામ ભાવે પોતાની કરી લેનાર કર્વેએ પોતાની જીવનશક્તિના વેગથી એ કાર્યની નાવ હંકારી.

ઇ. સ. ૧૮૯૬ના જુન માસની ૧૪મી તારીખે ડૉ. સર રામકૃષ્ણ ભાંડારકરના પ્રમુખપણા નીચે 'અનાથ બાલિકાશ્રમ' માટે એક વગદાર સમિતિ બનાવી કર્વેએ પોતાના જીવનકાર્યની શરૂઆત કરી. પોતે કંઇ પણ આપ્યા વિના આ સંસ્થા માટે બહારથી મદદ માગવી એ ઇષ્ટ નથી એમ જાણી એમણે પોતે કરકસર કરીને બચાવેલા રૂ. ૧૦૦૦ એમાં પહેલા મુકયા અને પછી જાહેર અપીલ કરી. શરૂઆતનાં બેત્રણ વર્ષ તો એમણે ફંડ ઉઘરાવવાની, પ્રચારકાર્યની તથા જે વિધવાઓની અરજી આવે તેમને શિષ્યવૃત્તિ આપવાની જ હીલચાલ કરી.

આવી રીતે શિષ્યવૃત્તિઓ લઇ સાત વિદ્યાર્થિનીઓ ફીમેલ ટ્રેનિંગ કૉલેજમાં અને હાઇસ્કુલમાં ભણતી. આખરે ૧લી જાન્યુઆરી ૧૮૯૯ને દિવસે શ્રી કર્વે અને આનંદીબાઇએ પૂનાના સદાશિવ પેઠમાં એક નાના શા મકાનમાં એક વિધવાથી 'અનાથ બાલિકાશ્રમ'ની શરૂઆત કરી.

પણ આશ્રમ શહેર બહાર હોવો જોઇએ એવું માનનાર કર્વેને શહેર પસંદ ન પડયું. આખરે રા. બ. ગોખલે નામના એક ઉદાર ગૃહસ્થે હિંગણેનાં પોતાનાં ઝુંપડા આપી દીધાં, અને કર્વેએ ૫૦૦ રૂપિયા ખર્ચી કામચલાઉ ઝુંપડાં સુધરાવી આશ્રમને ત્યાં ખસેડયો. આખો દિવસ કૉલેજનુ કામ પુરૂં કરી સાંજરે આશ્રમમાં જવું અને સવારે પાછા આવવું આ કાર્યક્રમ શરૂઆતમાં ઘણાં વર્ષ ચાલ્યો. પછી તો વિદ્યાર્થિનીઓ વધીને આઠ થઇ અને આનંદીબાઇ ઉપરાંત કર્વેનાં સાળી પાર્વતીબાઇ આઠવલે પણ એમને મદદ કરવા આવી મળ્યાં.

આ આશ્રમનો ચિતાર કર્વે પોતાના શબ્દોમાં આપે છેઃ 'ચોમાસામાં રસ્તો કાદવ કીચડથી ખરાબ થઇ જતો. આવો ખરાબ રસ્તો હોય છતાં હું જવાનું ચુકતો નહિ. વખત થાય કે સર્વ આશ્રમવાસીઓ મારા આવવાના રસ્તા તરફ મીટ માંડી રહેતા અને હું નજરે પડયો કે ખુશ થતા. હું ત્યાં જાઉં એટલે ખભે સામાનનો ભાર તો હોવાનો જ. ચોમાસામાં તો અમારા ત્રાસની સીમા જ નહિ. ઘરનાં છાપરાં ઉપરથી નળિયાં ચુવે. અમારે અંદર કામળા અને બીજું એવું કંઇક પાથરી સુવું પડે. ચારે તરફ કાદવ, પથરા અને બાવળના કાંટા એ અમારી સમૃદ્ધિ. પણ આ કાર્ય દિલની દાઝનું અને સ્વયંસ્ફૂર્તિનું હતું એટલે આ કષ્ટને અમે હર્ષપૂર્વક વધાવી લેતા. કેટલીક વખત તો અંતઃકરણ ભરાઇ જાય, આંખમાંથી આંસુ ચાલ્યાં જાય છતાં હૈયું કઠણ કરીને પગને આશ્રમને માર્ગે કુચ કરાવતો હું પ્રભુ ઉપર શ્રદ્ધા રાખીને ચાલ્યો જાઉં.'

પછી તો ધીરેધીરે વિદ્યાર્થિનીઓ વધી, ફંડ વધ્યું અને આશ્રમનું પોતાનું મકાન થવાનું સુભાગ્ય આવ્યું.

ફંડ ઠીક થયું; પણ મકાન બંધાવવામાં પૈસા હજી ખુટતા હતા. કર્વેએ પોતાના જીવનની વીમા પૉલિસી ઘરેણે મુકવા ઠરાવ્યું, પણ એટલામાં અણધારી મદદ આવી પહોંચી અને પૉલિસી બચાવી શકાઈ. પણ કર્વેને હવે એ પૉલિસી પોતાની ન લાગી. વિચારમાં તો એમણે એ આશ્રમને જ અર્પણ કરી દીધેલી.

ઉંચા મિનારા પર નાની ઓરડીમાં વિજળીનું ગોળ સ્ટેન્ડ રાખી તેમાંથી ૨૫-૩૦ ફુટ લાંબો અણિયાળો લોઢાનો સળિયો બહાર ઉંચે કાઢશો. તે ઉપરથી વાદળાં પસાર થશે ત્યારે સળિયો આકાશની વિજળીને ઓરડીમાં ખેંચી લાવશે અને સ્ટેન્ડ પર ઉભેલા માણસમાંથી તણખા નીકળશે.





ઉત્તરાવસ્થામાં જગવિખ્યાત થયા પછી ફ્રાંકલિન પોતાની પ્રયોગશાળામાં

લાંબી મુસાફરીએ જતા વહાણવટીઓ તરફથી તેને ખબર મળતા કે આવા પ્રકાશસ્થંભો અને લાંબો વખત દેખાતા સંધ્યાના રંગો પૃથ્વીની મધ્યરેખા એટલે વિષુવવૃત્ત ઉપર આવેલા દેશોમાં નથી દેખાતા, અને ઉત્તર તરફ ૪૦ અક્ષાંશથી વધારે અક્ષાંશવાળા પ્રદેશોમાં ભાગ્યે જ દેખાય છે. આ બધા જવાબો ઉપરથી સંધ્યાના રંગોનાં મુળ કારણની શોધ કરતાં, વાદળાંમાં વિજળીના અસ્તિત્વને લીધે આમ થાય છે એમ તેણે નક્કી કર્યું.

એક વખત ફ્રાંકલિન પોતાની પ્રયોગશાળામાં બેસીને પુઠાંનાં વાદળાં બનાવી છતમાંથી નીચે લટકાવતો હતો. આ વાદળાંને હીરની દોરીથી બાંધીને તેમાં પોતાના કાયમના સાથી ભુચના કે લાકડાંના કટકા તેણે લટકાવ્યા. પછી પોતાના નાના યંત્રથી તેમાં વિજળીનો સંચાર કરતાં જ ભુચ એકબીજાથી દૂર ભાગતાં તેણે જોયાં. એ ભુચને અગાઉથી પાણીમાં ભીંજવીને લટકાવતાં તેમાંથી પાણીનાં ટીપાં ખરી પડવા લાગ્યાં. આ ઉપરથી ફ્રાંકલિને જણાવ્યું કે 'ગાજવીજ વખતે વિજળી થતાં વાદળાંમાંથી વરસાદ ખરી પડે છે તે આવી જ રીતે.' આને આધારે તેણે સિદ્ધાંત તારવ્યો કે એકબીજાથી વિરુદ્ધની શક્તિવાળાં બે વાદળાંઓ આકાશમાં ભેગાં થતાં જ ગાજવીજ થાય છે અને તેના આંચકાથી વરસાદના મોટાં ટીપાં તેમાંથી નીચે પડવા માંડે છે. આજે તો આપણે જાણીએ છીએ કે વરસાદનાં મોટાં ટીપાં પડવાનું કારણ ગર્જના નહિ પણ ફક્ત વિજળી જ છે. આ રીતે જોકે ફ્રાંકલિનનો આ સિદ્ધાંત સાચો નથી ઠરતો; પણ પ્રયોગો પાછળ તે કેટલી બુદ્ધિ દોડાવતો એ આ ઉદાહરણ સમજાવે છે.

કોલિન્સને ફ્રાંકલિનના બધા પત્રોનો સંગ્રહ છપાવ્યો હતો. આમાંથી ફ્રાંકલિનની એક જ નોંધ ઉતારવી બસ થશે. 'નવેમ્બર ૭ મી, ૧૭૪૯: મનુષ્યે ઉત્પન્ન કરેલ વિજળીનો પ્રવાહ આકાશની વિજળી સાથે નીચેની બાબતોમાં મળતો આવે છે. (૧) પ્રકાશ આપે (૨) પ્રકાશનો રંગ ધરાવે (૩) આડીઅવળી ગતિ ધરાવે (૪) ઉતાવળી ગતિ ધરાવે (૫) ધાતુઓમાંથી પસાર થવાની શક્તિ ધરાવે (૭) પાણી અગર બરફમાં ભરાઈ રહે (૮) જે વસ્તુમાંથી તે પસાર થાય તેને તોડી નાખે (૯) પ્રાણીઓનો નાશ કરે (૧૦) ધાતુઓને ગાળી નાખે (૧૧) સળગી ઉઠે એવા પદાર્થોને બાળી મુકે (૧૨) ગંધક જેવી

ગ્રંથ.' આ વિગતો વાંચીને આપણે સહેજે સમજી શકીએ કે ફ્રાંક્લિન ઉતાવળથી કે પુરો વિચાર કર્યાં વગર કોઇ પણ બાબતના નિર્ણય ઉપર આવતો નહિ.

વિજળી પડવાથી જાનમાલને થતાં નુકસાન જોઇને તેનો ઉપાય શોધવા માટે ફ્રાંક્લિન ભારે વિચારમાં પડી ગયો. એકદમ તેને આગલા પ્રયોગોમાં વાપરેલા અણીવાળા સોયા યાદ આવ્યા અને તેણે પોતાના અંગ્રેજ મિત્ર કોલિન્સનને લખ્યું કે 'મકાનો, દેવળો, વહાણો વગેરેને વિજળીથી બચાવવા માટે શું આપણને અણીવાળી વસ્તુઓ વિષેનું જ્ઞાન ઉપયોગી ન થાય? મકાનના ઉંચામાં ઉંચા ભાગ ઉપર લોઢાના સળિયા ઉભા ખોડીને તારથી તેને જમીન સાથે અગર વહાણમાં પાણી સાથે જોડી દઇએ તો તે વાદળાંમાંથી વિજળીને વગર હરકતે જમીન કે પાણીમાં ઉતારી દઇને આપણને તેની વિનાશક અસરમાંથી શું ન બચાવી શકે?'


ફ્રાંક્લિન આથી પણ એક ડગલું આગળ વધ્યો. 'જો પ્રવાહી વિજળીને અણીવાળી વસ્તુ ખેંચી લે છે તો આકાશમાં ભરાઇ રહેલી વિજળીને પણ એવી જ રીતે ખેંચી શકાય કે કેમ એ બાબત હજી આપણે પ્રયોગ નથી કર્યો. પણ જ્યારે આટલી બધી બાબતોમાં સરખાપણું છે ત્યારે આ બાબતમાં પણ તેમ હોવું જ જોઇએ.' નોંધ પુરી કરતા ફ્રાંક્લિન લખે છે કે 'એનો પ્રયોગ કરી જોવો જોઇએ.' અને તરત જ આ નવા પ્રયોગની યોજના એણે તૈયાર કરી નાખી.

એકાદ ઉંચા મિનારા ઉપર સંત્રી ઉભો રહી શકે એવડી એક ઓરડી બનાવવી. એ ઓરડામા વિજળીનું એક ગોળ સ્ટૅન્ડ રાખી તે ઉપર સંત્રીને ઉભો રાખવો. સ્ટૅન્ડની વચ્ચેથી, છેડે અણીવાળો લોઢાનો એક લાંબો સળિયો ઓરડીની બહાર કાઢીને ૨૫-૩૦ ફુટ ઉંચે સુધી લઇ જવો. જો વિજળીનું સ્ટૅન્ડ બીલકુલ સ્વચ્છ અને સુકું હોય તો ઉપરથી વાદળાં પસાર થાય ત્યારે તેના ઉપર ઉભેલા માણસમાંથી તણખા નીકળવા જ જોઇએ; કારણકે લોઢાનો સળિયો વાદળાંમાંથી વિજળીના અગ્નિ ખેંચીને માણસ તરફ લાવે છે. જો માણસને કંઇ પણ ઇજા થશે એમ બીક લાગતી હોય (જોકે એવું નહિ જ થાય) તો માણસને તે સ્ટૅન્ડ ઉપર ઉભો રાખવાને બદલે બાજુમાં ઉભો રાખવો અને મીણના હાથાવાળો તારનાં ગુંચળાંનો છેડો હાથમાં રાખીને વારંવાર પેલા સળિયાને તેણે અડાડયા કરવો. તારનો બીજો છેડો સ્ટૅન્ડ સાથે જોડેલો રાખવો કે જેથી તારને વિજળી લાગે તો પણ તેના તણખા માણસને જરા યે નુકસાન ન કરે.'

ફિલાડેલ્ફિયામાં આ પ્રયોગને લાયક કોઈ ઉંચો મિનારો તો ફ્રાંક્લિનને મળે એમ નહોતો. પણ જે કંઇ નવું સુઝે તે કોલિન્સન મારફત આખી દુનિયાને જણાવી દેવાની ફ્રાંક્લિનની ટેવને લીધે, (જોકે વિલાયતની રૉયલ સોસાએટી આ અખતરો કરી જોવા તૈયાર ન થઈ પણ) બે સાહસિક ફ્રેન્ચમેન તે હકીકત પ્રમાણે પ્રયોગ કરવા પ્રેરાયા.

દ'આલિબાર્ડ અને દ'લોર નામના બે ફ્રેન્ચ વૈજ્ઞાનિકોએ એક ઇંચ વ્યાસનો પચાસ ફુટથી પણ વધુ લાંબો સળિયો પારીસના એક સુંદર બગીચામાં ઉભો કર્યો. કેટલાક દિવસ સુધી તેમણે રાહ જોઇ પરંતુ એક પણ વાદળું ન દેખાયું. આથી કંટાળી જઇને બંનેએ એક ચોકિયાતને તેની તપાસ રાખવા અને વાવાઝોડાનું તોફાન થાય ત્યારે ખબર આપવા માટે ત્યાં રોક્યો. વાદળા ઘેરાયા અને કોઇને પુછયા કારવ્યા વગર પેલા ચોકિયાતે સળિયાને તાર અડાડયો. તરત જ કડકડાટ કરતો અવાજ થયો અને ચારે બાજુ તણખા ઉડયા. ચોકિયાતને બીક લાગી કે પોતાનું આવી જ બન્યું. એ બીકમાં ને બીકમા તે બેશુદ્ધ થઇ નીચે પડયો. તેને મરી ગયો જાણીને પાદરીને બોલાવવામાં આવ્યો, પણ પાદરી આવ્યો ત્યારે તો એ શુદ્ધમાં આવ્યો હતો! બધી વાતની જાણ થતાં પાદરીએ જાતે કેટલાક પ્રયોગ કરી જોયા અને પછી ત્યાં હાજર ન રહી શકેલા પેલા બે વૈજ્ઞાનિકોને તેણે આ હકીકત લખી જણાવી. દ'આલિબાર્ડે જાહેર કર્યું કે ફ્રાંક્લિનની વાત કેવળ કલ્પના જ નહિ પણ સત્ય હકીકત હતી, અને આખા યુરોપે-તથા હવે તો વિલાયતની રૉયલ સોસાએટીએ સુદ્ધાં-વાદળાની વિજળી અને મનુષ્યે ઉત્પન્ન કરેલી વિજળી બંને એક જ છે, એમ સ્વીકાર્યું.

આમ છતાં ફ્રાંક્લિનને આથી સંતોષ ન થયો. એને લાગ્યું કે પચાસ કે સો ફીટ ઉંચા સળિયામા વિજળી



આકાશની વિજળીને પૃથ્વી પર આણી ઉતારતો ફ્રાંક્લિન

દાખલ થાય તેથી કંઇ એમ સિદ્ધ નથી થતું કે વાદળાંમાં જ વિજળી રહે છે. નીચામાં નીચું વાદળું પણ સો ફીટથી ઉંચું તો હોય જ અને તેથી આ સળિયો વાદળાંને અડકી જ ન શકે. ફ્રાંક્લિનને લાગ્યું કે કોઇ એવો પ્રયોગ થવો જોઇએ કે જેને પરિણામે શંકાને જરા યે સ્થાન ન રહે. અને તે પ્રયોગ વાદળાંમાંથી વિજળી ખેંચી લાવવા માટે કંઇક વસ્તુને ઉંચે મોકલવા સિવાય બીજો કોઇ જ ન હોઈ શકે.

તેણે એક ખુબ લાંબો સળિયો ઉંચો ઉભો કર્યો અને એ સળિયાને નીચલે છેડે કેટલીક ઘંટડીઓ રાખી. જ્યારે વાદળાં ઘેરાય ત્યારે સળિયા મારફત નીચે આવતી વિજળીથી આ ઘંટડીઓ વાગતી. બે વખત વાવાઝોડાના તોફાન થયાં પણ એ વખતે ફ્રાંક્લિન પોતે ઘેર નહોતો. આથી તેણે ઘેર સુચના આપી કે હવે તેની ગેરહાજરીમાં જ્યારે ઘંટડી વાગે ત્યારે બાટલીમાં થોડીક વિજળી ભેગી કરી લેવી. ફ્રાંક્લિન લખે છે કે 'આ પ્રમાણે એ લોકોએ વિજળી ભેગી કરી રાખી તો ખરી, પણ હું આવું તે પહેલાં તો તેમાંની ઘણીખરી વિજળી વહી જતી હતી.'

આથી ફ્રાંક્લિન ખુબ નિરાશ થયો. ફિલાડેલ્ફિયાનો આ મહાન શહેરી પોતાની પ્રયોગશાળામાં ગોઠણ ઉપર હાથ મુકી ઉંડો વિચાર કરતો બેઠો. આસપાસ કાગળ, દોરી, સુતળી, રેશમના કુચા વગેરે સાધનો વેરાએલાં પડ્યાં હતાં. ફ્રાંક્લિનના મિત્રો આ જોઇને તેના મગજની સ્થિતિ વિષે વિચારમાં પડી ગયા. કારણકે તે અવનવી શોધો કરનારો હતો એ ખરૂં, પણ જો તેનું મગજ ઠેકાણે હોય તો મોંમાં ટાંકણી રાખીને પહેરણની બાંય ચડાવતો ને ઉતારતો તે ન બેસે. આ ઉપરથી ફ્રાંક્લિનમાં યુવાનના જેટલો તનમનાટ હતો એ સહેજે સમજી શકાશે; કારણકે જુવાનિયા વગર બીજા કોને ખ્યાલ સરખો યે આવે કે વાદળાંમાંથી વિજળી ખેંચી લાવવા માટે પતંગને મોકલવી ?

તેનો આ છેલ્લો પણ અતિ મહત્ત્વનો પ્રયોગ તેના જ શબ્દોમાં જાણવો વધુ ઠીક પડશે. 'લાકડાની બે તદ્દન હલકી પટ્ટીને ચોકડી આકારે ગોઠવીને તેના છેડા એક પહોળા રેશમી રૂમાલના ચારે છેડા સાથે બાંધી દેવા. આ રીતે જે પતંગ તૈયાર થાય તેને દોરી, પુછડું વગેરે બાંધવાથી કાગળના સામાન્ય પતંગની જેમ તે પણ હવામાં ઉડશે. આ પતંગને ઉપલે ખુણે બેએક ફુટ લાંબો અણીદાર તાર ઉભો રહે તેમ બાંધવો અને દોરીને છેડે એક રેશમી પટ્ટી બાંધવી. દોરી અને પટ્ટી ભેગાં થતાં હોય ત્યાં એક કુંચી બાંધી શકાય. પવનનું તોફાન થવાનો સંભવ જણાય ત્યારે આ પતંગ ઉડાડવી. દોરી પકડનાર માણસે બારીમાં કે છાપરા નીચે ઉભા રહેવું કે જેથી પેલી રેશમી પટ્ટી ભીંજાય નહિ. બારી કે બારણાનાં ચોકઠાંને દોરી ન અડે તેની સંભાળ રાખવી. વાદળું પતંગ ઉપર આવતાં વાર જ અણીવાળો તાર તેમાંથી વિજળી ખેંચશે. આ વખતે પતંગ અને દોરીમાં વિદ્યુતપ્રવાહ ચાલુ થશે. વરસાદથી પતંગ અને દોરી ભીંજાઇ જશે ત્યારે તો તેમાંથી વિજળી પુષ્કળ પ્રમાણમાં વગર હરકતે ઉતરવા માંડશે. આ વખતે કુંચીના ઉપયોગથી બૅટરીની શીશીમાં વિજળી ભરી લેવાશે.'

રૂમાલ રેશમનો જ શા માટે હોવો જોઇએ એનું કારણ આપતાં તે કહે છે કે પવન અને પાણીને લીધે બીજો રૂમાલ ફાટી જાય.

આ પ્રયોગ કર્યો તે દિવસે હવા કેવી હતી એ

બાબતનો કંઇ પણ ખુલાસો ઇતિહાસમાંથી કે તેના જીવનચરિત્રમાંથી નથી મળતો. વિજ્ઞાનવિશારદોએ આજે પણ પતંગનો આ પ્રયોગ કરી જોયો છે અને હવા સ્વચ્છ હોય ત્યારે પણ તેમને તેમાં સફળતા મળી છે. જો ફ્રાંક્લિને પણ સ્વચ્છ હવાવાળે દિવસે આ પ્રયોગ કર્યો હોત તો વાદળાં ન હોવા છતાં આકાશમાંથી વિજળીને આકર્ષવા જેવી મહત્ત્વની હકીકત જાહેર કર્યા વગર એ ન જ રહેત. વળી જો તેણે ભારે તોફાન વચ્ચે આ પ્રયોગ કર્યો હોત તો પ્રયોગને અંતે એ જીવતો પણ ન રહ્યો હોત. ઇતિહાસકારો કે તેનું જીવનવૃત્તાંત લખનારાઓએ આ બાબતની પાકી નોંધ નથી રાખી. ફ્રાંક્લિને પોતે પણ પ્રયોગ કર્યાની તારીખની નોંધ ક્યાંયે નથી રાખી, કે જે ઉપરથી તે દિવસની હવા કેવી હતી એની માહીતી મેળવી શકાય.

ફ્રાંક્લિનના આ પ્રયોગનું વર્ણન કરતાં તેનો જ સમકાલિન ડૉ. સ્ટુઅર લખે છે કે તેના આ પ્રયોગની સફળતા ઉપર જ તેણે પ્રતિપાદન કરેલા સિદ્ધાંતના સત્યાસત્યપણાનો આધાર હતો. જો તેને ફતેહ મળે તો વિજ્ઞાનના ઇતિહાસમાં તેનું નામ સુવર્ણાક્ષરે લખાય, જો નિષ્ફળ જાય તો લોકોના તિરસ્કારને તે પાત્ર થાય. જ્યારે તેનો પ્રયોગ સફળ થયો ત્યારે તેના મનમાં કેવી લાગણી થઈ હશે ! જે વેળા તેના કથન વિષે અનેક શંકાકુશંકાઓ થવા માંડી હતી તેવે વખતે તેની આ હકીકત એવી તો સચોટ રીતે સિદ્ધ થઈ હતી કે ગમે તેવા શંકાશીલને પણ તે માન્યા વગર છુટકો નહોતો. તેના જીવનની કઇ ક્ષણ આ અમુલ્ય ઘડી સાથે સરખાવી શકાય એવી હશે ?

તેના જીવનમાં એક બે બીજા મહત્ત્વના પ્રસંગો આવ્યા હતા ખરા. વિલાયતની પાર્લામેન્ટના ગુંચવણભર્યા સવાલોના જવાબ આપવાની કસોટીમાંથી પસાર થવું એ કંઇ જેવીતેવી વાત નથી. તેમજ અમેરિકન કૉન્સ્ટિટ્યુશનલ કન્વેન્શન (રાજબંધારણ પરિષદ) માં ઉભા થઇને સરખા મતાધિકાર અને પ્રતિનિધિત્વ માટે સૂચના કરી તેની મારફત હાલની અમેરિકન રાજકીય સેનેટના બંધારણનું બીજ રોપવું એ પણ એટલા જ મહત્ત્વની બાબત છે. પણ ગાજવીજ અને તોફાનની વચ્ચે આકાશની વિજળી જોડે અખતરા કરવા જાનના જોખમે એકલા ઉભવું અને એ ભયંકર પ્રયોગને સફળતાથી પાર ઉતારવો એની તોલે તો કોઇ પ્રસંગ ન આવે.

ફ્રાંક્લિનની આ અનન્ય ને અમૂલ્ય શોધને પરિણામે આપણે આશા રાખીએ કે એક દિવસ એવો પણ ઉગશે કે જ્યારે દુનિયાના ઉપયોગની વિજળી ઉત્પન્ન કરવા સારૂ અત્યારે વપરાય છે તેવાં ડાયનેમો કે એન્જિનની જરૂર ન રહેતાં આકાશની વિજળીનું આહ્વાન કરી તેને નીચે ઉતારી બૅટરીમાં પુરી શકાશે અને દેવલોકની એ બાપણ શક્તિ પૃથ્વીના માનવોના દીવા કરવા, રસોઈ કરવા, કારખાનાં રેલ અને આગબોટો ચલાવવા, જ્યારે જરૂર પડશે ત્યારે દાસી બનીને તહેનાતમાં હાજર રહેશે.

મુદ્રક મુત્સદ્દી ને શોધક, લેખક રાજનીતિનિપુણ અને અમેરિકાનો અગ્રયાયી વૈજ્ઞાનિક——આથી વિશેષ ફ્રાંક્લિનની કીર્તિને કળશ ચડાવવા શું જોઇએ ?

(અંગ્રેજી પરથી) **વેણીલાલ બૂચ**

ઉદ્બોધન

રણડંકા વાગે નવયુગના શૂરાને પડકારા——
ભેરીનાદ બજે બિરદાળા ગાજે અજબ દદામા——
આ ચેતન ચમક રસાળી,
અવનિ-નભ રહ્યાં અજવાળી.


મેદિનીઓ ઉભરાઇ ઉમળંકે અંતરસર છલકાણું;
કર્મયોગને શુભ ચોઘડીએ વાયું મંગલ વ્હાણું:
હો, બિરદ જ એક બધાનું,
કર્તવ્ય કરી છુટવાનું.

ઉમંગ, ઉદ્યમના સાહસથી સભર દિશાઓ દીસે;
'ધપો અગાડી' 'ધપો અગાડી' આભ તુટે બે ચાસે:
વીર હાકે—વીરની સાખે,
કાયર પણ હિમ્મત દાખે.

નવજીવનનાં વ્હેણઉછાળે શૂરા કુદશે વચ્ચે;
જો ઈશ્વર છે રખવાળો તો નડતર નહિ જ નડશે:
વીર! વધો વધો જી આગે—
દૃઢ ટેક ધરી અનુરાગે.

ચંદ્રકાન્ત મંગળજી ઓઝા

કુરબાની



સૂર્યનારાયણના અરધા અંગ પર ક્ષિતિજ-રેખા અંકાઇ ગઇ હતી. પંજાબનો એ લીલોછમ પ્રદેશ બાદશાહ ઔરંગઝેબના પ્રતાપથી સહેજ શુષ્ક થઈ ગયો હતો, તો ય તેનું મૂળ સૌંદર્ય લોપાયું નહોતું. હીલોળા લેતા એ ઘઉંનાં ખેતરો ઉપર સૂર્યનાં છેલ્લાં કિરણો પડતાં હતાં અને ખેતરોને સોનેરી સાગર શા દીપાવતા હતા.

સર્વત્ર શાંતિ હતી; પરંતુ મંથનભરી એ આંખો જ કેવળ અશાંત હતી. શાંત પ્રકૃતિમાં તે આંખોને ઠારવાની તાકાત નહોતી.

જુવાનીને પહેલે પગથારે પગ મુકતા સોળ વર્ષના ગુરુ ગોવિંદસિંહ દિલ્હી જવાના માર્ગ ઉપર ચાલ્યા જતા હતા. ગુરુનું પડછંદ શરીર ને ફાટતી છાતી સૌને મુગ્ધ કરતાં; કેવળ શત્રુને કંપાવતાં. કમ્મરે તલવાર લટકતી હતી: ખૂન ભરેલી નહિ, શાંતિ ભરેલી.

માર્ગમાં જ્યાંજ્યાં પાદશાહનો અત્યાચાર થએલો જોતા ત્યાંત્યાં તેમની આંખો વધારે તીવ્ર થતી ને ચહેરો ગમગીન બનતો. જોતજોતાંમાં તો સૂર્યનારાયણ ક્ષિતિજમાં સમાઇ ગયા અને ગોવિંદસિંહે પોતાનું ગૌરવભર્યું શિર નીચું ઝુકાવી વંદના કરી. દિલ્હીની મસીદોમાંથી બાંગના આછા અવાજો આવ્યા, અને ગોવિંદસિંહ વધારે ત્વરાથી આગળ ચાલ્યા.

કાફરોને મુસલમાન બનાવવામાં જ પોતાની સર્વ ફરજો સમાઇ જાય છે એમ માનનાર પાદશાહ ઔરંગઝેબે ગુરુ તેગબહાદુરને મુસલમાન થવા કહ્યું. શાંતિના દૂત સમા એ ગુરુએ પાદશાહની માગણી નાકબુલી. બાદશાહે પોતાનું છેલ્લુ અસ્ત્ર અજમાવ્યું: 'તેગબહાદુર, મુસલમાન નહિ બનો તો મરવું પડશે.' ગુરુ હસ્યા, 'ઔરંગઝેબ! બસ એટલુ જ કરી શકાશ કે!' અને એક મ્હાત કરે તેવી દૃષ્ટિ ફેંકી. ઔરંગઝેબ ફિક્કો પડી ગયો. તરત જ ફરમાન કાઢ્યું: 'વધ કરો આ કાફરનો. તેના શબને દિલ્હીના રાજમાર્ગ પર રઝળતું મેલો ને સડવા દો. તેની આસપાસ સખ્ત પહેરો રાખો.' ગુરુ તેગબહાદુર માત્ર હસ્યા.

તેના એક જ બોલ ઉપર હજારો શીખ પ્રાણ ન્યોછાવર કરવા તૈયાર હતા. પણ શાંતિના એ ફિરિસ્તાએ સૌને શાંતિ ઉપદેશી, અને હસતાંહસતાં મોતને વધાવ્યું. ગુરુ તેગબહાદુરના મરેલા મુખ ઉપર પણ હાસ્ય ફરકતું જોઇ ઔરંગઝેબ પછાડા મારતો રહી ગયો.

પિતાનો અંત્યેષ્ટિસંસ્કાર કરવાના ઇરાદાથી ગુરુ ગોવિંદસિંહ દિલ્હી શબ લેવા ચાલ્યા. તેના એકએક ડગલે મુગલ શહેનશાહત કાંપતી હતી. ગોવિંદસિંહ મળે તો જીવતો ન રહે એવી શાહી કરામત પથરાઇ ચુકી હતી. પરંતુ આ નિડર જુવાન શત્રુના શહેરમાં એકલો જતો હતો. દિલ્હીના ઝાંખા પડતા મિનારા જોઇને એ વિચારતો હતો કે મુગલ શહેનશાહત પણ આમ જ ઝાંખી પડતી જાય છે. સિતમ ગુજારનારી કોઇ પણ શહેનશાહત અમર તપી છે?

વિચારમાં ને વિચારમાં ગોવિંદસિંહને ભાન ન રહ્યું કે પોતે ક્યાં આવી પહોંચ્યા છે. ઓચિંતો કાને અવાજ આવ્યો. 'ગુરુદેવ!'

ગોવિંદસિંહે સામું જોયું તો કલ્યાણસિંહ અને ઇંદ્રજીત નમન કરી ઉભા હતા. દિવસ આખો પરસેવો ઉતારી સંધ્યાકાળે તેઓ ખેતરેથી પાછા ફરતા હતા. ઇંદ્રજીતના ખભા ઉપર ઘઉંના પોંકની પોટલી હતી. આજે તે પહેલો પોંક આખું કુટુંબ સાથે બેસીને ખાવાનું હતું.

'કોણ કલ્યાણસિંહ?'

'હા ગુરુદેવ!' કલ્યાણસિંહે ફરી નમન કર્યું. 'પણ આપ અત્યારે અહીં? જાણો છો ને કે આપ દિલ્હીની નજીકમાં જ છો?'

'હા કલ્યાણસિંહ, જાણું છું.'

'તો આપ એકલા ક્યાં જાઓ છો? શત્રુઓ

તો આપની પાછળ જ ભમ્યા કરે છે.'

'દિલ્હી જાઉં છું, કલ્યાણસિંહ!'

'દિલ્હી!' કલ્યાણસિંહ અને ઇંદ્રજીત સાથે બોલી ઉઠ્યા. 'આપ અત્યારે એકલા દિલ્હી જાઓ છો?' કલ્યાણસિંહે પ્રત્યેક શબ્દ ઉપર ભાર મુકી પ્રશ્ન કર્યો. તે બંનેના મુખ પર ચિંતામિશ્રિત આશ્ચર્યના ભાવ હતા.

'હા, હું અત્યારે એકલો દિલ્હી જાઉં છું.' ગુરુએ પણ પ્રત્યેક શબ્દ ઉપર ભાર દઇ ઉત્તર વાળ્યો અને ઉમેર્યું: 'જાણતો નથી! કલ્યાણ, બાપુના શરીરને પાદશાહે દિલ્હીના રાજમાર્ગ ઉપર ફગાવી દીધું છે ને તે ત્યાં સડે છે? કોઇને શબ લઇ જવાની રજા નથી. તેની આસપાસ સખ્ત પહેરો છે. એટલે મારે જવું જ જોઇએ ને?' ગોવિંદસિંહના મુખ પર તો તેવી જ શાંતિ હતી. કલ્યાણસિંહ કાંપી ઉઠ્યો. ઇંદ્રજીતે મુઠીઓ વાળી.

ગુરુ ગોવિંદસિંહની પ્રત્યેક રેખામાંથી ભવ્યતા ફુટતી હતી; શબ્દો શાંત હતા; આંખો પણ પહેલાં જેવી જ કરુણાભરી હતી. 'કલ્યાણ, હવે મુગલ શહેનશાહત વધારે નહિ ટકે. તેના સિતમોની સામે પૃથ્વી પોકાર કરે છે. જો, સામે જો, પેલાં ઉજ્જડ ખેતરો જો. બીચારા હિંદુઓ ત્રાસીને જમીન છોડી ચાલતા થયા છે. મુગલ શહેનશાહતને પણ પોતાની મહેલાતો છોડી આમ જ ચાલતા થવું પડશે.' ગોવિંદસિંહની આંખમાં જાણે અગ્નિ પ્રકટ્યો, હાથ મુઠ ઉપર પડ્યો.

'પણ ગુરુદેવ! અમે આપને નહિ જવા દઇએ.'

'કેમ, બાપુના દેહને હજી વધારે સડવા દેવો છે?' ગોવિંદસિંહે કલ્યાણસિંહ તરફ એક તીક્ષ્ણ નજર માંડી.

'ના, ના; આપને નહિ જવા દઇએ પણ અમે જશું.'

'અમે જશું.' ઇંદ્રજીત આગળ આવ્યો. 'ગુરુ તેગબહાદુરના શબને લેવા અમે જશું.'

ગોવિંદસિંહ કાંઈ ન બોલ્યા. કેવળ એક સ્મિતભરી દૃષ્ટિ તે બંને ઉપર નાખી.

'આપને—શીખોના એકમાત્ર આશાને આમ શત્રુના મોંમાં કેમ મુકાય? અમે જ જશું. આપને નહિ જવા દઇએ.'

બાપબેટા બંનેના મુખ ઉપર આકાશના પહેલા તારાનું કિરણ પડતું હતું.

'તમે જશો! અને હું શા માટે નહિ! મને નામર્દ ધાર્યો કલ્યાણસિંહ?'

'ના ગુરુદેવ, આપને નામર્દ કોણ ધારી શકે? આપને દેખીને તો મર્દની યે છાતી ફાટી જાય.'

'પણ બાપુનું શબ લેવા મારે જ જવું જોઇએ.'

'અમે પણ ગુરુજીના બેટા છીએ તો!' ઇંદ્ર બોલ્યો. તેનું જુવાન લોહી તલસી રહ્યું હતું.

ગુરુ ગોવિંદસિંહ થોડી વાર ઉંડા વિચારમાં પડી ગયા. પછી ધીમેથી પોતાની પ્રેમભરી આંખો ઉંચે ઉઠાવી.

'ઠીક, જાઓ; ફતેહ કરી આવો. હું આટલામાં જ છું.' આટલું બોલી ગોવિંદસિંહ ધીરે ધીરે પગ માંડતા દૂર દૂર ચાલ્યા ગયા. પિતાપુત્ર ભક્તિભરી આંખે થોડી વાર ગુરુને જોઈ રહ્યા, અને પછી ઉગતા અંધારામાં ઉતાવળે પગલે દિલ્હી તરફ ચાલી નીકળ્યા.

આકાશમાં એકલો શુક્ર તેમની ઉપર હાસ્ય વરસાવતો હતો.

જાગતા ઔરંગઝેબનું દિલ્હી ઉંઘતું પડ્યું હતું. ઔરંગઝેબના સીતમ શા અમાસના અંધારાએ દિલ્હીને છાવરી લીધું હતું શહેરની ભવ્ય મહેલાતોમાંથી દીવાના પ્રકાશ આવતા હતા; આકાશની ભવ્ય મહેલાતમાંથી તારાના પ્રકાશ પડતા હતા. આખા શહેર ઉપર મધ્યરાત્રિની શાંતિ પ્રસરી ગઈ હતી.

શાહી કિલ્લામાંથી બેના ટકોરા પડ્યા અને ઝોલાં ખાતા પહેરેગીરોએ સલામતી સંભળાવી.

રાજમાર્ગ પર જ્યાં ચાર રસ્તા ભેગા થતા હતા ત્યાં ગુરુ તેગબહાદુરનું શરીર સડતું પડ્યું હતું. માથું ફાટી જાય તેવી દુર્ગંધથી ત્રાસી સિપાહીઓ દૂર જઇ બેઠા હતા, ને શરાબના ઘેનમાં ઝોલાં ખાતા હતા. થોડી વારમાં સૌ ઢળી ગયા, એટલે પાસેના ઝાડ પાછળથી કલ્યાણસિંહ અને ઇંદ્રજીત આગળ આવ્યા.

'ઇંદ્ર! જો પણે ગુરુજીના શબની ગાંસડી.'

'હા બાપુ! ગુરુકૃપાથી તક પણ સારી છે.' બંનેએ આકાશ તરફ દૃષ્ટિ કરી અહેશાન માન્યો.

'વખત બહુ કામનો છે. ક્ષણ પછી સલામત નહિ રહીએ. માટે સત્વર આપણું કામ આટોપી લઇએ.'

અંધારું આકાશ અસંખ્ય આંખોથી આ બે શીખ મર્દોની હિમ્મતને નવાજી રહ્યું હતું. સાવધાનીથી બંને શબ પાસે ગયા અને ગુરુના મૃતદેહને નમસ્કાર કર્યા.

તો આપની પાછળ જ ભમ્યા કરે છે.'

'દિલ્હી જાઉં છું, કલ્યાણસિંહ!'

'દિલ્હી!' કલ્યાણસિંહ અને ઇંદ્રજીત સાથે બોલી ઉઠ્યા. 'આપ અત્યારે એકલા દિલ્હી જાઓ છો?' કલ્યાણસિંહે પ્રત્યેક શબ્દ ઉપર ભાર મુકી પ્રશ્ન કર્યો. તે બંનેના મુખ પર ચિંતામિશ્રિત આશ્ચર્યના ભાવ હતા.

'હા, હું અત્યારે એકલો દિલ્હી જાઉં છું.' ગુરુએ પણ પ્રત્યેક શબ્દ ઉપર ભાર દઇ ઉત્તર વાળ્યો અને ઉમેર્યું: 'જાણતો નથી કલ્યાણ, બાપુના શરીરને પાદશાહે દિલ્હીના રાજમાર્ગ ઉપર ફગાવી દીધું છે ને તે ત્યાં સડે છે? કોઇને શબ લઇ જવાની રજા નથી. તેની આસપાસ સખ્ત પહેરો છે. એટલે મારે જવું જ જોઇએ ને?' ગોવિંદસિંહના મુખ પર તો તેવી જ શાંતિ હતી. કલ્યાણસિંહ કાંપી ઉઠ્યો. ઇંદ્રજીતે મુઠીઓ વાળી.

ગુરુ ગોવિંદસિંહની પ્રત્યેક રેખામાંથી ભવ્યતા ફુટતી હતી; શબ્દો શાંત હતા; આંખો પણ પહેલાં જેવી જ કરુણાભરી હતી. 'કલ્યાણ, હવે મુગલ શહેનશાહત વધારે નહિ ટકે. તેના સિતમોની સામે પૃથ્વી પોકાર કરે છે. જો, સામે જો, પેલાં ઉજ્જડ ખેતરો જો. બીચારા હિંદુઓ ત્રાસીને જમીન છોડી ચાલતા થયા છે. મુગલ શહેનશાહતને પણ પોતાની મહેલાતો છોડી આમ જ ચાલતા થવું પડશે.' ગોવિંદસિંહની આંખમાં જાણે અગ્નિ પ્રકટ્યો, હાથ મુઠ ઉપર પડ્યો.

'પણ ગુરુદેવ! અમે આપને નહિ જવા દઇએ.'

'કેમ, બાપુના દેહને હજી વધારે સડવા દેવો છે?' ગોવિંદસિંહે કલ્યાણસિંહ તરફ એક તીક્ષ્ણ નજર માંડી.

'ના, ના; આપને નહિ જવા દઇએ પણ અમે જશું.'

'અમે જશું.' ઇંદ્રજીત આગળ આવ્યો. 'ગુરુ તેગબહાદુરના શબને લેવા અમે જશુ.'

ગોવિંદસિંહ કાંઈ ન બોલ્યા. કેવળ એક સ્મિતભરી દૃષ્ટિ તે બંને ઉપર નાખી.

'આપને—શીખોની એકમાત્ર આશાને આમ શત્રુના મોંમાં કેમ મુકાય? અમે જ જશું. આપને નહિ જવા દઇએ.'

બાપબેટા બંનેના મુખ ઉપર આકાશના પહેલા તારાનું કિરણ પડતું હતું.

'તમે જશો? અને હું શા માટે નહિ? મને નામર્દ ધાર્યો કલ્યાણસિંહ?'

'ના ગુરુદેવ, આપને નામર્દ કોણ ધારી શકે? આપને દેખીને તો મર્દની યે છાતી ફાટી જાય.'

'પણ બાપુનું શબ લેવા મારે જ જવું જોઇએ.'

'અમે પણ ગુરુજીના બેટા છીએ તો?' ઇંદ્ર બોલ્યો. તેનું જુવાન લોહી તલસી રહ્યું હતું.

ગુરુ ગોવિંદસિંહ થોડી વાર ઉંડા વિચારમાં પડી ગયા. પછી ધીમેથી પોતાની પ્રેમભરી આંખો ઉંચે ઉઠાવી.

'ઠીક, જાઓ; ફતેહ કરી આવો. હું આટલામાં જ છું.' આટલું બોલી ગોવિંદસિંહ ધીરે ધીરે પગ માંડતા દૂર દૂર ચાલ્યા ગયા. પિતાપુત્ર ભક્તિભરી આંખે થોડી વાર ગુરુને જોઈ રહ્યા, અને પછી ઉગતા અંધારામાં ઉતાવળે પગલે દિલ્હી તરફ ચાલી નીકળ્યા.

આકાશમાં એકલો શુક્ર તેમની ઉપર હાસ્ય વરસાવતો હતો.

જાગતા ઔરંગઝેબનું દિલ્હી ઉંઘતું પડ્યું હતું. ઔરંગઝેબના સીતમ શા અમાસના અંધારાએ દિલ્હીને છાવરી લીધું હતું શહેરની ભવ્ય મહેલાતોમાંથી દીવાના પ્રકાશ આવતા હતા; આકાશની ભવ્ય મહેલાતમાંથી તારાના પ્રકાશ પડતા હતા. આખા શહેર ઉપર મધ્યરાત્રિની શાંતિ પ્રસરી ગઈ હતી.

શાહી કિલ્લામાંથી બેના ટકોરા પડ્યા અને ઝોલાં ખાતા પહેરેગીરોએ સલામતી સંભળાવી.

રાજમાર્ગ પર જ્યાં ચાર રસ્તા ભેગા થતા હતા ત્યાં ગુરુ તેગબહાદુરનું શરીર સડતું પડ્યું હતું. માથું ફાટી જાય તેવી દુર્ગંધથી ત્રાસી સિપાહીઓ દૂર જઇ બેઠા હતા, ને શરાબના ઘેનમાં ઝોલાં ખાતા હતા. થોડી વારમાં સૌ ઢળી ગયા, એટલે પાસેના ઝાડ પાછળથી કલ્યાણસિંહ અને ઇંદ્રજીત આગળ આવ્યા.

'ઇંદ્ર! જો પણે ગુરુજીના શબની ગાંસડી.'

'હા બાપુ! ગુરુકૃપાથી તક પણ સારી છે.' બંનેએ આકાશ તરફ દૃષ્ટિ કરી અહેશાન માન્યો.

'વખત બહુ કીમતી છે. ક્ષણ પછી સલામત નહિ રહીએ. માટે સત્વર આપણું કામ આટોપી લઇએ.'

અંધારૂં આકાશ અસંખ્ય આંખોથી આ બે શીખ મર્દોની હિમ્મતને નવાજી રહ્યું હતું. સાવધાનીથી બંને શબ પાસે ગયા અને ગુરુના મૃતદેહને નમસ્કાર કર્યા.

ક્ષણવાર તેઓ એકબીજા સામે જોઇ રહ્યા. 'ઇંદ્ર! વિચારે છે શું? ઉપાડી લે.'

'પણ બાપુ, પહેરેગીરો જો અહીં ગુરુના શબની ગાંસડી નહિ દેખે તો અવશ્ય આપણી પાછળ પડશે અને આપણે સૌ જોખમમાં આવી પડીશું. રજા આપો તો હું ગુરુજીની જગ્યાએ સુઇ જાઉં.'

વૃદ્ધ કલ્યાણસિંહ ઊંડા વિચારમાં પડી ગયા. ઈંદ્રજીત તેની સામે જોઈ રહ્યો.

'ઇંદ્ર, બેટા! વાતો કરવાનો આ વખત નથી. દરેક પળ આપણી ઉપર ભયંકર છે.' વૃદ્ધ અટક્યો અને ઇંદ્રજીત તરફ જોયું.

'બેટા! તું તો હજી જુવાન છે. તું ઝડપથી ગુરુજીનું શબ ઉપાડી લઇ જઇ શકીશ. હું તો વૃદ્ધ થયો. રસ્તામાં થાકી જાઉં તો? અને હજી તો તારે સતના આ સંગ્રામમાં ગુરુને પડખે ઉભા રહી લડવું છે ને? મારા જેવા વૃદ્ધ શા ખપના?' કલ્યાણસિંહે ઈંદ્રજીતને પાસે ખેંચ્યો.

'મુંઝાતો નહિ, બેટા! હું તો તારા શરીરને જન્મ આપનાર; તારો ખરો જન્મ તો ગુરુ ગોવિંદસિંહ દેશે. જોજે, પ્રાણ જાય તો ય ગુરુની સેવા કરવી ચુકતો નહિ.' ઇંદ્રજીતે પિતાની છાતીમાં મોઢું દાબી દીધું; તેનાથી સામે જોવાયું જ નહિ.

પિતાએ પુત્રને છાતીએ ચાંપ્યો. પવનની એક ઠંડી લહરી બંનેને અડીને ચાલી ગઇ. ગુરુ તેગબહાદુરની શબની ગાંસડીનું કપડું પવનમાં હલ્યું, અને બંનેએ નમસ્કાર કર્યાં.

'બેટા, હું જાઉં છું. પણ તને તારા ખરા પિતાને સોંપતો જાઉં છું. તું એકલો નથી. તારે પડખે તો ગુરુજી છે.' ઇંદ્રજીત પગમાં પડ્યો.

કલ્યાણસિંહે કટારી છાતીમાં ભોંકી દીધી. ઇંદ્રજીતે પિતાના શબને પડવા ન દીધું, ઝીલી લીધું.


એક ક્ષણ પણ થોભ્યા વિના તેણે શબને બાંધી લીધું અને છેલ્લું વંદન કરી ગુરુ તેગબહાદુરના શબને ઉપાડી આથમતા અંધારામાં ચાલી નીકળ્યો.

એ વખતે તેની આંખોમાં આંસુ નહોતાં; પગ પાછા નહોતા પડતા. એ તો આવ્યો હતો તે કરતાં વધારે ઉલ્લાસભર્યો ચાલતો હતો.

એ વખતે તારા ખર્યાં: પિતાપુત્ર બંને ઉપર.

'મશાલ'

દક્ષિણ હિંદમાં પ્રવાસ



મ્હૈસુરનો રાજમહેલ

ઉતાકામંડથી મ્હૈસુર

સવારમાં આઠ વાગ્યે સૌ ચાપાણીથી પરવારી તૈયાર થઇ ગયા. સામાન ઉઠાવી જવાને બે મોટી મોટરલહારીઓ તૈયાર હતી. અને નોકરોનું લશ્કર એક મોટી ૧૬ બેઠકની મોટર બસમાં જવાનું હતું. હોહા કરતાં દસ વાગ્યે બધું ગોઠવાયું અને સામાન તથા નોકરોની મોટરો પહેલી રવાના થઇ.

અર્ધા કલાક બાદ આખા બંગલામાં અમારી કોઇ વસ્તુ રહી નથી એ તપાસી ત્રણ મોટરોમાં શેઠના કુટુંબે અને અમારી મંડળીએ ઊટીને છેલ્લા રામરામ કરી મ્હૈસુરને માર્ગે વહેતાં મુક્યાં.

વરસાદ નહોતો, પણ વાદળાં અને ધુમ્મસ ખુબ હતાં. હું આગલી Pilot Carમાં ડ્રાઇવરની બાજુમાં જ બેઠો હતો, એટલે સામે આવતાં દૃશ્યો જોવાની મને ખાસ સગવડ હતી. ઉતાકામંડમાં બે માસના નિવાસ દરમિયાન અમને જુદાંજુદાં સ્થળો પર એટલી મમતા થઇ ગએલી કે એક પછી એક તેમને વટાવતી વખતે મનમાં વિયોગની સહેજ લાગણી ચમકતી. સુભાગ્યે ધુમ્મસે અર્ધા માઇલથી દૂરના દેખાવો પર ઝુખરા પડદા નાખી દીધા હતા. મોટરો સુસવાટ કરતી ઉતરતી હતી એટલે ઠંડી હવા અને ધ્રુજારી ખુબ લાગતી. પણ જેમજેમ નીચે આવતા ગયા તેમતેમ જંગલની વનસ્પતિ બદલાતી હતી અને તે જોવાના આનંદમાં ઠંડીની અસર દબાઇ જતી. ઉતાકામંડથી મ્હૈસુરને માર્ગે ગુડલુર ગામે અમે બીજી વાર ચા પીવાનું ઠરાવ્યું હતું. ત્યાં સુધીના રસ્તામાં કેટલી યે

ચાની એસ્ટેટો અને કૉફીનાં ખેતરો આવી ગયાં. બ્રુકબૉન્ડ કંપનીએ અહીં માઇલોના વિસ્તારમાં જંગલો રાખી ચાનાં વાવેતર કર્યાં છે. નીલગિરિની ચા હિંદુસ્તાન આખામાં પ્રસિદ્ધ છે અને બજારમાં મોંઘા ભાવે વેચાય છે.

અમે ગુડલુર પહોંચ્યા તે વખતે વરસાદ આવવા લાગ્યો, પણ અમે મિ. બિલીમોરિયાની એસ્ટેટ પરના બંગલામાં ચાની મજા લેતા સલામત હતા. મિ. બિલીમોરિયા ગુજરાતના પારસી છે. તેમના પિતા થોડાં વર્ષો પહેલાં ઉતાકામંડ માત્ર રૂ. ૨૦૦ જેટલી મુડી લઈ આવેલા; પણ હોશિયારીથી નાનાંનાનાં કામ હાથ કરી, કઇક જંગલોના ઇજારા રાખી સમૃદ્ધિ વાન બની ગયા; અને હાલ તો મિ. બિલીમોરિયાને ઉતાકામંડની બજારના રસ્તા પર મોટો કંપાઉન્ડવાળો બંગલો છે તથા ઉતાકામંડની ઉંચી સરસ જગ્યા પર ન્યુઇંગ્ટન બંગલો છે જેમા અમે આ સીઝનમાં વસ્યા હતા. અહીં ગુડલુરમા તેમની મોટી કૉફી એસ્ટેટ છે. ત્યાં બંગલામાં ચા બનાવવાનાં બધાં સાધનો અમને મળ્યા અને જંગલમાં એક કલાકનો આનંદભર્યો વિરામ કરી લઇ અમે આગળ ચાલ્યા. વરસાદ રહી ગયો હતો અને જેવા અમે નીચેના મેદાન તરફ ઉતરતા ગયા કે તરત સાગનાં જંગલો વચ્ચે અમારી મોટરો અતિ વેગે જવા લાગી. પહાડી રસ્તાના વાંકવળાકા ને ઢાળઉતારનો ભય હવે નહોતો.

પણ એ નીલગિરિનુ જંગલ જેવુંતેવું નથી. થોડી વાર જંગલની ઉપર ભીષણ ગેંડા જેવાં શિખરો આભમા માથું ભરાવતાં દેખાતાં. ક્યાંક આછા ધુમ્મસમાં પહાડની આંખમાંથી રૂપાની રેલ વહેતી હોય એવા દૂરના ધોધ દેખાતા. એ બધાથી દૂરદૂર ત્રણ અફાટ જંગલો વિસ્તરેલાં છે. પહાડોની રસસમૃદ્ધિ ખરેખર આ જંગલોના પેટાળમાં સમાએલી છે. સીસમ ને સુખડનાં ઝાડ અને બીજી અનેકાનેક ફળફુલની વનસ્પતિ એ વનોમાં છે. ફણસના ઝાડ તો અહીં દરેક ઝુંપડા પાસે હોય છે. કોઇએ અમને કહ્યું હતુ કે આ પ્રદેશમાં મોટું ફણસ બે કે અઢી આને મળી શકે છે. અમને એ વાત ખરી લાગી.

જંગલમાં અનેક પહાડી જાતિઓ વસે છે. તેની વિગતવાર નોંધ અહીં ન થઇ શકે. પણ શોધકોએ તો તે ઉપર મોટાં પુસ્તકો લખ્યાં છે. અમને રસ્તામાં ચિત્રવિચિત્ર પોશાક અને ચહેરાવાળાં માણસો મળતાં. ઈશ્વરે માનવી સરજ્યાં ત્યારથી આજ સુધીમાં જેને પોશાક વિષે કંઇ જ ફેરફાર કરવાની જરૂર નથી પડી એવાં યે માણસો આ જંગલમાં વસે છે!

આ વનોમાંના, મલયદ્વિપને મળતા ચહેરા, ભીલ કોળી જેવા ચહેરા અને આફ્રિકાની જાતિઓના આબાદ નમુના જેવા મનુષ્યોની વિવિધ જાતિઓ ઉપર વિદ્વાનોએ કઇક તર્કો અને કલ્પનાઓ કર્યા છે. એવું મનાય છે કે એક વખત દક્ષિણ હિંદુસ્તાન મલાયા ટાપુ તથા આફ્રિકા સાથે જોડાએલો હતો, અને કોઇ અતિ પૂર્વકાળમાં મહાપ્રલય વેળા જમીનનો એ ખંડ પાતાળમાં ગયો. તે વખતે આખો દક્ષિણ પ્રાંત હિંદથી અલગ હતો, પણ એ ઉલ્કાપાતના ધક્કાથી ઉત્તર હિંદ સાથે જોડાઇ ગયો. આ માન્યતાઓ ચલાવનારા તેનાં ચોક્કસ કારણો અને પ્રમાણો ધરે છે, પણ તે સમજવા માનવશાસ્ત્ર, ભુસ્તરશાસ્ત્ર વગેરે જાણવાં પડે.

નીલગિરિની તલેટીના વનમાં પશુપ્રાણીઓ અને પંખીઓ પણ એટલાં જ અવનવાં છે. વાઘ, ચિત્તા અને હાથીઓનો આકસ્મિક ભેટો થયાની વાતો આ રસ્તે પ્રવાસ કરતા ઘણા મોટરયાત્રીઓ અમને ઊટીમાં કહેતા. શ્રી માવલંકર અહીંથી ગયા ત્યારે તેમણે જંગલી હાથી જોએલો એવું પત્રમાં લખેલું. અમે પણ કંઇક જોવા પામીશું એમ માનતા હતા, પરંતુ જોઇને થંભી રહીએ એવું કંઇ નજરે પડ્યું નહિ. ભાઇ જોશીએ જંગલ વચ્ચે વહેતી એક નદીને કાંઠે માણસ ગળી જાય એવડો અજગર જોએલો; પણ એ માઇલ દૂર નીકળી ગયા પછી એ વાત કરી, નહિતો ફિલ્મ કે ફોટોગ્રાફીથી એ વાતની ખાતરી સાથે લાવત. લાલ મોંનાં માકડાં તો અમે બહુ જોયાં, તથા ગામડાંના લોકો પાસે વિચિત્ર જાતનાં હરણ પણ જોયા.

આવા અતિ વિસ્તારવાળા અદ્ભુત જંગલ વચ્ચે સો માઇલનો મોટરનો પ્રવાસ અમારા જીવનમાં એક વિરલ અનુભવ થઈ પડ્યો. માર્ગ સાવ સપાટ જમીન પર ઉતરી આવ્યો ત્યારે, પીપરનાં મોટાં ઝાડોની ઘટા બે માઇલો સુધી લાંબાં ગરનાળાં જેમ ઘટા કરી સામી આવી ઉભી. તેની વચ્ચેથી પસાર થતાં


[અનુસંધાન આગળ પાન ૧૪૪મે]



ભીલકુમાર

ચિત્રકાર : કૃષ્ણલાલ ભટ્ટ

(સર ચિનુભાઇના સૌજન્યથી)



ઍલન પી. મીડ (બૅરિસ્ટર-ઍટ-લૉ)નો અદ્ભુત શરીરવિકાસ

યુદ્ધમાં જખમી થઇને એક પગ કપાવી નાખ્યા પછી પણ ઇંગ્લંડના આ બૅરિસ્ટરે જગતભરમાં આજ સુધીમાં અદ્વિતીય એવો જે સુંદર શરીરવિકાસ સાધ્યો છે તેનાં ચાર જુદાંજુદાં સ્વરૂપ: (૧) ગરદનની બંને બાજુના ટ્રાપેઝિયસ સ્નાયુઓનો વિકાસ. (૨) હાથના સર્વાંગ વિકાસ ઉપરાંત પેટની બંને બાજુના ઑબ્લિક એબ્ડોમિનલ્સ સ્નાયુઓનો અદ્ભુત વિકાસ, જે આટલો સંપૂર્ણ કોઇ વિરલ મનુષ્ય જ સાધી શકે છે. (૩) પીઠ તથા હાથના પાછલા ભાગના સ્નાયુઓ: લૅટિસિમસ ડોર્સી, ટ્રાપેઝિયસ, ડેલ્ટોઇડ, ટ્રાઇસેપ્સ વગેરેની સુંદર જમાવટ. (૪) કેવળ **Relaxed**—આરામની સ્થિતિમાં: પરિપૂર્ણ વિકાસ પામેલા આટલાં અત્યંત ભારે સ્નાયુઓ હોવા છતાં આ સ્થિતિમાં દેખાતી માખણ જેવી કોમળ શરીરશોભા આશ્ચર્યજનક છે.

અવનીભરમાં આજ સુધી અજોડ એવો શરીરવિકાસ સાધનાર

ઍલન પી. મીડ

બિંગ—બૅંગ... સરરરર ઝૂઊમ!

બિંગ—બૅંગ... સરરરર ઝૂઊમ!

હોવિટ્ઝરની કારમી ચીસો. મશિનગનનો શોકપૂર્ણ અવ્યાહત પટપટારો. પ્રલયકાળના ગાઢ અંધકારવાળી રાત્રિ. ટાઢ કહે મારું કામ. પવનની પાંખે ચડેલા યમરાજના સ્પર્શ સમી સુસવાટા કરતી ગોળીઓ. આ બધાંની વચ્ચે લેશમાત્ર ગભરાટ વિના શાંતિથી અસ્ખલિતપણે એક યુવાન સૈનિક પોતાનું કામ કર્યે જતો હતો. વજ્ર જેવા એના હૃદયને આસપાસનું વાતાવરણ અસર કરતું નહોતું. સવારે આખી ટુકડી ભેગો એ અહીં આવ્યો હતો. અત્યારે એ એકલો જ જીવતો હતો; છતાં પોતાની ચોમેર વરસી રહેલા બૉમ્બ અને શેલની વચ્ચે બેધડકપણે ઉભો રહી પોતાની મશિનગન શત્રુઓ પર ફોડયે જ જતો હતો.


પણ અંતે એનો વારો આવ્યો. જર્મન તોપના એક ગોળાએ આવી એના જમણા પગના પંજાને છુંદી નાખ્યો. અસહ્ય વેદનાથી યુવાનની શક્તિ હણાવા લાગી. નિર્બળતાથી એની આંખો ઘેરાઇ અને નિશ્ચેત થઇ એ મશિનગનની બાજુએ ઢળી પડયો.

સને ૧૯૧૮ના ઑગસ્ટની એ રાત્રિ: ફ્રાન્સની ઉત્તરે સૉમનું યુરોપીય યાદવાસ્થળીનું એ વધસ્થાન.

અને આ બીજું ચિત્ર.

સને ૧૯૨૩ની વસંત ઋતુ: લંડનનું ઑપેરા હાઉસ.

અપૂર્વ શાંતિ અને ગાઢ અંધકારમાં આતુર નયને પ્રેક્ષકગણ જોતો હતો. સ્ટેજ પર તેજસ્વી પ્રકાશનું એક કિરણ નાચતું કુદતું અહીંતહીં ફરતું હતું. એના પ્રકાશમાં ન્હાતો એક સુંદર યુવાન પોતાના શરીરસૌંદર્યને જુદાજુદા અંગમરોડથી પ્રદર્શિત કરતો હતો. મદારીના કરંડમાંથી આસ્તે આસ્તે નીકળતા ડોલતા અને ગાનમુગ્ધ દશામાં ક્ષણેક સ્થિર થઇ જતા નાગરાજ પેઠે, ઘનઘોર ગગનમાં ચમકતી પલકતી આવતી જતી વિદ્યુલ્લતા પેઠે, સ્થિર પ્રવાહે વહી જતા ઝરણા પેઠે, કોઇ અદ્ભુત ગાયકની સ્વરમુગ્ધ દશામાં નીકળતા સ્વરોના આરોહાવરોહ–આંદોલનો પેઠે એના કોમળ સરળ અને સુશ્લિષ્ટ સ્નાયુઓ સ્થિત્યંતર કરી રહ્યા હતા. આખું ય દૃશ્ય માનવશરીરના અદ્ભુત રચનાસૌષ્ઠવ અને સુસંહત શરીરવિકાસના સૌન્દર્યાતિશયનો નમુનો હતું. જાણે, અશ્વિનોનું અંગસૌષ્ઠવ, માતરિશ્વાનો શીઘ્રસંચાર, દેવરાજનો વિક્રમ શક્તિસંચય–ત્રણે ય મૂર્તિમંત દશામાં સંકળાયાં હતાં.



ઈંગ્લંડનો બૅરિસ્ટર ઍલન પી. મીડ

બંને બાહુ અને પડખાંના સ્નાયુઓનો વિકાસ દર્શાવતું આ ચિત્ર તાજું–૧૯૨૭ની સાલનું જ–છે. સામેની પ્લેટ પરનાં બધાં ચિત્રો ૧૯૨૫ના વર્ષનાં છે. એ સિવાય ૧૯૨૩ની સાલનાં ચિત્રો પણ છે; પરંતુ બધાંમાં એનો શરીરવિકાસ એકસરખો છે.

બંને ચિત્ર સરખાવો. બંને વ્યક્તિઓની દશાનો વિચાર કરો. સમાનતાની જરા ય શંકા આવશે? છતાં આ બંને એક જ વ્યક્તિનાં ભિન્નકાલીન જીવન-

ચિત્રો છે. યુદ્ધમાં વિકળ થનાર અને શરીરસૌન્દર્યથી આખી ય કલાપ્રિય જનતાને મુગ્ધ કરનાર બંને એક જ: ઍલન પી. મીડ; લંડનનો બૅરિસ્ટર–ઍટ–લૉ.

૧૯૧૪માં મૅટ્રિક થયો. ૧૯૧૮ સુધી ચાર વર્ષ રણક્ષેત્રમાં ઝુઝ્યો. ૧૯૧૯ના એપ્રિલમાં ઇસ્પિતાલમાંથી નીકળ્યો. જમણો પગ ઢીંચણથી કાપી નાખેલો એટલે ચામડાના પગથી ચલાવવું પડ્યું. પછી બૅરિસ્ટરનો અભ્યાસ કરી પાસ થઇ ધંધો કરવા માંડ્યો અને સાથેસાથે શરીરની ખીલવણી પણ શરૂ કરી.

વિઘ્નો આવતાં; માર્ગ ન સુઝતો, ઠુંઠો પગ નડતો; છતાં અદ્ભુત નિશ્ચયબળ, અદમનીય ઉત્સાહ અને અસ્ખલિત સંકલ્પશક્તિથી એણે શરીર ઉપર વિજય મેળવ્યો ને અત્યંત સુંદર વિકાસવાળા શરીરનો એ સ્વામી થયો. અવનીભરમા સૌથી સુંદર અંગોવાળું શરીર પ્રાપ્ત કરવાની એની રાક્ષસી મહત્ત્વાકાંક્ષાનો યજ્ઞ સફળ થયો ને ૧૯૨૩માં એની વિજય પતાકા જગતભરમાં ફરકી. સૅન્ડોનું ગૌરવ એની પાસે હલકું પડતું.

કલાવિદોને એનો અંગવિકાસ મુગ્ધ કરે છે; પુલમ, કૅસ્વર્ટ આદિ અનેક સૂક્ષ્મદર્શી શરીરશાસ્ત્રીઓ એના શરીરમાં રજમાત્ર પણ ઉણપ શોધી શકતા નથી. મીડની હાલની શરીરસંઘટના આવી છે: ઉંચાઈ–૬·૧; વજન–૧૮૨; વય–૩૩·૧૦; ગરદન–૧૬½; બાવડું–૭૫⅜ [sic: વામ–૭૫⅜]; કમર–૩૩; છાતી (ખાલી)–૪૨; છાતી (સાધારણ)–૪૭; છાતી (ફુલાવેલી)–૪૯; કાંડું–૭½; દંડ–૧૬½; પ્રકોષ્ઠ–૧૩½; જાંઘ–૨૩; પીંડલી–૧૬½; ઘુંટી–૯⅜.

હવે એના શરીરવિકાસ વિષે.

એક પગે અપંગ હોવાથી, સ્વાભાવિક રીતે જ મીડના શરીરનો મૌલિક વિકાસ શરીરના ઉપરના ભાગના અંગોમાં છે; અને સૂક્ષ્મ દૃષ્ટિથી જોતાં જણાશે કે જમણી કરતાં ડાબી બાજુનાં અંગો વધારે સરસ છે; એનું પણ એ જ કારણ. શરીર તો એનું આખું યે સુંદર છે; છતાં તેમાં યે ખરી ખુબી તો એના પાસાના અને કેડના પાછલા ભાગના સ્નાયુઓના વિકાસની છે. એ ભાગની આવી અપૂર્વ સ્નાયુસ્થિતિ ગ્રીક શિલ્પીઓની ચિરંજીવ શિલ્પકૃતિઓ સિવાય દુનિયાભરમાં આજ સુધી કોઇ પણ જીવતી વ્યક્તિના (અપૂર્વ અંગવિકાસ માટે જગતમાં પંકાએલા ખુદ સૅન્ડોના પણ) શરીર પર આટલી સ્પષ્ટ જોવામાં આવતી નહોતી; પણ આજે તે મીડના શરીર પર દેખાય છે.

પ્રત્યેક સ્નાયુમાં સૌષ્ઠવ, પ્રત્યેક રેખામાં સરળતા, પ્રત્યેક અંગનું સુશ્લિષ્ટ ગંઠન, પ્રત્યેક દૃષ્ટિકોણથી દેખાતી સ્નાયુઓ અને અગમરોડની સપ્રમાણતા—આ મીડના અદ્ભુત શરીરનાં મુખ્ય ભૂષણો છે. વિવિધ પદ્ધતિના વ્યાયામથી એના સ્નાયુઓના તંતુએ તંતુનો સંપૂર્ણ વિકાસ થયો છે.

પણ એથી યે વધુ આશ્ચર્યજનક તો મીડનો બુદ્ધિવિકાસ છે. બૅરિસ્ટર અને બલદેવતા, બુદ્ધિ અને પાશવશક્તિ—એ વિરોધી ગણાતાં તત્ત્વોનો રજ પણ અણબનાવ મીડે અનુભવ્યો નથી. બળાથી બુદ્ધિ તીવ્રતર થાય છે એનું મીડ નિર્વિવાદ ઉદાહરણ છે. આ સાંભળીને, જેમણે વ્યાયામની ગંધ સરખી ન લીધી હોય અને જે જાતે નિર્જીવ શ્વાસ લેતા મનુષ્યત્વના ખાલી ખોળા જેવા શરીરવાળા હોય, અને છતાં એમ માનતા હોય કે વ્યાયામ કરવાથી બુદ્ધિ જડ થાય છે, એવા, આપણા શરીરદ્રોહી, કહેવાતા શિક્ષણકારોના હૃદયમાં કેટલો ઉત્પાત મચશે!

મનુષ્યશરીર! પ્રકૃતિની પરમ કૃતિ! વિશ્વના સૌંદર્યરાશિની તાત્ત્વિક મૂર્તિ! યુગોના અનુભવથી ઘડાએલી વિશ્વરચનાનો જીવન્ત આદર્શ! એનો સંપૂર્ણ વિકાસ એટલે કુદરતના અમોઘ સૌંદર્યનો પરિપાક!

આવો પરિપાક પામનાર, બુદ્ધિપ્રધાન બૅરિસ્ટરનું જીવન ગાળનાર, અપૂર્વ પ્રયત્ને સજીવ સુંદરતાની મૂર્તિ જેવા મીડના શરીરને જોતાં, વાચક, તું કંઈકે શીખીશ? અત્યંત લાવણ્યપૂર્ણ સુંદર માનવશરીરને પામવા કોઈ મહત્ત્વાકાંક્ષા તને પ્રેરશે ખરી?

સ્વાસ્થ્ય એ પહેલું પગથિયું. પછી બલ. અને બલ કરતાં યે વધારે મહત્ત્વનું તો સુંદર શરીર છે. મીડનું ધ્યેય સુંદર શરીર છે. પ્રકૃતિ પણ એ જ માને છે. સુંદર શરીરનાં પૂર્ણ ખીલેલાં અંગોમાં જ બલ રહ્યું હોય છે. બધા જ બલવાન, એટલા બધા સુંદર શરીરવાળા નથી હોતા.

વાચક! તું બલનો ઉપાસક છે કે સુંદરતાનો? સુંદરતા એ જ બલની નિશાની છે. તું પણ સુંદર—સર્વાંગ સુંદર થઈશ ને?

કે પછી જીવતાં મરેલા જેવા રહેવાનું ગમે છે?

હરિનારાયણ આચાર્ય

અટકશે.' તેણે શ્રદ્ધાપૂર્વક જાહેર કર્યું.

'કેમ?' વિજયે પુછ્યું.

'તેં 'ગરુડ મંડળ' વિષે નથી સાંભળ્યું?'

'ના; એ વળી શું?' વિજયે ડોકું ધુણાવી પુછ્યું.

'એ એક જાતનું ગુપ્ત મંડળ છે;' કેશવે જવાબ આપ્યો, 'પ્રફુલ્લે એ સ્થાપ્યું છે. સાઇકલ રાખનારા પ્રમાણિક કુમારો તેના સભાસદો છે. મંડળ પોલીસને સાઇકલની ચોરી થતી અટકાવવામાં મદદ કરશે. સાતથી વધારે સભ્યો તો થઇ ચુકયા છે.'

'તમે પોલીસને મદદ કઇ રીતે કરશો?'

'કેમ,? બરાબર ચોકી કરીને જ તો! બીજા મોટા શહેરોની જેમ અહીં પણ સાઇકલ ઉઠાવી જનાર રીતસરની સોનેરી ટોળી છે એમ પોલીસ માને છે. રામપુરમાં તો એક વર્ષમાં પાંચ હજારની સાઇકલો ગુમ થઇ છે અને મને તો લાગે છે કે જો યોગ્ય ઉપાયો નહિ લેવામાં આવે તો અહીં પણ તેટલી જ ચોરીઓ થવાની. આજ સુધીમાં લગભગ સત્તાવન સાઇકલો તો ચોરાઇ ચુકી છે.'

'આ મંડળ ક્યારથી શરૂ થયું છે?'

'કાલે રાત્રે; પ્રફુલ્લને ઘેર બધું અર્ધા કલાકમાં નક્કી થઇ ગયું હતું. પોલીસ ઉપરી માધવસિંહને તો અમે આ કહ્યું ત્યારે તેઓ દિઙ્મૂઢ જ બની ગયા!'

'હું ધારૂં છું કે પ્રફુલ્લ પ્રમુખ હશે.' વિજયે કહ્યું.

'હા. તે પ્રમુખ, હું ઉપપ્રમુખ ને સુખદેવ મંત્રી છે.'

'એ તો ઠીક છે; પ્રફુલ્લ પણ કંઇક વિચિત્ર નામોવાળાં મંડળો શરૂ કરે છે. સભ્ય થવા માટે ફી શું આપવી પડે છે?'

'ગરુડ મંડળમાં? એક પાઇ પણ નહિ.'

'જો એમ જ હોય તો તો હું સભ્ય થાઉં.'

'પણ વિજય, અમે એવો નિયમ રાખ્યો છે કે જેને પોતાની સાઇકલ હોય તે જ સભ્ય થઇ શકે. જો એમ ન કરીએ તો બહુ ગરબડ થવાનો સંભવ છે. ઘણા રમુજ અથવા કૌતકથી પણ દાખલ થાય.' કેશવે ખુલાસો કર્યો.

'બરાબર.' વિજયે માથું હલાવતાં કહ્યું, 'તમે કહેવા માગો છો કે મારા જેવા.'

'ના, એમ નહિ.' કેશવે જરા ખુલાસો કરતાં કહ્યું. 'તું લાયક છે તો પુરેપુરો. પણ તારે પોતાની સાઇકલ નથી એટલે....'

'સાઇકલ ગણેશ સ્ટોર્સની હોય કે મારી હોય એમાં ફેર શું પડે છે તે જ હું તો સમજી શકતો નથી. હું જ તે બધો વખત વાપરૂં છું. તેને સારી સ્થિતિમાં રાખવા માટે નવો પંખો, નવી સાંકળ, નવી બ્રેક ને નવી ટોકરી પણ મેં જ નખાવ્યાં છે.'

'એ બધું સાચું' કેશવે ધીરેથી કહ્યું, 'પરંતુ તું તો જાણે છે ને કે નિયમ તે નિયમ; કેમ?'

'ચોક્કસ! પણ ગરુડ મંડળના ઉદ્દેશ પ્રમાણે સૌથી પહેલો ચોકી રાખનાર તો હું જ છું!'

'ખરૂં, પણ કદાચ એ સાઇકલ પ્રફુલ્લની ન પણ હોય.'

'કેમ? થોડી વાર પહેલાં તો તુ જ એ વિષે ખાતરી ધરાવતો હતો!' વિજયે ટકોર કરી. 'કંઇ નહિ; મને ખાતરી છે કે ગરુડ મંડળના સભાસદ થયા સિવાય પણ હું સારી રીતે ચોરોની ખબર રાખી શકીશ.'

'જરૂર.' વિજયને માઠું ન લાગે તેટલા માટે કેશવે અનુમોદન આપ્યું. જો નિયમ ન હોત તો તે ખુશીથી વિજયને સભ્ય બનાવત.

એ જ વખતે તેઓ મુખ્ય પોલીસ થાણે આવી પહોંચ્યા. સાઇકલો ઉઠાવી તેમણે પગથિયાં ચડવા માંડયાં કારણકે હવે તો પોલીસ થાણા પાસે પણ સાઇકલો સલામત નહોતી! વચ્ચેના ઓરડામાં સાઇકલો મુકી તેઓ ડાબી બાજુની ઑફિસમાં ગયા. પ્રફુલ્લ તેમની રાહ જોતો હતો. તે ઉંચો, દેખાવડો અઢાર વર્ષનો કુમાર હતો. શાળામાં તે આગળપડતો ગણાતો. તેના પિતા મોટા મીલમાલેક હોઇ તે કાંઇક દમામમાં રહેતો. કુદરતીરીતે જ પ્રફુલ્લને, વિજય જેવા શાળાના સમય પછી પેટને માટે મહેનત કરતા એક છોકરા સાથે વધારે પ્રસંગ પડતો નહિ. પણ આજે તો પ્રફુલ્લની વર્તણૂક વધારે મિત્રાચારીભરી હતી. તેઓ એક સીપાઇની સાથે પોલીસ ઉપરી માધવસિંહની ઑફિસમાં ગયા. માધવસિંહ જાડા ને ખુશમિજાજી હતા. તેણે ગરુડ મંડળના સભ્યોને આવકાર આપ્યો. માધવસિંહ નવા મંડળ તરફ ગંભીરતા કરતાં રમુજથી વધારે જોતા હોય તેમ વિજયને લાગ્યું. પરંતુ કદાચ

[અનુસંધાન પાન ૨૦ મે]

માળા અને ઈંડાં

'પક્ષીઓના જાતજાતના માળા જોઇ કેટલાક અભ્યાસકો જુદાજુદા નિર્ણય ઉપર આવતા માલુમ પડે છે. પરંતુ આ નિર્ણયો ઘણીવાર બહુ જુજ અવલોકનના પરિણામ રૂપ હોઇ સર્વાંશે પૂર્ણ જણાતા નથી. કાગડાના તદ્દન સામાન્ય માળા જોઈ કેટલાક એમ કહે છે કે આવાં બુદ્ધિશાળી પક્ષી પણ સુંદર, ખુબીવાળા માળા બાંધતાં નથી. હોલાં અને બુલબુલના ઉઘાડા માળા જોઇ તથા તેમનાં બચ્ચાં અને ઇંડાંનો વારંવાર થતો સંહાર જોઇ એક અભ્યાસી લખે છે કે 'જે પક્ષી મૂર્ખ છે, જેની કુદરત તેમજ જનસમાજમાં બિલકુલ કીમત નથી, જે મરઘીની માફક વારંવાર બીજાના ખોરાક માટે ઇંડાં મુકે છે, તે જો કદાચ માળાની રચનાની ખુબી કરતાં શીખે અથવા બીજાઓને અગમ્ય એવાં સ્થળની પસંદગી કરતાં શીખે તો દુનિયા તેમનાં બચ્ચાંથી ઉભરાઇ જાય. માટે જ તેઓને આવી રીતે ઉઘાડા તથા દુશ્મનોને સુગમ માળા બાંધવાની પ્રેરણા હોય છે; જ્યારે ફૂલચકલી જેવા સુંદર પક્ષીઓ બહુ જ ખુબીથી પોતાના માળા સરસ રીતે ગુંથી કોઇ ન પહોંચી શકે તેમ બાંધે છે.' હવે આ બે નિર્ણયો કેટલે અંશે પૂર્ણ છે તે સ્વતંત્ર અવલોકન ઉપરથી જોઇએ.

માળા એ કાંઈ પક્ષીઓનાં ઘર નથી. બારે માસ પક્ષી ત્યાં જ વાસ કરીને રહેતાં નથી. માત્ર ઇંડાં મુકવા તથા બચ્ચાં ઉછેરવા પુરતાં જ પક્ષીઓ માળા બાંધે છે અને તે કામ થઇ રહ્યે માળા છોડી દે છે. ઇંડા મુકવાથી તે બચ્ચા મોટાં કરવા સુધીનું બધું કામ તેઓ પ્રેરણાશક્તિથી જ કરતાં હોવાથી તેમાં બુદ્ધિને બહુ જ ઓછો અવકાશ છે. એટલે વિવિધ પક્ષીઓના માળાની વિવિધ પ્રકારની રચના તેમની બુદ્ધિ કરતાં પ્રેરણાશક્તિને વધુ આભારી છે. માળા બાંધવા માટે જગ્યા પસંદ કરવી, ઇંડાં મુકવાં, તેને સેવવાં, બચ્ચાં મોટાં કરવાં—આ બધાં કાર્ય પાછળ પોતાનું અને બચ્ચાં અથવા ઈંડાંનું સંરક્ષણ કેમ કરવું તે જ વૃત્તિ પૂર્ણ જોશથી કામ કરતી હોવી જોઇએ તેમ મને મારા કેટલાક અનુભવો પરથી લાગ્યું છે.



સ્કાઉટિંગ અને પક્ષીનિરીક્ષણની આ રસમય લેખમાળાના લેખક શ્રી ગજાનન ભટ્ટ

વાઘ, સિંહ આદિ પ્રાણીઓ પોતાનું રક્ષણ બળથી કરે છે; હરણ, સસલાં ઇત્યાદિ પ્રાણી પોતાનું રક્ષણ પલાયનથી કરે છે; જ્યારે મનુષ્ય બુદ્ધિબળથી પોતાનું રક્ષણ કરે છે. પહેલાંના સંરક્ષણનો આધાર તેમનાં જડબાં અને પંજામાં છે; બીજાંના સંરક્ષણનો આધાર તેમના પગની ત્વરિત ગતિમાં છે; જ્યારે મનુષ્યના સંરક્ષણનો આધાર તેના શરીરબળ કરતાં બુદ્ધિબળ પર વધારે છે.

ને જ પ્રમાણે પક્ષીઓની સૃષ્ટિમાં તેમને આત્મ-સંરક્ષણ કરવા માટે જુદીજુદી શક્તિઓ મળેલી છે. જે પક્ષીઓની ચાંચ, પાંખ અને પંજા જોરાવર છે તેમને પોતાનાં ઇંડાં તથા બચ્ચાંના રક્ષણ માટે માળાની ખુબી કરવાની જરૂર રહેતી નથી. જેઓમાં આ શક્તિ ઓછી છે તેઓ માળાની રચનાની ખુબી કરી પોતાનાં ઈંડાંનું રક્ષણ કરવા યત્ન કરે છે. ત્રીજા પ્રકારનાં શરીરસંપત્તિ વિનાનાં તેમજ માળા બાંધવાની ખુબી વગરનાં નિર્બળ પક્ષીઓ બીજાં શિકારી પક્ષીઓનાં ભોગ થઈ પડે છે.

સમળી, કાગડા, કાળાકોશી અને સફેદ લટોરા (બુચર-બર્ડ) તદ્દન ઉઘાડા માળા બાંધે છે. તેમાં કિલ્લેબંધી જેવી કાંઈ જ ખુબી હોતી નથી. કોઈ પણ મોટા ઝાડની ઉંચી ડાળી ઉપર તમે સાંઠી, રાડાં અને ઝરડાંનો ખડકેલો એક ઢગલો જુઓ તો

માની લેવું કે તે સમળી કે કાગડાનો માળો છે. સમળી અને કાગડા બંનેની ઈંડા મુકવાની ઋતુમાં ફેર હોઇ કાગડાના માળા સમળી અને સમળીના માળા કાગડા વાપરે છે. માત્ર તેઓ પોતાની સગવડ પુરતો તેમાં થોડોઘણો વધારો ઘટાડો કરે છે અને તેના તે જ માળા નવાસવા કરી વર્ષોવર્ષ વાપર્યે જાય છે. છતાં પણ કાગડાએ ઈંડાં મુક્યાં હોય ત્યારે સમળીની તાકાત નથી કે તે ઝાડ ઉપર જઈ શકે. જો જાય તો કાગડા એવો તો હલ્લો લાવે કે તેને જીવ લઇ નાઠે છુટકો. માણસ પણ જો તે ઝાડ ઉપર ચડવા યત્ન કરે તો ચંચુપ્રહારથી કાગડા તેનું માથું જ ફોડી નાખે. આવે એક પ્રસંગે અમારા એક માણસને લીમડા પરથી નીચે ઉતરતાં તો ભોંય ભારે થઈ પડી હતી. તેને ખ્યાલ નહિ કે લીમડામાં કાગડાના માળા છે. તે તો દાંતણ કાપવા ઉપર ચડેલો. પણ લોઢાના ચીપિયા જેવી ચાંચો વડે કાગડા તેના માથા પર એવા તો તુટી પડ્યા કે તે મહામહેનતે નીચે ઉતર્યો.


પણ શેરને માથે સવાશેર હોય જ. એક વાર એક થાક્યોપાક્યો કાગડો એક ઝાડ ઉપર બેસવા ગયો. તેને ખબર નહિ કે પક્ષીમાં પટેલ ગણાતા કાળા-કોશીએ તેમાં માળો બાંધ્યો છે. નર અને માદા તેના ઉપર તુટી પડ્યાં. અણધાર્યા હુમલાથી કાગડો ગભરાઇ ગયો. તે ડાળ ઉપર ઉંધે માથે લટકી પડ્યો અને મહામહેનતે જીવ લઇને નાસી છુટ્યો. કાળોકોશી તો તમે જોયો હશે. ન જોયો હોય તો તેને જોવાનો એક બહુ જ સરલ માર્ગ છે. ટ્રેનમાં મુસાફરી કરતા હો ત્યારે તારના થાભલા તરફ જોવું. દર બે સ્ટેશનો વચ્ચે તમે જરૂર બેચાર કાળાકોશીને તાર ઉપર બેઠેલા જોશો. પક્ષી કાગડાથી કદમાં નાનું, રંગ તદ્દન કાળો અને પુંછડી બે કાતરની માફક પાંખાળી. ઉડવામાં બહુ જ હોશિયાર અને ચાંચ ઘણી જ મજબુત. હવામાં ઉડતી જીવાત તેનો ખાસ ખોરાક અને બીજાં પક્ષીઓ તેનાથી જેમ બને તેમ દૂર રહેવા યત્ન કરે.

સફેદ લટોરો પણ પોતાની શક્તિથી જ બચ્ચાંનું રક્ષણ કરે છે. તે કદમાં તો કાબરથી પણ નાનું હોય છે, છતાં શિકારી પક્ષી ગણાય છે. તે પણ બાવળોમાં ઉઘાડા માળા બાંધે છે અને પછી દૂર ડાળે બેસી ઇંડાં ને બચ્ચાંનું રક્ષણ કરે છે. નાનાં પક્ષીઓનાં ઇંડાંનો નાશ મોટે ભાગે કાકીડા અને ઘરોળાં કરે છે. સફેદ લટોરાની ચાંચ એટલી મજબુત નથી કે તે ચંચુપ્રહારથી કાકીડા કે ઘરોળાંને મારી શકે; પણ તે તેમને પકડી બાવળની શુળમાં પરોવી દે છે અને પછી ધીમેધીમે તેમનો નાસ્તો કરે છે.

આ ઉપરથી આપણે જોઇ શકીએ કે કાગડા ઇત્યાદિ બળવાન પક્ષીઓ બુદ્ધિશાળી હોવા છતાં તેમને પોતાના બળમાં વિશ્વાસ હોઇ બહુ જ સામાન્ય માળા બાંધે છે. વળી, ગરૂડ અને બાજ જેવાં બહુ જ જોરાવર શિકારી પક્ષીઓ તો ઉંચે પર્વત કે ખડકોની બખોલોમાં ઇંડાં મુકે છે. તેઓને તો બીલકુલ ડર ન હોઈ કાંઇ કિલ્લેબંધી કરવા જેવું જણાતું જ નથી.

સુગરી અને ફુલચકલી ઘણા જ સુંદર અને અદ્‌ભુત ગુંથણીના કારીગરીવાળા માળા બાંધે છે. ફુલચકલી તો બહુ જ નાનું પક્ષી છે. તેના માળા જમીનથી પાંચ છ ફીટ જ ઉંચે હોય છે. છતાં તે એવે સ્થળે લટકાવે છે કે કોઇનું ધ્યાન ન જાય. તે એટલી નાજુક ડાળેથી લટકતા હોય છે કે કાકીડા કે ઘરોળાં ત્યાં જઇ જ ન શકે.

ફુલચકલીના માળા એ સુગરીના માળાનું નાનું સ્વરૂપ જ હોય છે. લંબગોળ માળો અને પેટે એક બારી. બારી ઉપર છજું અને ઉંડાણમાં ઇંડાંને રાખવાનું એક ખીસું. એટલે કાગડા પણ કોઇ રીતે તેનાં ઇંડાંનો નાશ ન કરી શકે. સુગરી તો માળા ઘણે જ ઉંચે, તાડ નાળિયેરી કે બાવળ જેવાં વૃક્ષની છેક છેલ્લી ડાળે લટકતા બાંધે છે, જ્યાં માણસ કદિ પહોંચી જ શકે નહિ. તેમાં દાખલ થવાને માટે નીચે ભુંગળું હોય છે અને માળો અંદરથી બેવડો એટલે બચ્ચાં ને ઇંડાં તો તદ્દન સલામત. માણસ, શિકારી પક્ષી કે કાકીડાની મગદૂર નહિ કે તે માળે પહોંચી શકે. અમે આવા હગલાબંધ માળા ભાવનગરથી દસ માઇલ દૂર આવેલ બીકડાને બંધે જતાં પાણીના કેનાલની એક બાજુ બાવળના ઝાડેથી લટકતા જોએલા. લગભગ બધા જ માળા સામે કિનારે અને પાણી પર લટકતા હતા. અમને નમુનાનો એક માળો હાથ કરતાં પણ નાકે દમ આવ્યો. કેનાલ ઓળગી




બાજુએ
ઉપલી હારઃ (૧) રાજાલાલ પક્ષીઓ અને તેમનો માળો (૨)કાગડાનો માળો
નીચલી હારઃ સુગરીના માળાની બંધાતી વખતની જુદી-જુદી સ્થિતિ

સામી બાજુ ગયા અને વાંસને દોરડું બાંધી તેના વતી ઉંચે લટકતો માળો કાપ્યો. આ જાતના પક્ષીઓને તો દુશ્મનનો બહુ જ ઓછો ભય.

આ સિવાય કેટલાંક નિર્બળ પક્ષી દરમાં ઈંડાં મુકે છે. તેઓ બે પ્રકારનાં દર બનાવે છે. કલકલીઓ, કાબર, નાનો નીલકંઠ વગેરે તો નદીની ભેખડોમાં અથવા દીવાલોમાં ઉંડાં દર બનાવી તેમાં ઇંડાં મુકે છે. લક્કડખોદ જેવાં કેટલાંક પક્ષીઓ ઝાડની ડાળોમાં ગોળ દર કોરી કાઢે છે. સુનાર પણ પોતાનાં હથિયારથી ન બનાવી શકે તેવું સફાઈદાર ગોળ કાણું એ ચકલી જેટલું નાનું પક્ષી પોતાની ચાંચ વતી ખોદી કાઢે છે ને તેમાં ઇંડાં મુકે છે. આ ઋતુમાં ધ્યાન આપીને સાંભળો તો ટોન્ક, ટોન્ક, ટોન્ક એવો સતત અવાજ કોઇ દૂરના ઝાડ ઉપરથી સંભળાતો માલુમ પડશે. તે અવાજ પાછળ જો તમે જાઓ તો નાનું લીલા રંગનું અને કપાળ તથા ડોકે લાલ ટીલાંવાળું પક્ષી ઘણે ભાગે પીપરના ઝાડ ઉપર જોશો. પીપરના પાન સાથે તે એવું તો મળી જાય છે કે શોધવું ભારે કઠણ પડે; અને વળી દર વખતે પોતાનું મોં જુદીજુદી દિશામાં ફેરવી અવાજ કરે છે એટલે અવાજ ક્યાંથી આવે છે તે નક્કી કરવું પણ તેટલું જ મુશ્કેલ થઇ પડે છે. છતાં એ પક્ષી યત્ન કરીને અભ્યાસ કરવા જેવું છે. આ પક્ષી માળા ખાલી કરે છે ત્યારે બબ્બઇ (બ્રાહ્મની મેના) તેનો ઉપયોગ કરે છે. આ જાતના માળા બહુ જ સહીસલામત છે. તેમાંથી ઇડાંનો નાશ કોઇ કરી શકતું નથી. તેને ભય માત્ર એક સાપનો જ છે. જો સાપ તે દરે પહોંચે તો તેઓ કોઇપણ રીતે બચ્ચાં તેમજ ઇડાંનો બચાવ કરી શકે નહિ.

આજુબાજુની વસ્તુની સાથે મળી જાય તેવા માળા બાંધી ઘણાં પક્ષીઓ પોતાનાં ઈંડાનું રક્ષણ કરે છે. ચંડુલ જમીન ઉપર ખડના કુચાનો એવો તો માળો બાંધે છે કે તેના ઉપર કોઇનું લક્ષ જ ન જાય. ટીટોડી નાના ગોળ પત્થરોમાં એવી તો



ફુલના કુંડામાં બુલબુલનો માળો

સુંદર રીતે ઈંડાં ગોઠવી દે છે કે તે કોઈની નજરે જ ન ચડે. રાજાલાલ નામનું પક્ષી વળી ઝાડની ડાળ ઉપર કુદરતી લાકડાની નાની ગાંઠ હોય તેવો માળો બાંધે છે. તે રૂપરંગમાં ઝાડમાં એવો તો મળી જાય છે કે ધ્યાન આપી જોનારને પણ ન જડે.

આ પ્રમાણે કુદરતી પ્રેરણાશક્તિથી પક્ષીઓ પોતાનાં ઈંડાં અને બચ્ચાંના સંરક્ષણ માટે પુરતું કરે છે; છતાં મેં તો જ્યાંજ્યાં પક્ષીને ઇંડાં મુકતાં ને બચ્ચાં ઉછેરતાં જોયાં છે ત્યાંત્યાં સેંકડે ૭૫ ટકા બચ્ચાં ન જીવ્યાના જ દાખલા છે.

ગયા સપ્ટેમ્બરમાં ટેલે મારા કંપાઉન્ડમાં ઢીંચણ સમા ઉગેલ ઘાસમાં ઇંડાં મુકવાં શરૂ કર્યાં. તેણે કાંઈ માળો બનાવ્યો નહોતો, પણ વારંવાર બેસી આજુબાજુના ઉંચા લીલા ઘાસની વચ્ચે એક ગોળ બેઠક બનાવી હતી. બાર દિવસમાં તેણે અંદર છ સફેદ, કેરી જેવડાં લંબગોળ ઇંડાં મુક્યાં. મોર અને ટેલ આજુબાજુ ફરે અને ઇંડાંની સંભાળ રાખે. તે ન હોય ત્યારે અમે ઈંડાં ગણવા અને જોવા જઈએ.

હવે તો ઈંડાંમાંથી બચ્ચાં થવાનો વખત આવી પહોંચ્યો હતો. એક દિવસ તો અમે ટેલને બિલકુલ જોઇ જ નહિ. ઇંડાં તો તેમનાં તેમ જ પડ્યાં હતાં. મારા એક અનુભવી મિત્રે એક ઇંડું તપાસી મને કહ્યું કે ઈંડાંને સાપની ફૂંક લાગી છે અને હવે તેમાંથી બચ્ચાં થશે જ નહિ, તેમ ટેલ પણ આવશે નહિ. અમારી દિલગીરીનો પાર ન રહ્યો. વાત સાચી હરી. બીજે દિવસે અમે બે ઇંડાં ફુટી ગએલાં જોયાં, અને ત્રીજે દિવસે તો સાપે કોઈ બધાં ઈંડાંનો નાશ કર્યો હતો.

તે જ અરસામાં મારા એક સ્નેહીને ત્યાં એક અવાવરૂ ટાંકીમાં ટેલે ઈંડાં મુક્યાં હતાં. ત્યાં તેને કશો ડર નહોતો; પણ દુર્દૈવવશાત એક સાંજે તોફાન થયું ને તે જ ટાંકી ઉપર ઝાડની ડાળી તુટી પડી અને ટેલનાં ઈંડાં ફુટી ગયાં!

એક બુલબુલનાં ઇંડાં તો અમે જીવ બરોબર સાચવતા હતા. મહા મુસીબતે તે સેવાઇને તેમાંથી ત્રણ બચ્ચાં થયાં. એક દિવસ બપોરના અમારી ગેરહાજરીનો લાભ લઇ કાગડો બે બચ્ચાં ખાઇ ગયો અને ત્રીજું નીચે પડી ગયું. અમે તે હાથ કરી માળામાં મુકયું અને દિવસરાત ચોકી કરી ઉછેર્યું.

બીજા એક બુલબુલે મારા એક સંબંધીના બગીચામાં કરેણમાં માળો બાંધી બે ઈંડાં મુક્યાં. બીજે જ દિવસે કાકાડો તે બંને ઇંડાંનો નાસ્તો કરી ગયો અને બુલબુલ માળો છોડી ચાલ્યું ગયું.

મેં એક વખત આગળ લખ્યું હતું તે પ્રમાણે ગયા ફેબ્રુઆરીમાં ફુલ ચકલીનાં ત્રણ બચ્ચાં લગભગ તેના માળામાં તૈયાર થવા આવ્યાં. અમે તે નાનાં બચ્ચાંને રોજ જોઇએ અને ખુશ થઇએ. એક દિવસે સાંજે આવીને હું જોઉં તો માળાવાળી ડાળ જ ન મળે. ડાળ, માળો અને બચ્ચાંને કોઇક ઉપાડી ગએલું. અમને આથી અપરંપાર શોક થયો. ઘડીભર તો એમ જ થયું કે પક્ષીનો અભ્યાસ કરુણરસથી ભરપુર છે. તેમાં આનંદ કરતાં દિલગીરીના પ્રસંગો જ વધુ પ્રાપ્ત થાય છે.

આ પ્રમાણે પક્ષીઓમાં બાલમરણનું પ્રમાણ ઘણું વધુ હોવા છતાં પણ એક અમેરિકન પક્ષાવિશારદે કાઢેલા આંકડા પ્રમાણે, દુનિયામાં દર ૧૦૦ એકરે ૨૨૪ પક્ષીઓ છે અને દુનિયાની માણસની વસ્તી કરતાં પક્ષીની વસ્તી ૪૦ગણી વધુ છે. તો આ મરણમાં પણ શું પ્રભુનો કાંઇ સંકેત હશે?

ગજાનન ભટ્ટ

દરદી: (દાંતનું ચોકઠું નખાવીને) સાહેબ, હવે કંઇ ખાવાનું આપશો?

ડેન્ટિસ્ટ: ભૂખ્યા, અહીં ખાવાનું તે શું તમને માગો છો? ચાલ, ચોકઠાના પૈસા આપીને જલદી રસ્તે પડ.

દરદી: પણ કહેવાય છે ને સાહેબ, કે જેણે દાંત આપ્યા તે ચાવણું પણ આપે છે?

*

ન્યાયાધીશ: (ગુનેગારને) છેલ્લી ચોરી માટે તું પકડાયો ત્યારે ફરી કોઈ દિવસ ચોરી નહિ કરવાની તેં કબુલાત આપી હતી; છતાં કેમ ચોરી કરી?

ચોર: પણ સાહેબ, આ ચોરી તો મેં રાતે કરી છે.

ઉતાકામંડથી મ્હૈસુર (અનુસંધાન પાન ૧૩૬થી)

અમને કાઠિયાવાડનું સ્મરણ થયું. બે બાજુ માઇલો સુધી લીલીછમ ખેડવાળી જમીન આંખને જુદું ટેક આપતી હતી. લોકો ઉજળાં લુગડાંવાળા ને તંદુરસ્ત લાગતાં હતાં; ગામડાંઓ આનંદભર્યા દેખાતાં હતાં. મ્હૈસુર રાજ્ય ખેતીના ઉદ્ધાર માટે અતિશય કાળજી રાખે છે તે વાતનો પુરાવો અમારી નજરે જોયો.

પણ અમારી આંખ ઠારે એવું સુંદર દૃશ્ય તો આ દેશની નારીઓ હતી. તેમનાં વસ્ત્રો અને ગુંથેલા અંબોડાથી પ્રત્યક્ષ થતી તેમના જીવનની રસમયતા અને લાલિત્ય મનોહર લાગતા. મહારાષ્ટ્રની સ્ત્રીઓએ સાડીઓ અને માથાની વેણી ખુલ્લી રાખવાના રિવાજમાં આ દેશોનું જ અનુસરણ કર્યું છે, અથવા આ દેશો જ તેના પ્રધાન પ્રચારક છે એમ અમને લાગ્યું. અહીં વળી સ્ત્રીઓ કમર પર સુંદર પટ્ટો પહેરે છે. તે રૂપાનો હોય કે સોનાનો, પણ તેથી શોભા તો વધે છે જ.

કોઇ ગામડાના એકાદ ઝુંપડા આગળ લોકજીવનની કોઇ પુરાણી વાર્તા બનાવતાં ચિત્રો નજરે પડતાં. અમારી અતિ વેગે દોડતી મોટરમાંથી મેં અને ભાઇ જોશીએ એકસાથે એક યુવતી નાળિયેર વેચનારના ઝુંપડા આગળ ઉભેલી જોઇ. તે વખતે જે છાપ પડી તે ફરી ઉપજાવવી મુશ્કેલ લાગે છે. ચોમાસાની શાંત લીલીછમ સાંજની વેળાએ આ જગત પર તેના જીવનની કઇ વાત વિચારતી અજાણ છટાથી એ ઉભી હતી તે જોનારની બુદ્ધિ અને કલ્પનાને થંભાવી દે એવું જ લાગ્યું.

નેવું માઇલનો આંક બતાવતો પથ્થર વટાવી મોટર આગળ ચાલી કે રેલવેના પાટા આવ્યા અને અમારા વિચારો આ યુગમાં પલટાયા. જંગલને બદલે નાગરિક સંસ્કૃતિનાં ચિહ્નો દેખાવાં લાગ્યાં. સાઇકલ પર બેસી જતો કોઇ જુવાન વટાવ્યો. સુંદર બાંધણીનું એકાદ નાનું સ્ટેશન વટાવ્યું.

મ્હૈસુર સાતેક માઇલ રહ્યું ત્યારે ચામુંડા હિલનાં દર્શન થયાં. આ નાના પર્વત ઉપર મ્હૈસુર મહારાજાનો અતિશય પ્રેમ છે અને ભક્તિપૂર્વક તેના પર અને એટલી શોભા અને વૈભવ પાથરે છે. પણ તેની વિગતવાર વાત હવે પછી.

મ્હૈસુરનો ટોલ આવ્યો કે તરત પથ્થરનાં બાંધેલાં



મ્હૈસુરના મહારાજા

મકાનો શરૂ થયાં. દક્ષિણ હિંદની નકશી અને મૂર્તિકામનાં ઝાડ ઉભાં હોય એવાં મંદિરો નજરે પડ્યાં. બોડિયાં મોંવાળા તથા કોઇ મ્હૈસુર રાજાની ઢબની મુછવાળા અને પાઘડીઓવાળા માણસો જોતી અમારી મંડળી સરિયામ રાજમાર્ગ પર ચાલી. મહારાજાના ઉંચા રાજમહેલના દરવાજા આગળ થઇ લાંબા સીધા રસ્તા વટાવતા અમે ઠેઠ સ્ટેશન પાસે ખાસ અલાયદા નાના સાદા સરસ બંગલાના મોટા કંપાઉન્ડમાં પહોંચ્યા.

અમારા ઉતારાના વર્ણનની તમને જરૂર નથી. ઉતારાની સગવડ બધા મુસાફરોને એકસરખી મળતી નથી. અમને તો મોટા ખર્ચે ગમે તે સગવડ મળે છે. પણ સામાન્ય સ્થિતિનાં માણસો માટે પ અહીં જોઇતાં સાધનો મળે છે ખરાં. ઉતાકામંડથી મ્હૈસુર સુધીની ચાલુ મોટર સર્વિસ છે. તેમાં પાંચ કે છ રૂપિયાની ટિકિટ માથા દીઠ પડે છે. તેનો લાભ કોઇ પણ લઇ શકે. મ્હૈસુરની મૉડર્ન હૉટેલમા રોજના બે કે અઢી રૂપિયાથી રહેવા ખાવાની અતિશય સરસ ગોઠવણ થઇ જાય છે. વિશેષ લાભ લેવાને તો અવલોકન કરનારી આંખ અને અનુભવ પીનારૂં મન જોઇએ. તેનો ઇજારો કોઇનો નથી હોતો.

એક શિક્ષક વર્ગને અપૂર્ણાંક શીખવતા હતા. એક કલાક સુધી વિવેચન કર્યા પછી છોકરાઓ કેટલું સમજ્યા છે તે જાણવા શિક્ષકે પુછ્યું, 'મનુ, કહે જોઇએ, તું એક આખું સક્કરજન લે કે બે અરધાં?'

'સાહેબ, બે અરધાં' મનુએ તરત જ જવાબ આપ્યો.

'કેમ મનુ?' નિરાશ થઇ શિક્ષકે પુછ્યું, 'તું બે અરધાં શા માટે પસંદ કરે?'

'કારણ કે એમ કરવાથી સક્કરજન અંદરથી સડેલું છે કે સારૂં એ જાણી શકાય.'

ભુરિયો

ઘડપણમાં કોઇ પુત્ર ન હોવાથી ભુરિયાને રામ બાપાએ પોતાના દીકરા જેવો લેખ્યો હતો. તેની બધી કાળજી રામ બાપા જાતે કરતા. સમયસર આરામ અને સમયસર કામ; સમયસર ખોરાક અને સમયસર ડફણાં ભુરિયાને મળે તે માટે તેના પિતા તુલ્ય રામ બાપાને ઓછી ચિંતા ન હતી.

સાંજનો સમય હતો. પ્રાણથી પણ અધિક એવા ભુરિયાને લઇને રામ બાપા ભાગોળેથી ચાલ્યા આવતા હતા. ભુરિયાના કલ્યાણ વિષે તેમના મનમાં અનેક તરંગો ચાલી રહ્યા હતા. ઘેર જવાનો રસ્તો નિશાળ પાસે થઇને જતો હતો.

'ગધેડા! ત્રણત્રણ વાર પાંચડો માંડી દીધો તો યે ન આવડ્યો? હરામખોર!' નિશાળમાંથી એક બરાડો રામ બાપાને સંભળાયો.

ત્યાં તો 'નષ્ટો મોહ: સ્મૃતિર્લબ્ધા!' રામ બાપાનાં અજ્ઞાનનાં પડળ ઉતરી ગયાં. અત્યાર સુધી તેમની માન્યતા એવી હતી કે આ નિશાળમાં છોકરાઓને જ ભણાવવામાં આવે છે. પણ ઉપલા વાક્યે તેમની માન્યતા ખોટી પાડી.

'શું ત્યારે અહીં ભુરિયો ભણી શકશે? જો એમ જ હોય તો તો એના જેવું બીજું રૂડું શું?' રામ બાપા



મનમાં વિચાર કરવા લાગ્યા. 'તો તો કાલે નક્કી ભુરિયાને નિશાળે બેસાડીએ.'

આખે રસ્તે તેમને ભુરિયાના શિક્ષણ સંબંધી જ વિચારો આવ્યા કર્યા. અને જો ભુરિયાએ 'હેં......ચી હેં......ચી...' કરીને ઘેર આવી પહોંચ્યાના આનંદમાં આલાપ છેડી વાતાવરણને ડોલાવ્યું ન હોત તો તો ઘર ક્યારે આવ્યું તેની રામ બાપાને ખબર સુદ્ધાં રહી ન હોત.

રામ બાપા ઘેર આવ્યા. ખાધું, પીધું પણ બધુ જ યંત્રવત. 'શું ભુરિયો પણ ભણીગણીને મોટો માણસ થશે?' એ જ વિચાર તેમના મનમા ઘોળાતો હતો.

પ્રાગડ વાસ્યે ઉઠીને તેમણે ભુરિયાને ઉઠાડ્યો. નિત્યકર્મથી પરવારી ઘણા ભાવપૂર્વક પોતાને હાથે તેમણે ભુરિયાને નવડાવ્યો. કપાળમાં કંકુનો ચાંદલો કર્યો; ગળામાં હાર પહેરાવ્યો. નિશાળે બેસાડતી વખતનો બધો ઠાઠમાઠ તેમણે યથાશક્તિ કર્યો.



નિશાળનો વખત થયો. ઘરમાંથી રામ બાપાની દીકરીએ આવીને ભુરિયાનાં દુખણાં લીધાં. ભુરિયાને દોરીને રામ બાપા આગળ ચાલ્યા. ભુરિયો પણ મનમાં આનંદ પામતો હોય તેમ વારે ઘડીએ પૂંછડું પટપટાવતો હતો. થોડા વખતમા તેઓ બંને નિશાળે આવી પહોંચ્યા.

ભુરિયાને નિશાળના એક લીમડા સાથે બાંધીને રામ બાપા અંદર ગયા. માસ્તરે તેમનુ સ્વાગત કર્યુ.

'બોલો કાકા, મારા જેવું શું કામકાજ છે?' માસ્તરે પુછ્યું.



'કામ તે બીજું તમ સરખા માસ્તર આગળ શું હોય? મારા ભુરિયાને તમે જો ભણાવો તો તમારો ગણ નહિ ભુલું.'

એટલું કહી તેમણે માસ્તરના કપાળ પર ચાંદલો કર્યો, પગ આગળ શ્રીફળ મુકી તેના ઉપર સવા રુપિયો મુકયો અને નિશાળના છોકરાઓને વહેંચવા માટે સાકરનો થાળ માસ્તરના ટેબલ ઉપર મુકવા લાગ્યા.

'અરે કાકા, તમે તે ગાંડા થયા? ભુરિયાને હું કેમ ભણાવું? એને ભણાવી જ કઇ રીતે શકાય?'

'ઇ ભણાવવાનું કેમ ઇ તમે જાણો. મને ભણાવતાં થોડું જ આવડે છે? પણ માસ્તર સા'બ એને સાઇ ભણાવજો!'

'કાકા, પણ એ બને જ કેમ? એને એકડો જ કેમ ઘુંટાવાય?'

'ખરીમાં ઝલાવો કે મોઢામાં ઝલાવો. પણ એને ભણાવજો. માસ્તર સા'બ, કાલ જ તમે એક ગધેડાને ભણાવતા'તા. મારે કાનોકાન મેં સાંભળ્યું છે કે 'ગધેડા, તને પાંચડો ન આવડયો!' માસ્તર સા'બ, મારા જીવના સમ. મારી ઉપર આટલી તો મે'રબાની કરો.'

માસ્તરને તો થયું કે આ ભૂત કયાંથી વળગ્યું? કોઇ પણ ઉપાયે આ બલા ટાળવી જોઇએ. પણ રામ બાપા તો ગળે જ વળગી પડયા હતા. માસ્તરની આનાકાની ઉપરથી તેમને તો ખાતરી જ થઇ હતી કે માસ્તર ગધેડાઓને ભણાવે તો છે, પણ ફક્ત પોતાના ભુરિયાને જ ભણાવવાની તેમની દાનત નથી.

છેવટે ન છુટકે માસ્તરે કહ્યું કે 'સારૂં કાકા, હું ભુરિયાને ભણાવીશ. એવો તો ભણાવી દઇશ કે થોડા વખતમાં તે માણસ થઈ જશે. પણ એ દરમિયાન તમારે તેને જોવો ન જોઇએ. નહિતો એને ઘેર આવવાનું મન થઇ જશે; અને પછી ભણવામાં એનું ચિત્ત નહિ રહે.'

ભુરિયાને ત્યાં રાખવો એ વાત પ્રથમ તો બાપાને રૂચી નહિ; પણ છેવટે ભુરિયો જો માણસ થતો હોય તો તેને માટે તેઓ એટલો ભોગ આપવા તૈયાર થયા.

'ઠીક માસ્તર સા'બ, ત્યારે હું જાઉં છું. એને બહાર લીમડે બાંધ્યો છે. પણ જોજો હો, એને બરાબર ભણાવજો.'

'કાકા, એની ચિંતા કરશો નહિ.' માસ્તરે કહ્યું.

રામ બાપા ઘેર ગયા.

નિશાળ છુટવાનો વખત થયો એટલે માસ્તરે કાનિયો, માવલો, મુળિયો, ભીમકો વગેરે છોકરાઓને બોલાવ્યા અને કહ્યું, 'છોકરાઓ, આપણે લીમડે બાંધ્યું છે એને આપણા ગામબહાર તગડી મુકી આવો.'

માસ્તરના મોંમાંથી વેણ નીકળતાં જ વાનરસેના ઉપડી. થોડી વાર સવારી કરીને તેને તગડી મુકયો. બધા ઘેર ગયા.

卐 卐

ઉપલી વાતને આજે સાત વર્ષ વીતી ગયાં છે. તે વખતના કાનિયો, માવલો ને ભીમકો આજે છઠ્ઠા ને સાતમા ધોરણમાં છે. મુળિયાને 'વન્સ મોર' મળવાથી તે પાંચમીમા છે. શાળા ચાલ્યા કરે છે.

એક દિવસ રામ બાપા નિશાળે આવ્યા. આવતાં વેંત રામ બાપાએ ભુરિયાના કુશળસમાચાર પુછ્યા.

'ઓહોહો, કાકા, તમે એના સમાચાર શું પુછો છો?' માસ્તરે કહ્યું. 'એ તો બે મહિના પહેલાં માણસ થઇને વહીવટદારની ઑફિસમાં કામ કરવા ચાલ્યો ગયો. મેં એને ઘણો યે સમજાવ્યો કે ભાઇ, તુ કાકાને તો મળતો જા. એ તારા પિતા સમાન છે. પણ એણે તો કહ્યું કે હવે તો કમાઇને જ બાપાને મોઢું દેખાડું.'

'અરેરે, મને મળતો પણ ન ગયો?' રામ બાપાએ

કોચવવાનાં કહ્યું. 'હશે! છોકરૂં છે. પણ મારે તો ગમે એમ કરીને એને મળવું છે.'

રામ બાપા ઘેર આવ્યા. ઘરમાં બધી વાત કહી. બીજે દિવસે રામ બાપા ભુરિયાને મળવા ઉપડ્યા.

વહીવટદારની ઑફિસમાં બધાં માણસો કામે ચડી ગયાં છે. કારકુનો નાકે ચશ્માં ચડાવી અને કાને કલમ ખોસીને હિસાબ ગણવામાં મશગુલ છે. એવામાં ચોરણા ઉપર કડિયું પહેરેલું, માથે ફાળિયું બાંધેલું, ને આખે શરીરે પરસેવો રેબઝેબ, એવા રામ બાપા આફિસમાં દાખલ થયા. સીધા જ મુખ્ય કારકુનના ટેબલ આગળ ગયા.

કારકુન તો નીચી મુંડીએ હિસાબ ગણતો હતો. ત્યાં જઇને બાપાએ ઘડીક ડાબી બાજુથી અને ઘડીક જમણી બાજુથી કારકુનને નિહાળ્યો.

'માળો! થઇ ગીયો છે તો માણસ!' રામ બાપા આશ્ચર્યથી મનમા બબડ્યા.

'ભુરિયા! ભુરિયા! સામુ તો જો.' અંતે રામ બાપા બોલ્યા. પણ કારકુન તો કામમા તલ્લીન હતો.

ફરી વાર રામબાપા બોલ્યા: 'ભુરિયા, હરે નથી આવવું?'

કારકુને ઉંચે જોયું. જુએ તો સામે એક પરજાપતિ ઉભા છે.

'કોનું કામ છે? કોણ છો?' કારકુને ભમર ચડાવી પુછ્યું.

'ભુરિયા, એટલી વારમાં ભુલી ગયો? ઘેર નથી આવવું?'

'ભુરિયો કોણ છે? સરખી વાત કરો. નહિતો પટાવાળા પાસે બહાર કઢાવવા પડશે.'



'ભુરિયા, આમ કાં કર? કંદિક ને રૂપિયા ન મળ્યા તો થઈ શું ગયું? આપણે પૈસા કમાવા નથી; હાલ્ય, બેઠો થા.' એમ કહીને રામ બાપાએ તો કારકુનનું કાંડું પકડ્યું.

કાંડું પકડતા જ કારકુનનો પિત્તો ઉછળ્યો! 'પટાવાળા, આને બહાર કાઢ.'

'શું છે! શું છે?' કરતો પટાવાળો અંદર આવ્યો. પોતાનાં ઝોકાંનો લાભ લઇને આ અંદર પેઠો તેથી તેને પણ ગુસ્સો ચડ્યો હતો.

'આને બે તમાચા મારી બહાર કાઢ.' કારકુને કહ્યું. અને ધડાધડ ધોલ લગાવતો પટાવાળો રામ બાપાને બહાર ખેંચી ગયો.

卐 卐

ભુરિયાએ પોતાને શા માટે ધોલો મરાવી તેની આજની ઘડી સુધી રામ બાપાને ખબર પડી નથી.

(હસ્તલિખિત 'વિદ્યાર્થી'માંથી) **તનસુખ પ્રાણશંકર ભટ્ટ**

બે સંમેલનો

(રમુજી દૃષ્ટિએ એક સ્મરણાવલોકન)

થોડા વખત ઉપર અમરેલીમાં બે સંમેલનો ભરાયાં હતાં. બંને કુમારોને લગતાં હતા. એક છાત્રાલય સંમેલન અને બીજું છાત્ર સંમેલન. બંનેને પ્રમુખો હતા. બંનેના ઉપપ્રમુખો ગેરહાજર હતા. મારા પોતાના નામમાં જે કુમારત્વ રહેલું છે તે જોતાં મને ત્યાં જવાનો હક્ક હતો; અને તે ઉપર લખવાનો હક્ક પણ એ જ કારણસર મેં ધારણ કર્યો છે.

સંમેલનોના પ્રમુખોના અને સ્વાગતમંડળના પ્રમુખનાં ભાષણો છપાએલાં છે, એટલે અહીં ફરી છાપવાની જરૂર નથી. બાકીનાં ભાષણો બોલાએલાં હતાં અને બે ભાષણો ગવાએલા હતા તે બંને પ્રખ્યાત કવિ હંસના હતાં. એક અમરેલી વિષે; બીજું સરસ્વતી વિષે. અમરેલી વિષેનું ભાષણ આ પ્રમાણે હતું. (મેં તે જ વખતે એ લખી લીધું નહિ એટલે એકાદ બે અક્ષરના ફેર હશે; પણ આમ તો તે વખતે ય હું સમજ્યો નહોતો અને હજી યે સમજતો નથી. માત્ર અવાજ અને ઉચ્ચાર જ મને યાદ રહ્યા છે.)

હડ મડ ખડ ગંડ બંડ વિકૃતા,
ગણેશ, શેષ, કેશ, ત્રેશ, બેશ વિશ્રુતા,
અલંકૃતિ ધૃતિ રતિ પતિની નિશ્રુતા
વસણી, મસણી, બારણી

અને બુદ્ધિનું મિશ્રણ થઈ જાય. એ સિદ્ધાન્ત ગામાએ પુરવાર કરી આપ્યો છે.

ભૂતકાળની હાર ન વિસરવાથી અને હજી પણ ગોરી પ્રજાના ચૅમ્પીઅન હોવાથી નસીબ અજમાવવા ઝિબિસ્કો અહીં આવ્યો છે. આવતા ફેબ્રુઆરીમાં ગામા અને ઝિબિસ્કોની બીજી વાર કુસ્તી થશે. ૧૯૧૦ના સપ્ટેમ્બરની સત્તરમી તારીખે હાજર ન થતાં આજે સત્તર વર્ષે ઝિબિસ્કો ગામાને મળવા આવે છે. એક હીંદીને છાજતી ગૃહસ્થાઇથી રુસ્તમે હિંદ ગામા આ વીરનરનું યોગ્ય સ્વાગત કરશે એમ આપણે ઇચ્છીશું.

કારણ કે ગામાના હાથમાં હિંદુસ્તાનની વીરશ્રીનું સૌભાગ્ય છે. કુસ્તીનું સમરાંગણ પંજાબકેસરી રણજિતસિંહના સમયથી અત્યાર સુધી એકધારું ખેલાતું આવ્યું છે. ૪૦૦ રતલના પ્રચંડ શરીરધારી રમજુ સરપુદીને વડોદરામાં આ સમરાંગણને શોભાવ્યું હતું. હજુ તો મુછનો દોરો ફુટતો હતો એવી ઉગતી જવાનીમાં ગૂટાએ એ રમજુના હાથમાંથી સૌભાગ્યકંકણ હરી લીધું હતું. બાવળના ઝાડને બાથમાં મારી ઉખાડી નાખનાર સીઆલકોટનો ભીમકાય શીખ કીકડસિંહ તથા અમૃતસરનો ગુલામ અલિયા જયશ્રી વરવા પચાસ હજાર પ્રેક્ષકો સન્મુખ ઝુઝેલા. રહીમ અને કરીમબક્ષ જેવા મહારથીઓની વીરહાકના પડકારની સ્મૃતિ હજુ પણ એ ક્ષેત્રમાં ઉત્સાહ અને ઉન્માદનાં પૂર ઉછાળે છે. આર્યસંસ્કૃતિના આ દેશના પ્રથમ વહેણના સમયથી સરળ ચાલતી આવેલી મલ્લવિદ્યાનો અર્વાચીન સ્વામી ગામા છે. અમૃતસરનો અહમદબક્ષ, જાલંધરનો ગમ્મુ, વગેરેની સાથે રહી ઇંગ્લંડ અને અમેરિકાના પહેલવાનોનો નશો ઉતારી નાખનાર એ ગામાના નામથી જગતના કુસ્તીબાજો ત્રાસી ઉઠે છે. કૃષ્ણચંદ્રે કેળવેલી, કૌન્તેય ભીમ, જરાસંધ, હનુમાન અને જામ્બુવાનાદિએ સજીવ રાખેલી મલ્લવિદ્યાનું ગૌરવ આ દેશમાં અત્યારે ગામાના હાથમાં છે. ભાવિની પ્રબળતા કઇ તરફ સુવર્ણકળશ ઢોળશે એ તો કોણ જાણે.

હરિનારાયણ આચાર્ય

અવરંગઝેબના સમયનું હિન્દ અને એકતાના સવાલનું સંશોધન: ભાષાન્તરકાર, 'નાદી;' પ્રકાશક, અબ્દુલ્લાહ ફખરૂદ્દીન સૈયદ, ભગાતલાબ રોડ, સુરત.

શ્રી મુંબઇ ગુજરાતી રાષ્ટ્રીય કેળવણીમંડળનો વાર્ષિક વૃત્તાંતઃ સં. ૧૯૮૧-૮૨નો; પ્રકાશક મંત્રીઓ, અશોક બિલ્ડિંગ. મુંબઈ.

ચીતરવાનું સહેલ છે

જો આ નીચે આપેલી આકૃતિ તમે સહેલાઇથી કરતા થઈ જાઓ તો



પેન્સિલના આંચકા માર્યા વિના એકધારી, એકસરખી લીટી ખેંચતાં શીખો. વળાંકા અને નાની કમાનદાર લીટીઓ અક્ષરોની પેઠે સહજ દોરી શકો એવી રીતે તમારો હાથ બેસી જાય તો આ પાઠનું કામ પુરૂં થયું. ત્યારપછી બીજા પાઠની રાહ જુઓ.

સ્વીકાર

અંજલિ (ગેય કાવ્યો) કર્તા અને પ્રકાશક કેશવ હ. શેઠ; ખડાયતા મુદ્રણકલામન્દિર અમદાવાદ, કી. રૂા. ૧ ૪-૦

રાસસંગ્રહ (ભાગ બીજો--કન્યાખંડ) સંગ્રાહક અને પ્રકાશક ચંદુલાલ પુરુષોત્તમ મહેતા; ખાડિયા અમદાવાદ: ૦-૮-૦

ફુલરાણી: લેખક-પ્રકાશક, હીરાલાલ છોટાલાલ બક્ષી: નર્મદા આશ્રમ શુકલતીર્થ.

બોધક મણકો બીજો: લેખક--પ્રકાશક, છગનલાલ ઠાકોરદાસ મોદી, સુરત.

વિલાસ-વિજય: લેખક પ્રકાશક, વિઠ્ઠલરાય નાનાલાલ પંડ્યા, માણસા; રૂ. ૧-૦-૦

છાત્રાલય કમિશન-ભાવનગર-નો અહેવાલ: પ્રકાશક શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર, ભાવનગર: ૦-૬-૦

કુમાર પત્રિકા નં. ૧: પ્રકાશક, સેક્રેટરી, ડૉ. પંડયા અભ્યાસગૃહ, પાટણ: પોસ્ટેજ સાથે કીમત ૦-૧-૦

ખાનદાની ખપ્પર (સૌરાષ્ટ્ર પરથી) પ્રકાશક, સત્યપ્રકાશક કાર્યાલય; ૪૭, સી. પી. ટેંકરોડ, મુંબાઈ ૪; ૦-૮-૦

સિંધની વિદ્વદ્‌ત્રિપુટી



આચાર્યશ્રી ગિદવાણી

યુગમૂર્તિ ગાંધીજીના પ્રતાપી વાતાવરણ પછી ગુજરાતને સમગ્ર ભારતમાં જે મહત્ત્વ મળ્યું છે તેવું અગાઉ નહોતું મળ્યું. તેમણે પોતાની સર્વ હીલચાલનું કેન્દ્ર ગુજરાતને બનાવ્યું ત્યારથી તેમના વ્યક્તિત્વને લીધે ખેંચાઈને જે અનેક મહાજનો ગુજરાતમાં આવીને ઉતર્યા તેમાં શ્રી ગિદવાણીજીનું નામ અગ્રસ્થાને રહેશે. જગતના કોઇ પણ વિદ્યાલયને શોભાવે એટલી વિદ્વત્તા અને યૂરોપના સંસ્કારોની જબરી અસર છતાં દેશની પહેલી હાકલે ભારે મોભો, માન અને આરામની પદવી છોડી પરપ્રાન્તની સેવામાં એકનિષ્ઠાથી ઝુકી પડનાર એ શ્રી અસુદમલ ટેકચંદ ગિદવાણી ઉપર જ ગુજરાત વિદ્યાપીઠનો પાયો નંખાયો હતો. અંગ્રેજી સાહિત્ય અને રાજકારણના પ્રખર સ્વામી અને અભ્યાસી છતાં દેશની ભાષામાં વ્યવહાર થવો જોઇએ એ સિદ્ધાંત માટે હિંદી, ગુજરાતી અને સિંધીમાં ભાષણો આપતાં તેમને શી મુસીબતોમાંથી પાર થવું પડ્યું હશે તે જન્મથી ગુજરાતી બોલનાર નહિ સમજી શકે. તેમના નિકટ પરિચયમાં આવેલા વિદ્યાર્થીઓની તેમના તરફની ભક્તિ, માન અને નિષ્ઠા તેમની વિદ્વત્તા ઉપરાંતની એમના જીવનની બીજી સુકોમળ બાજુ બતાવે છે. પિતા જેવું વાત્સલ્ય, મિત્ર જેવો આવકાર અને બાળક જેવી નમ્રતાવાળા ગિદવાણીજીને ગુજરાતના વિદ્યાર્થીઓ નહિ ભુલી શકે. ગુજરાત વિદ્યાપીઠ ન હોત તો ગુજરાતને વિદ્વત્તાનાં આવાં સુભગ દર્શન ક્યારે થાત?



આચાર્યશ્રી કૃપાલાની

પેલો ફકીર જેવો બેપરવા દેખાવનો જુવાન માણસ કોણ છે? એ સહજમાં હસ્યા કરે છે; માનપાનની તેને દરકાર નથી; શોભા શણગારની ચિંતા નથી: પણ બોલે છે ત્યારે દાઢ પીસી, તીણી આંખ કરી, તાતાં તીર જેવાં વેણ છોડે છે. એનો કરકરો અવાજ સૌને સ્તબ્ધ કરે છે. થોડાં વાક્યોથી એ સામી દલીલોને જમીનદોસ્ત કરી નાખે છે. એ—એ જ આચાર્ય જીવતરામ ભગવાનદાસ કૃપાલાની. વિદ્યાર્થીઓ તેની પાછળ દીવાના સરખા છે. તે કોઈના અભિપ્રાયથી દબાય એમ નથી. ખુદ ગાંધીજીને પણ એ સખત શબ્દો સંભળાવવા હોય તો સંભળાવી દેવાની તેનામાં હામ છે; છતાં તેમના સત્યાચારને એ ઝુકીને નમન કરે છે—અધીન થાય છે. વિદ્યાપીઠના અનેક મામલામાં અણગમતે મને પણ તેણે કામ ઉઠાવ્યું છે. પ્રચંડ જ્વાળામુખી ભાર્યો હોય એવું એનું હૃદય દેશના પ્રશ્નો વિષે ધીકી રહ્યું છે. સરકાર સામે તો એની સદા યે કરડી આંખ છે, અને ગાંધીજીનો રચનાત્મક કાર્યક્રમ ન મંડાયો હોત તો એના જેવા માણસને સરકાર એક દિવસ પણ હિંદની ભૂમિ પર છુટો ન રહેવા દે એમ જરૂર લાગે; કારણકે તેની નજરે દેશના આળા ભાગો પર પરદેશી જળો ચોંટેલી સ્પષ્ટ દેખાય છે. એ ફકીર કૃપાલાનીની બીજી જોડ હજી મળી નથી. ત્યાગથી જ એ ખતમ થવા માગે છે. આજ ગુજરાત છોડી એ પાછા પોતાના બનારસના મુળ અખાડામાં ગયા છે.

અધ્યાપક મલકાની

ત્યાગના વાતાવરણમાં લલિતકળાનો ક્યાં આશરો ? પણ અધ્યાપક નારાયણ ર. મલકાનીએ તો રાષ્ટ્રીય શિક્ષણ અને



ખાદીનો ભેખ સ્વીકારતાં છતાં પોતાના જુના કલાપ્રેમને છોડ્યો નહિ. પરંતુ એમાં યોગ્ય ફેર એટલો થઇ ગયો કે એનામાંથી યૂરોપની વાસનાભરી કલાકૃતિઓની પૂજા ઓછી થઈ અને તેને સ્થાને હિંદની પ્રાચીન કળા અને સ્થાપત્યનો અનેરો પ્રેમ એનામાં ઝળક્યો. એ પ્રેમ પુસ્તક-પ્રાપ્ત નથી, પણ એના જીવનની પરમ ભક્તિ છે. સૌન્દર્યનાં દર્શન આગળ તે મસ્ત થઇ જાય છે, નાચે છે, ઉછળે છે, આનંદે છે, અને તેના સહવાસીઓને—વિદ્યાર્થીઓને પોતાના ટોળામાં ખેંચે છે. એને કોઈ ધુની કહે છે, કોઇ દીવાના પણ કહે છે; પણ એ તો એની ઉપાસનામાં અવિરતપણે મસ્ત્યા જ રહે છે. એકાદ સુંદર સ્થળની વાત તેને કાને પહોંચે કે પહેલી તકે એ ત્યાં પહોંચ્યા જ હોય. એ પ્રેમે તેને બાહોશ ઍમૅચ્યુઅર ફોટોગ્રાફર બનાવ્યા છે. ગુજરાત કાઠિયાવાડનાં રમ્ય ને અદ્દ્ભુત સ્થળો કદાચ ખુદ ગુજરાતનાં વતનીઓએ નથી જોયાં એટલાં બધાં એ ખુંદી વળ્યા છે: મોટાં માણસોને ઘેર મહેમાન થઇને નહિ પણ ગરીબોના સાથમાં. ગામડિયાઓની મૈત્રીમાં સેવા ને સહકાર આપતાં એણે ગુજરાતનો પ્રેમ મેળવ્યો છે.

અજંતા ને કાશ્મીરનાં વ્યાખ્યાનો આપતાં તેના મુખમાંથી જાણે સ્તોત્રો ને કાવ્યો સરતાં. સુંદર શબ્દમાળાની પરંપરાથી શ્રોતાજનોને મુગ્ધ કરી દેવાની અજબ સર્ગશક્તિ ધરાવતા અને અંગની છટા ને લહેકાઓ વડે વિનોદ અને રસનું વાતાવરણ જમાવતા અધ્યાપક મલકાનીની ખોટ ગુજરાતને જણાશે જ. આજે એ પોતાના પ્રાંતમાં હૈદ્રાબાદની કાલેજના અધ્યાપક તરીકે અને સમાજસેવક તરીકે સેવા અર્પી રહ્યા છે.

સ્વીકાર

સિતમગર સુલ્તાન અથવા તલ્વાર અને કુરાનઃ 'ગુજરાતી'ની ૪૪મી ભેટ: પ્રયોજક, ઠક્કુર નારાયણ વિસનજી; પ્રકાશક, 'ગુજરાતી' આફિસ; કી. ૩-૦-૦ **ચીનગારીઃ** લેખક અને પ્રકાશક, સુંદરલાલ નાથાલાલ જોશી, નડિયાદ; કી. ૦-૧૨-૦ **સુંદર વાતોઃ** લેખક, ગિજુભાઈ; પ્રકાશક, ગૂજરાત સાહિત્ય મંદિર અમદાવાદ; કી. ૦-૬-૦ **દેવ-કથાઓઃ** લેખક; ચંદ્રશંકર મ. ભટ્ટ; પ્રકાશક, ગૂજરાત સાહિત્ય મંદિર અમદાવાદ; કી. ૦-૬-૦



ઉ ગ તી પ્ર જા

વિદ્યાર્થીઓનો સત્યાગ્રહ

ઉગતી પ્રજામાં વ્યાપતી આવતી જાગૃતિની ચેતનાનો એક તેજસ્વી તણખો ધર્મજના સાહસિક વિદ્યાર્થીઓએ ત્યાંના સમાજ સામે કરેલા સુંદર સત્યાગ્રહ વડે બતાવી દીધો છે. ચરોતરના એ ગામમાં ગઇ તા. ૨૩-૧-૨૮ના રોજ એક ગૃહસ્થે પોતાની માતાના બારમાનું જ્ઞાતિભોજન કરાવેલું. તેને વિષે ગામના જુવાનવર્ગ તથા કેટલાક ગૃહસ્થોમાં અણગમો પેદા થયો અને ચર્ચાને અંતે આવી સામાજિક કુરુઢિઓ સામે કંઇક અસરકારક પગલું ભરવાનું વિદ્યાર્થીમંડળે ઠરાવ્યું. પરિણામે ઘણાએ નીચેના ત્રણે, અથવા તેમાંથી એક કે બે પ્રતિજ્ઞાઓ લીધી: 'એ જમણવારોમાં (૧) પંગતમાં બેસીને કે પિરસણ લઇને જમશું નહિ; (૨) તે દિવસે ઉપવાસ કરીશું; (૩) પરિણામે ઘર કે કુટુંબમાંથી જે કંઇ ત્રાસ ખમવો પડશે તે રાજીખુશીથી ખમાશું.'

આવું પગલું ભરવાને લીધે વડીલોનો કોપ ઉતરે એ તો સ્વાભાવિક છે. પણ વિદ્યાર્થીમંડળે તે શાંતિથી ખમી લીધો. કેટલાક વડીલોએ તો વિદ્યાર્થીઓને મળતી અર્થિક મદદ તેમજ મકાનોનો ઉપયોગ ખેંચી લેવાની ધમકી આપી; છતાં જુવાનો તો મક્કમ જ રહ્યા. જમણને દિવસે ૨૮૫ વિદ્યાર્થીઓએ જમણમાં ભાગ ન લીધો, અને ઘણાએ તો લાંઘણ પણ કરી, જેમાં કેટલાક તો કુમળા બાળ હતા.

આ વિદ્યાર્થીઓને ધન્યવાદ આપતાં 'નવજીવન'માં ગાંધીજી લખે છે કે, 'જેમ સ્વરાજની તેમ સમાજસુધારાની તથા ધર્મરક્ષાની ચાવીઓ પણ વિદ્યાર્થીઓ પોતાના ખીસામાં લઇને ફરે છે. પ્રમાદને લીધે કે બેદરકારીથી પોતાના ખીસામા રહેલી એ અમૂલ્ય વસ્તુની તેમને ખબર ન હોય એ સંભવે છે. ધર્મજના વિદ્યાર્થીઓનું જોઇને બીજા વિદ્યાર્થીઓ પોતાની શક્તિનું માપ કાઢી લેશે. . . . આ જાગૃતિ કાયમ રહેશે તો ફરી પાછું બારમું કરવાની હિંમત કોઈ શેઠિયાની નહિ ચાલે એમ માની શકીએ. ઘણા દિવસનો એકઠો થએલો સડો ફુંક મારતાં દૂર નથી થવાનો. તેને સારૂ ધીરજની અને આગ્રહની હમેશાં જરૂર હોય છે.'

ખરી હોળી

જુવાન ચરોતરની ચેતનાનો બીજો તણખો સુણાવે પુરો પાડ્યો છે. સુણાવનું રાષ્ટ્રીય વિનયમંદિર ગુજરાતમાં અમુક

રીતે આખરે ગણાય છે. ત્યાંના વિદ્યાર્થીઓએ ગઈ હોળીના તહેવારોમા પોતાના તથા આજુબાજુનાં આઠદસ ગામોમા અનેક રીતે નવું જીવન રેડવાનો સક્રિય પ્રયત્ન કર્યો હતો. લગભગ પોણાબસો વિદ્યાર્થીઓના સરઘસે ગામમાંથી વિલાયતી કાપડ ઉઘરાવી રાત્રે તેની હોળી કરી, ખાદીનો મહિમા સમજાવી સ્વદેશી વ્રત લેવડાવ્યાં, ફળિયેફળિયે અંગકસરતના ખેલો કર્યાં, અને રાત્રે નાટ્યપ્રયોગો તથા નાનાં વ્યાખ્યાનો વડે દેશની પરિસ્થિતિનું જનતાને ભાન કરાવ્યું.

પણ આ બધાને ઉજાળે એવું સુંદર કામ તો એમણે સુણાવ ગામની સફાઇ કરીને કર્યું. વર્ષો સુધી ફળિયામાં, મોરી નીચે, ભાંતોના લગોલગ ઉકરડાના જે ઢગના ઢગ જામ્યા રહેતા તથા ઠેરઠેર કાયમ કીચડ ભરાવા રહેતા તે બધું સ્વચ્છ કરી નાખીને આશરે પચાસેક ગાડાં કચરો ગામમાંથી કાઢ્યો. અને તેમના આ કામ કરવાની સામે જે મુરબ્બીઓ નારાજ થઇ પહેલાં ધુંધવાતા હતા તે જ વડિલો ખુશખુશ થઇ ગયા એટલી સફાઇ તેમણે કરી બતાવી.

જુવાન લોહી જ્યારે કોઇપણ કામ હાથ લે છે ત્યારે તેને પાર મુકયે છુટકો કરે છે અને તેને જુવાનીના તેજથી ઓપાવી દે છે. સમાજમા ને દેશમાં એવાં કેટલાં યે કામો જુવાનોના પાવનકારી સ્પર્શની રાહ જોતા પડી રહ્યા છે. માત્ર જુવાનો જાગવા જોઇએ.

ઉમરેઠનું વિદ્યાર્થીસંમેલન

દર વર્ષની આખરે થતી ઉમરેઠના વિદ્યાર્થીઓની આ પ્રવૃત્તિથી 'કુમાર'ના વાંચનારાઓ અપરિચિત નથી. ગયા વર્ષ આખરે અમુક કારણોને લીધે ન ભરાઇ શકેલું સંમેલન તેઓ આવતા માસમા ભરવાના છે. પ્રાંતના વિદ્વાનો તથા અગ્રણ્ય પુરુષોને તે દિવસોમાં આમંત્રી તેમનાં વ્યાખ્યાનો ઈત્યાદિથી, તથા પ્રદર્શન, નાટ્યપ્રયોગો અને આનંદબજાર જેવી પ્રવૃત્તિઓથી તેઓ ત્યાંની કુમળી પ્રજા અને નાગરિકોમાં સંસ્કાર અને જ્ઞાનના પ્રચારના સુંદર પ્રયત્નો કરે છે. ઈચ્છીએ કે હવે તેઓ કોઈ સ્થાયી રચનાત્મક પ્રવૃત્તિ ઉપાડે.

ગુજરાત વ્યાયામ પરિષદ

ગઇ સાલમા અણધાર્યા સંજોગોને કારણે મુલતવી રહી ગએલું ગુજરાત વ્યાયામ પરિષદનુ પ્રથમ અધિવેશન આવતા મે માસની પાંચમી-છઠ્ઠી તારીખોએ નડીઆદ મુકામે ભરવાનં નક્કી થયું છે. ગુજરાતની અખાડાપ્રવૃત્તિમાં સંગીન હિસ્સો પુરનાર પુરાણી ભાઇઓમાંના એક અને આ વ્યાયામ પરિષદની સ્વાગત સમિતિના મુખ્ય મંત્રી શ્રી. છોટાલાલ પુરાણી ગુજરાત કાઠિયાવાડના યુવકો અને વ્યાયામપ્રેમીઓને અનુરોધ કરે છે કે આવતા મે માહનાની ૫-૬ તારીખના રોજ એક પણ યુવાન ઘેર નહિ રહેવો જોઇએ ગુજરાતના યુવાનો વ્યાયામ પરિષદમાં હાજરી આપે. ગુજરાતની સંકલિત વ્યાયામપ્રવૃત્તિની યોજના ઘડવામાં ભાગ લે અને પરિષદમાંથી પ્રેરણા પામી તેના તણખા ગુજરાતભરમાં ફેલાવે.

બા ળ વિ ભા ગ



• પાંચીકડાં

"વીરપસલી આપે જો વીર,
કેવાં કેવાં દેશે ચીર?
મેઘધનુની સાડી કરૂં,
પ્હેરી તારી સાથે ફરૂં.
બીજું શું શું દેશે બોલ?
ક્યારે પાળે આપ્યા કોલ?"

"તારા સમર્પિના સાત,
પાંચીકડાંની કેવી જાત!
હમણાં લાવું. ગમશે બેન?
મુકીશને તું તારૂં વેન?
સાથે બેની' રમશું રોજ,
છલકાશે હૈયાના હોજ."

'મશાલ'

ઍન્ટોનિયો કેનોવા

ઇટાલીનો ઉજળો દેશ છે. ત્યાં એક ગામડાની શેરીમાં હાથમાં માટીનો પીંડો લઇ એક છોકરો દોડ્યો જતો'તો. શેરીમાં રમતાં છોકરાંએ એને બોલાવ્યો. પણ એ તો ઝટપટ ઘેર પહોંચી ગયો.

'મા! મા! જો તો ખરી!' માટીનો પીંડો બતાવી એણે કહ્યું. 'આમાંથી કેવા સરસ કિલ્લા ને પક્ષીઓ ને ફુલ હું બનાવીશ!' ને એ નાનકડો શિલ્પી ખાધા-પીધા વગર એના ઘાટ ઘડવા બેસી ગયો.

એટલામાં એના મામા મળવા આવ્યા. રાજ-મહેલના એ મુખ્ય રસોયા હતા. આમ તો એ બહુ આનંદી સ્વભાવના હતા, પણ આજ કશાક કારણથી એ ઉદાસ બનીને કપાળે હાથ મુકીને બેઠા.

'કાં ભાઇ, આજ ચિંતાતુર કેમ જણાય છે?' ઍન્ટોનિયોની માએ પુછ્યું.

'અરે! કાંઇ કહેવાની વાત નથી. આવતી કાલે જબરી મિજબાની થવાની છે ને એ વખતે મિજબાનીના ટેબલ માટે અગાઉ ક્યાં ય ન જોવામાં આવી હોય એવી શણગારની નવી ચીજ મારે શોધવાની છે.'

'પણ તુ એવો હોશિયાર છે કે વિચાર કરીશ તો જરૂર એવું કાંઇક શોધી શકીશ.'

'મને કાંઇ જ નથી સુઝતું.' અત્યંત દુ:ખી સ્વરે એ બોલ્યો, 'એ જ દુ:ખ છે ને? કિલ્લા, પક્ષીઓ, ઝાડ, ફુલ ને એવાએવા શણગાર જોઇ અમીર હવે કંટાળી ગયા છે. પૈડાંને ઠેકાણે મુળાનાં પતીકાં મુકીને ગાજરમાંથી મેં આબેહૂબ બનાવેલો રથ પણ હવે એમને ગમતો નથી;–અરે! ખોરાકની ભાતભાતની વાનીઓ વડે મેં બનાવેલી સાચા જેવી ઘડિયાળની સામું યે એ હવે જોતા નથી. હવે મારે કરવું શું?' ને નિરાશ થએલો એ આદમી આડુંઅવળું જોયા વગર નીચું મોં રાખી આગળ થયો.

'અરર! મારો હંસ! ઓ ભલા માણસ! તેં બધું બગાડી માર્યું!' ઍન્ટોનિયો ચીસ પાડી ઉઠ્યો. એના મામાના પગ સાથે અથડાવાથી એનો હંસ બીલકુલ ભાંગીને લોચો થઇ પડ્યો હતો.

'દાઝ તો એવી ચડે છે ને!' મામા સામી વાળેલી મુઠ્ઠી ઉગામી ઍન્ટોનિયો ગુસ્સામાં બોલી ઉઠ્યો.

'બેટા!' ઍન્ટોનિયોની મા બોલી, 'આજે એ બીચારો બહુ જ ઉદાસીન છે. આપણે દિલગીર થવું જોઇએ કે એને કાંઈ મદદ નથી કરી શકતા. જોને, એ બીચારો તારે માટે વારંવાર કેવી મીઠાઇ લેતો આવે છે!'

'હા, લાવે છે તો ખરા!' ને એ જ પળથી ઍન્ટોનિયો ઉંડા વિચારમાં ડુબી ગયો.

બીજે દિવસે સવારે એણે જઇને મહેલના રસોડાનું બારણું ઠોક્યું.

'મામા, ચિંતા કરશો મા. રાજાજીના ટેબલ પર મુકવા હું તમને કાંઇક નવી વસ્તુ આપીશ;–એવી કે કોઇએ જન્મારામાં જોઇ ન હોય. મને માત્ર માખણનો મોટો પીંડો આપો ને એકાંત ઓરડો આપો, જ્યાં મને કામ કરતો કોઇ જોઇ શકે નહિ.'



'ભલે.' મામાએ કહ્યું 'પણ મને તો લાગે છે કે તું માખણ બગાડવાનો. છતાં પ્રયત્ન કરી જો.'

પુરા બાર કલાક સુધી ઍન્ટોનિયો પોતાના કામ પર મચ્યો રહ્યો. તેનો મામો વારંવાર બારણામાંથી એના અદ્ભુત કામ વિષે ટીખળ કરી સમાચાર પુછતો. પણ એ મશ્કરીની ઍન્ટોનિયોએ પરવા કરી નહિ.

પણ સાંજ પડવા આવી ને ખાણાનો સમય થયો કે ફટાક સરખું એણે બારણું ઉઘાડી નાખ્યું ને પોતાનું નાજુક કામ મામાને બતાવ્યું.

માખણના એ પીંડામાંથી, જાણે હમણાં ત્રાડ નાખશે એવો આબાદ સિંહ એ બાળક શિલ્પીએ ઘડી કાઢ્યો હતો: ચહેરાથી તે પુંછડી સુધી એકેએક વિગતમાં જરા યે ભુલ વગરનો સપ્રમાણ અવયવોવાળો સિંહ!

ટૅમોસો (એનો મામો) તો એ જોઇ દિંગ થઈ ગયો! પણ એથી યે વધુ નવાઇ તો જ્યારે ટેબલ ઉપર આ સિંહ નજરે પડ્યો ત્યારે અમીરને અને મહેમાનોને લાગી. એ સિંહનું કળાકામ ને રસોયાની કુશળતા બે જ વાત આખી મિજબાનીમાં ચર્ચાઇ રહી.

રસોયાની કારીગારીથી ખુશ થઇ જઇને અમીરે એને બોલાવવા માણસ દોડાવ્યો ને પ્રશંસાથી એને નવાજી દીધો. પણ એકાએક ટૅમોસો રડી પડ્યો.

'એ સિંહ મેં નહિ, પરંતુ બીજા કોઇએ બનાવ્યો છે.' ડુસકાં ખાતોખાતો એ બોલ્યો.

'ત્યારે જલદી એને અહીં બોલાવી લાવ.'

થોડી જ વારમાં ટૅમોસો એક નાનકડા ચીંથરે-

હાલ ગભરાતા છોકરાને લઇને આવ્યો. મહેમાનો તો એને જોઇ આશ્ચર્યથી સ્તબ્ધ થઈ ગયા. આંખ ઉઘાડતાં યે ડરનારો એ છોકરો પોતાની પ્રશંસા તો શી સાંભળે જ?

પણ એ જ દિવસથી ઍન્ટોનિયોનું નસીબ ખુલી ગયું. અમીરે એને એ વખતના સૌથી વધુ કુશળ શિલ્પી ટૅરેટો પાસે કામ શીખવા મુક્યો ને એની સંભાળ નીચે ઍન્ટોનિયોએ એવી ઝડપી પ્રગતિ કરી કે એ જ વરસ પછી બાર વરસના એ શિલ્પીએ અદ્‌ભુત કુશળતાથી ઘડેલાં ફળોથી ભરેલી આરસની બે સુંદર ટોપલીઓ અમીરને ભેટ ધરી. આ ટોપલીઓ વેનિસના ફેલિયરી મહેલમાં આજે પણ જોવા મળે છે.

સૈંકડો વર્ષ પૂર્વેની આ ખરી બનેલી વાત છે. આજે તો ઇટાલીના એ મશહૂર શિલ્પી ઍન્ટોનિયો કૅનોવાની કૃતિઓનાં ભારે મૂલ અંકાય છે. (અનુવાદ)

ઉગતા ચિત્રકારો !

દેશના કામમાં સહાય કરો

પરદેશી કાપડથી દેશને લાગતો ઘસારો અને તે માર્ગે થતો નાણાંનો વ્યય બતાવતું

એક પોસ્ટર ચિત્ર

જોઇએ છે

સૌથી સફળ કૃતિ માટે રૂ. ૨૫નું ઇનામ નક્કી થયું છે. બીજાં એથી ઉતરતાં ચિત્રો માટે પણ લાયકાત મુજબ નિર્ણય થશે.

❚ હિંદનો કોઈ પણ ચિત્રકાર ભાગ લઈ શકશે.
❚ ૧૦×૧૨ ઇંચના માપના કાગળ પર ચિત્ર કરી મોકલવું જોઇએ. ❚ ચિત્રમાં સૂચક વાક્યો કે શબ્દો અંગ્રેજી અથવા દેવનાગરી લિપિમાં મુકવા.
❚ ચિત્ર એપ્રિલની આખર સુધીમાં 'કુમાર'ના તંત્રીને **કુમાર કાર્યાલયમાં** પહોંચી જવું જોઇએ.

રંગપુરણી અને નામકરણની ઈનામી હરીફાઈઓનાં પરિણામ

'કુમાર'ના આ વર્ષના પહેલા (૪૯મા) અંકમાં જાહેર થએલી આ બંને હરીફાઇઓમાં મળી કુલ ૧૬૬ જણે ભાગ લીધો હતો. નામકરણ હરીફાઇમાં એક પણ નામ ધાર્યા જેટલું સરસ આવ્યું નથી. રંગપુરણીની હરીફાઇમાં પણ બહુ જ ગણ્યાગાંઠ્યા નમુનાઓ સ્વચ્છ અને સમજપૂર્વકનું કામ બતાવી શક્યા છે. છતાં આ હરીફાઇમાં આટલા ઉમંગભેર ભાગ લેનાર એ ભાઇબ્હેનોને ધન્યવાદ તો અવશ્ય ઘટે છે.

રંગપુરણી હરીફાઈમાં ૧૫ વર્ષની ઉપરની વયમાં પ્રથમ આવનાર ભાઈ પ્રેમજી કાનજી ગોહેલ (જોડિયા-કાઠિયાવાડ)નું જ કામ આખા સંગ્રહમાં અમને શ્રેષ્ઠ લાગ્યું છે. અને એમને પહેલું રૂ. પાંચનું ઇનામ મળે છે. એ વિભાગનું બીજું ઈનામ રૂ. ત્રણનું, ભાઈ ઠાકોરલાલ કાળીદાસ મિસ્ત્રી (અમદાવાદ)ને મળે છે.

૧૫ વર્ષ ઉપરની વયના સ્ત્રી વિભાગમાં કોઈ સારૂં ચિત્ર નથી કરી શક્યું; પણ બ્હેન નર્મદા રાવળ (ભાવનગર) અને કુમારી કૃપા હરેન્દ્રરામ મહેતા (સાન્તાક્રુઝ) એ બંનેને બબ્બે રુપિયાનાં આશ્વાસક ઇનામો મળે છે.

૧૫ થી નીચેની વયનાંઓમાં પહેલું ઈનામ રૂપિયા બેનું ભાઈ હીરાલાલ ફુરાલભાઇ પટેલ (આણંદ)ને, બીજું ઇનામ રૂ. એકનું ભાઇ નારણદાસ મથુરદાસ ઠક્કર (ઘાટકોપર)ને અને ત્રીજું રૂ. એકનું ઇનામ ભાઇ ફિદાહુસેન એહમદઅલી મેસીવાલા (ખંભાત)ને મળે છે.

અને ૧૫ વર્ષ નીચેની કન્યાઓમાં બ્હેન જીવંતિકા ગિરધરલાલ શાહ (અમદાવાદ)ને તથા બ્હેન નીલમગૌરી મગનલાલ જોશી (જેતપુર)ને બંનેને એકેક રૂપિયાનાં આશ્વાસક ઈનામો મળે છે

નામકરણ હરીફાઇમાં 'મયૂર વસંતે' એ નામ શોધી કાઢવા માટે રૂપિયા બેનું ઇનામ ભાઇ કાન્તિલાલ લક્ષ્મીશંકર ત્રિવેદી (અમદાવાદ)ને જાય છે. કેટલાંકે નામ માટે કવિતાની લીટીઓ અથવા લાંબાં વર્ણનો લખી મોકલ્યાં છે. એક ભાઇએ તો એક રૂડું 'ગીત' મોકલી છે. 'ઝીણા મોર બોલે છે લીલી નાઘેરમાં' એ કાઠિયાવાડી લોકગીતની કડી ત્રણ ચાર ઠેકાણેથી આવી છે. એ લાગે છે ઠીક, પણ નામ માટે એટલી લાંબી કડી અરોચક છે; અને ઉપરાંત નાઘેરની ભૂમિ આવી નથી. આ જાતનું 'વનપરી' ચિત્ર અમે બે વર્ષ પર આપેલું તે પરથી કોઇએ 'વનલીલા' ને 'વનશ્રી' નામો પણ મોકલ્યાં છે. એ સિવાય આવેલાં નામોમાં 'વસંત-પ્રભાત', 'મયૂર-વિહાર', 'વસંત-લીલા' અને એક તો 'ફિરાકે ગુલશન' જેવું નામ પણ આવ્યું છે

હરીફાઇનાં પરિણામો ભલે ગમે તેવાં હોય, પણ આટલાં ભાઇબ્હેનો હરીફાઈમાં ભાગ લેવા આટલા ઉમંગથી તૈયાર થાય એ જ અમારે મન તો ઘણી આશા ને આનંદની વાત છે. એ સૌને અમે ફરીથી ધન્યવાદ આપીએ છીએ.



માધુકરી

સ્થળેસ્થળ નવપલ્લવના પુંજ,
નદી ને તળાવ કેરી કુંજ,
કોમળી કવિતા સમ સુ-રસાળ,
સિન્ધુ જ્યાં દે મોતીના થાળ;
જગજૂનાં નિજ ગીત ગર્જતો ફરતો સાગર આજ.
કેસર ઉછાળી ઘુઘવે ગરવો વનમાં જ્યાં વનરાજ:
હિંદમાતાની લાડિલી બાળ
ગુર્જરી જયજય તવ ચિરકાળ!

—કવિ નાનાલાલ

સાક્ષર સમાજસુધારક અને શાંત સેવક સર રમણભાઈ

સુતરના એક વખતના નવાબના નાગર કારભારી નીલકંઠ મહેતાએ એટલી નામના મેળવેલી કે ત્યારથી એમના વંશજોની અટક નીલકંઠ બની ગઈ. એ નીલકંઠ મહેતાના વડનગરા નાગર કુટુંબમાં ગઇ ઓગણીસમી સદીમાં એક દઢાગ્રહી, બુદ્ધિમાન અને તેજસ્વી વંશજ પાક્યો. એણે એ જમાનામાં, જે કામ કરતાં માણસો કંપતાં એવું ત્રાસભર્યું વિલાયત જવાનું કામ કર્યું અને એ 'કાળું પાણી ઓળંગવા'ના ભયંકર (!) ગુનાહ માટે સમાજ અને ન્યાતનો કારમો ખોફ નિશ્ચલપણે વહોરી લીધો. ગુજરાતના એ સમયના એ વિખ્યાત કેળવણીકાર મહીપતરામ રૂપરામ નીલકંઠના નામથી સુશિક્ષિત ગુજરાત અત્યારે ઠીક જાણીતું છે અને ઘણા તો એમના હાથ તળે કેળવણી પામ્યાનો ગર્વ ધરાવે છે.

આવા પિતાને ત્યાં ૧૮૬૮ના માર્ચની તેરમી તારીખે રમણભાઇનો જન્મ થયો. સામાન્ય રીતે કુટુંબમાં સૌથી નાનો બાલક સૌથી તેજસ્વી હોય છે. રમણભાઇએ આ માન્યતા સાચી પાડી, અને ચોથા જ વર્ષથી પિતાને હાથે કેળવણી પામવી શરૂ કરીને ૧૫મે વર્ષે સારા માન સાથે એમણે મટ્રિકની પરીક્ષા પસાર કરી.

૧૮૮૪માં ગુજરાત કૉલેજમાં દાખલ થઈ એમણે સ્કૉલરશિપ મેળવી; પણ પછી એ સ્કૉલરશિપ છોડી દઈ એ મુંબાઇની એલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ થયા. અહીંથી એમના સાહિત્યજીવનનો પાયો નખાયો અને 'મકરન્દે' ગુજરાતી સાહિત્ય અને કાવ્યમધુના પરાગ ઝીલવા ને આપવા માંડ્યા. પ્રો. બ. ક. ઠાકોર, સર મનુભાઇ નંદશંકર, સ્વ. મણિશંકર રત્નજી ભટ્ટ વગેરે જેવા સહાધ્યાયીઓ સાથે ગાળેલું મુંબાઇનું એમનું એ કૉલેજજીવન ઉજમાળું અને રસમસ્ત હતું. ૧૮૮૭માં એ બી. એ. થયા ને '૮૯માં એલએલ. બી. થઇ અમદાવાદની કોર્ટમાં નોકરી સ્વીકારી.

આ અરસામાં એમનાં પહેલાં પત્ની સ્વર્ગસ્થ થતાં એમનું બીજી વારનું લગ્ન રા. નરસિંહરાવ ભોળાનાથનાં બ્હેનનાં પુત્રી—હાલનાં લેડી વિદ્યાગૌરી સાથે થયું. એમનું જાહેર સાક્ષરજીવન પણ આ જ સમયથી શરૂ થયું. '૮૭માં બી. એ. થઇને એમણે પ્રાર્થનાસમાજ તરફથી પ્રસિદ્ધ થતા 'જ્ઞાનસુધા' માસિકનું તંત્રીપદ સ્વીકાર્યું અને ત્યારથી તે ઠેઠ ૧૯૧૮માં એ માસિક બંધ થયું ત્યાં સુધી એમણે એ સ્થાનેથી કાવ્ય, સાહિત્યચર્ચા, વિવેચન, ધર્મપ્રવચન અને સમાજસુધારાના નિબંધો આદિ અનેકવિધ સ્વરૂપે અવિરત સાહિત્યસેવા કર્યા જ કરી.

'જ્ઞાનસુધા'ના એ સમયના અંકો એક રીતે એ કાળના જુવાન સાહિત્યરસિકોના કાર્ય અને વિકાસનો રસભર્યો ઇતિહાસ દાખવે છે. સ્વ. મણિલાલ નભુભાઈ પોતાના માસિક 'સુદર્શન'માં નવા સમાજસુધારા સામે જે પ્રકોપવાણી પ્રગટાવતા તેના મર્માળા ઉત્તરો રમણભાઇનું 'જ્ઞાનસુધા' આપતું. નર્મદ-દલપત યુગ ખતમ થયો હતો અને નવા અંગ્રેજી તથા સંસ્કૃત સાહિત્યનાં જળમાં અવગાહન કરી એ સાહિત્યના રંગે રંગેલી શિષ્ટ અને નવા જ પ્રકારની સાહિત્યકૃતિઓ ગુજરાતને ધરનારા જુવાન લેખકોનો યુગ ગોવર્ધનરામભાઇ જેવા આગેવાનોએ શરૂ કર્યો હતો. અત્યારના પ્રસિદ્ધ સાક્ષરો—'સેહેની'ના તખલ્લુસધારી, બલવન્તરાય ઠાકોર, 'કાન્ત'ના નામથી લખતા સ્વ. મણિશંકર અને 'પ્રેમભક્તિ'ની સહીથી લખતા કવિ નાનાલાલ વગેરે એ વખતે યુવાન લેખકો હતા અને તેમની શક્તિઓનો



ઉગતી અવસ્થાના રમણભાઇ

પરિચય ગુજરાતને 'જ્ઞાનસુધા' કરાવતું. નરસિંહરાવનાં કાવ્યોને ગુજરાતમાં આટલું ઉંચું સ્થાન આપનાર પણ એ 'જ્ઞાનસુધા' અને રમણભાઇનાં વિવેચનો જ.

આ દરમ્યાન પિતાના અવસાન પછી રમણભાઇએ ક્યારની નોકરી છોડી અમદાવાદમાં વકીલાત શરૂ કરી દીધી હતી અને કાર્યક્ષમતા, ખંત, બાહોશી તથા એકમાર્ગીપણાથી ઉજ્જ્વલ કારકીર્દિ જમાવવા માંડી હતી. સાથેસાથે જાહેર પ્રવૃત્તિઓમાં પણ ભાગ લેવા માંડ્યો હતો અને અમદાવાદની અનેક સ્થાનિક સંસ્થાઓ તથા મ્યૂનિસિપાલિટીમાં પ્રતિષ્ઠિત સ્થાન પ્રાપ્ત કરતા જતા હતા.

ગુજરાતી સાહિત્યમાં રમણભાઇને માનભર્યું સ્થાન અપાવનાર તો એમનાં લેખાં બે વિખ્યાત પુસ્તકો: 'કવિતા અને સાહિત્ય' તથા 'ભદ્રંભદ્ર'. 'કવિતા અને સાહિત્ય' એ ગુજરાતી વિવેચના-સાહિત્યમાં અગ્રગણ્ય ગ્રંથ છે અને કોઇએ કહ્યું છે તેમ રમણભાઇના એ સાહિત્યનો કીર્તિસ્થંભ છે. ભદ્રંભદ્ર વડે એમણે બેવડી સેવા કરી છે. સાહિત્યમાં હમેશા યાદગાર રહે એવા એ પુસ્તક વડે રમણભાઇએ વાણિયા બુદ્ધિવાળા, શુષ્કગંભીર ગુજરાતને પહેલવહેલી વાર ખડખડાટ હસાવ્યું: અને શ્રી કાલેલકર કહે છે તેમ બીજી સેવા 'એ પુસ્તક વડે એમણે હિંદુ ધર્મની કરી છે. હિંદુ ધર્મ પર ચડેલો કાટ સાફ કરવાનો એમણે એમાં સાહસ પ્રયત્ન કર્યો છે.'

એમની ધર્મવૃત્તિને ખરી ઓળખવાનું સાધન પ્રાર્થના સમાજનાં એમનાં પ્રવચન છે. એમાં એમના સરળ, કોમળ અને ઈશ્વરાનુરાગી હૃદયનું ખરૂં દર્શન થાય છે.


'રાઇનો પર્વત' અને 'હાસ્ય મંદિર' એ એમનાં બીજાં બે પુસ્તકો પણ જાણીતાં છે અને તે ઉપરાંત જુદીજુદી સાહિત્ય પરિષદો વખતે છુટક તથા ૮ મી ગુજરાતી સાહિત્ય પરિષદ વેળા એના પ્રમુખ-સ્થાનેથી વાંચેલા એમના નિબંધો સાહિત્યના અભ્યાસની દૃષ્ટિએ મનનીય છે. એમની સાહિત્ય-સેવાની સમાલોચના કરતાં એમની અને સ્વ. નવલરામભાઇની સાહિત્ય સેવા વચ્ચે સામ્ય બતાવી 'ગુજરાત'ના તંત્રી લખે છે કે, 'બંનેએ વિવેચનનું અપૂર્વ ને શિષ્ટ સાહિત્ય સરજાવ્યું છે: બંનેએ સંખ્યામાં અલ્પ પણ ગુણવત્તાની દૃષ્ટિએ ઉત્તમ એવાં કાવ્યો લખ્યાં છે: બંનેએ સફલ ને સુંદર એવું પરંતુ એક જ નાટક લખ્યું છે: બંનેએ કટાક્ષલેખનની કુશળતા અને હાસ્યરસ ઉત્પન્ન કરવાની અદ્વિતીય કલા દાખવી આ ગંભીર ગુજરાતની ગંભીરતા તજાવી છે.'

એમના સાહિત્યસેવાની લગોલગ ઉભી રહે એટલી જ કીમતી એમની સમાજ અને સંસારસુધારાના ક્ષેત્રની સેવા છે. અમદાવાદની અનેકવિધ પ્રવૃત્તિઓ ને સંસ્થાઓમાં અગ્રણી બનીને તથા ત્યાંની મ્યુનિસિપાલિટીમાં ત્રીસ વર્ષ સુધી એક-ધારૂં કામ કરીને અમદાવાદના સ્થાનિક સમાજની એમની સેવાની નોંધ ત્યાંના એકેએક શહેરીને હૈયે અંકાએલી છે. રમણભાઇ એટલે અમદાવાદના આધુનિક જીવનનો ઇતિહાસ.

અને રમણભાઇ એટલે સંસારસુધારો. એમનો સુધારો ઉગ્ર અને વ્યાપક હતો, છતાં સ્વચ્છંદી નહોતો. સુધારો ઉપદેશતાં કે આચરતાં એ સમાજથી કદિ ડરતા કે સંકોચાતા નહિ. નાતજાતના ભેદમાં ન માનવાને કારણે શરૂઆતમાં એમને જે સહન કરવું પડ્યું છે તે ગુજરાતના સમાજ-સુધારાના ઇતિહાસમાં સદા યાદગાર રહેશે. એમણે અનેક વિધવાઓનાં આંસુ લુછ્યાં છે, અંત્યજોની સેવા કરી છે અને ગરીબોના બેલી બન્યા છે.

૧૯૧૧માં એમની જાહેર સેવાઓની કદર કરીને સરકારે એમને રાવબહાદુર બનાવ્યા અને ૧૯૨૭મા સરનો ખિતાબ આપ્યો. રાજદ્વારી વિચારોમાં એ વિનીત મત ધરાવતા છતા રાજ્યદંડનો દુરૂપયોગ થાય ત્યારે લોકપક્ષમાં ઉભા રહેવાની તેમનામાં હીમત હતી, અને તે ઘણીવાર એમણે દાખવી છે.

પોતાનાં પુસ્તકો દ્વારા એમણે ગુજરાતને વિનોદના રંગે રંગી નાખ્યું છે, પણ જીંદગીને એમણે વિનોદરૂપે નહોતી જોઇ. જીંદગીને તો કર્તવ્યપરાયણ બનાવવામાં જ તેમણે તેની સાર્થકતા માની. જે જે વસ્તુને પોતે સેવારૂપ માની હોય તેની પાછળ શરીરને કસી નાખવામાં એમણે કદિ પાછું વાળી જોયું નથી અને આથી જ પોતાની અનેકવિધ પ્રવૃત્તિઓના કામના અસહ્ય બોજા નીચે તે સદા કચરાએલા રહેતા. વખતની સાથે તે જાણે બાથંબાથ લડતા અને એક-



ઉત્તરાવસ્થામાં રમણભાઇ

એક મિનિટનો અતિ ચોકસાઇ તથા ચીવટથી ઉપયોગ કરી લેતા. કામના આ બોજાને લીધે જ એમને લકવાની બીમારી લાગુ પડી, અને તે દોઢ વર્ષ સુધી ભોગવી, કામમાં મરી ફીટવાનો જ્વલંત આદર્શ બતાવી એ સાઠ વર્ષની વયે ગઈ તા. ૬ઠ્ઠી માર્ચે અવસાન પામ્યા.

ગાંધીજી જેવાએ એમને જે અંજલિ આપી છે તે શબ્દો વડે જ એ એકમાર્ગી, શાંત અને ધીટ સેવકની આ જીવન-રેખા સમાપ્ત કરીએ: 'જે સેવાની પાછળ તાળીના અવાજ નથી, પણ જેની પાછળ પ્રભુના આશીર્વાદ છે એ સેવા તો ખરી છે જ. આવી સેવા રમણભાઇની હતી. તાળીના અવાજો પણ તેમને ભાગે આવ્યા હતા. પણ રમણભાઇને જેની કોઈ દહાડો દરકાર નહોતી તેનું વર્ણન શું? રમણભાઈ તો વીર યોદ્ધા હતા. જુવાનિયાઓની કીકિયારી અને સીસોટી વચ્ચે પણ પોતાના વિચારને અને સ્થાનને વળગી રહેતાં તેમને કોણે નથી જોયા? એમના ગુણો આપણામાં ઉતરો એમ આપણે પ્રાર્થના કરીએ.' (તારવીને)

હિંદની કુશ્તીબાજીનો કીર્તિધ્વજ

'ઝિબિસ્કો! યૂરપ અને અમેરિકાનો અદ્વિતીય કુશ્તી-બાજ! એનો અર્ધી મિનિટમાં પરાજય!'-વર્તમાનપત્રોના આ શિરોલેખને વાંચી આખી દુનિયા હેબકાઈ ગઈ છે. એ અપૂર્વ બનાવથી ક્રીડાપ્રિય જનતા આશ્ચર્યમુગ્ધ બની છે. પોતાનાથી અર્ધી વયના અત્યંત કુશળ અને બલિષ્ઠ પહેલવાનોનો ક્ષણમાં પરાજય કરનાર, વૃદ્ધ મનાતી અવસ્થા-માં પણ અદ્ભુત ચપળતા અને રાક્ષસી શક્તિથી સંપન્ન ઝિબિસ્કોનો પરાજય! અને તે પણ અસંસ્કૃત હિંદીના હાથે! યૂરોપીય ગૌરાંગ જનતાનું હૃદય આ વસ્તુસ્થિતિ કલ્પી પણ શકતું નથી. પણ—પણ પરાજિત ઝિબિસ્કોને એ વિષે રજ પણ સંદેહ નથી. ભારતવર્ષ જેને 'રૂસ્તમે હિન્દ' કહે છે, ક્રીડાશીલ શોખીનો જેને 'મલ્લસમ્રાટ્' માને છે, પરાજિત ઝિબિસ્કો જેને 'શેરે જંગ' સ્વીકારે છે, તે ગામાના હાથે તા. ૨૯મી જાન્યુઆરી ૧૯૨૮ રવિવારે સાંજે સાડાચાર વાગ્યે પતિયાલામાં પોલંડના વિશ્વવિખ્યાત સ્ટૅનિસ્લૌ ઝિબિસ્કોનો આસંદિગ્ધ પરાજય થયો. પિસ્તાળીસ હજાર સામાજિકોએ વિશ્વના આધુનિક ઇતિહાસમાંનો અાદ્વતીય સંગ્રામ જોયો. યૂરપ અને આર્યાવર્તની શરીરશક્તિ અને બુદ્ધિમત્તાના તારતમ્યની પરીક્ષા થઈ અને, શું થયું—કેમ થયું એનો વિચાર પણ થાય તે પહેલાં, ઠીંગુજી દેખાતા ગામાએ મહાકાય ઝિબિસ્કોને ચિત કરી ભારતવર્ષની મલ્લ-વિદ્યાની યૌવનશ્રીનું સૌભાગ્ય સાચવ્યું. સત્તર વર્ષ ઉપર ઇંગ્લંડના સ્ટેડિયમ થીએટરમાં વાવેલા બીજનો અંતિમ પરિપાક થયો. હિન્દીને છાજતા સૌજન્યથી વિદેશી અતિથિનું યોગ્ય સન્માન કરી, ગામાએ ક્રીડાના ઇતિહાસમાં નવુંજ પ્રકરણ લખ્યું.

રુસ્તમે-હિંદ ગામા

અત્યારે ભારતવર્ષમાં જે થોડાક મહારથીઓનું સામર્થ્ય નિર્વિવાદ વખણાય છે તેમના મોખરે ગામા છે. વંશ-પરંપરાથી કુસ્તીનો વારસો ભોગવનાર ગામાએ યુવાવસ્થામાં ખૂબ યશ મેળવ્યો છે. કીકડસીંગ નામનો નવ મણ વજન વાળો જાટ પહેલવાન થોડા વર્ષ પર પ્રસિદ્ધ હતો. એની શરીરશક્તિ એટલી તો પ્રચંડ હતી કે એણે એક વખત બાવળના નાના ઝાડને મૂળમાંથી ઉખેડી કાઢ્યું હતું. એને હરાવનાર માત્ર બે જ પહેલવાન નીકળ્યા હતા: પંજાબ કેસરી ગુલામ અને આ ગામા. યૂરપ અમેરિકા ભ્રમણ કર્યા પછી ગામા હિન્દુસ્તાનમાં જ છે. લાહોરમાં એની કુલ-પ્રતિષ્ઠાનો અખાડો હોવા છતાં, હમણાં પતિયાળા નરેશના આશ્રયે રહે છે. સૌમ્ય સ્વભાવ, શાંત પ્રકૃતિ અને મીલન-સારપણાથી કુસ્તીપ્રિય પ્રજામાં એ ખૂબ માન પામે છે. કાંઇપણ પ્રકારની વિદ્યાચોરી કરતો ન હોવાથી એની પાસે ઘણા યે નવજુવાનો શીખવા જાય છે. સુજનતામાં એની સાથે મુકી શકાય એવો પહેલવાન તો ગુલામ આલિયા જ.

ગામાનું બૌદ્ધિક ધન પણ ભારે છે. આ દેશની મલ્લ-વિદ્યામાં મુખ્ય દાવ ૩૬૦ અને બંદી, તોડ વગેરે મળી કુલ ૧૦૦૦ યુક્તિપ્રયુક્તિની સંખ્યા પરંપરાથી મનાતી આવી છે. આ બધા યે દાવપેચ જાણનાર કુસ્તીબાજ વિરલ હોય છે. માત્ર મુખ્ય દાવો જાણી લઈ, એમાંના એકાદ બે યા

પાંચ સાત દાવોનું પ્રભુત્વ મેળવી ફેહ કરવાની સામાન્ય પ્રથા હોય છે. યૂરપ-અમેરિકામાં પહેલવાનો માત્ર એક જ દાવમાં સિદ્ધહસ્ત હોય છે. બાકીના થોડા દાવ બચાવની ખાતર રાખે છે. ગોરી પ્રજાનું દાવનું ભંડોળ આપણી સરખામણીમાં બીલકુલ નહિ જેવું છે. જે દાવ જેનો સિદ્ધ હોય તે દાવના નામથી જ એ પહેલવાન ઓળખાય છે.

જો સ્ટૅચર નામનો મલ્લ 'સવારી'ના દાવનો સ્વામી ગણાય છે. ઘઉં ભરેલા સુતર અગર શણના મજબુત કોથળાને બે પગ વચ્ચે દબાવી ફાડી નાખવા જેટલી રાક્ષસી શક્તિ અને જઘામાં છે. ઘણા યે પ્રતિસ્પર્ધીઓની પાંસળીઓ એણે ભચડી નાખી છે. એણે દાવ બાંધ્યા પછી એમાંથી છુટવું લગભગ અશક્ય મનાય છે.

સ્ટ્રૅન્ગલર લ્યૂઇનું નામ 'સ્ટ્રૅન્ગલર' એના સિદ્ધ દાવ સ્ટ્રૅન્ગલ હોલ્ડ પરથી પડ્યું છે. એમાં પ્રતિસ્પર્ધીના માથાને બગલમાં ઘાલી દબાવવાનું હોય છે. એની ભુજાઓ અને છાતીમાં એટલું બળ છે કે એક વખત એણે આ દાવથી એક માણસના માથાને દબાવી ખોપરી ભાંગી નાખી હતી! અર્લ કેડોક 'હેમરલૉક' (હાથને પીઠ ઉપર ચઢાવવો) માં કુશળ છે. ઝેશ 'ટો હોલ્ડ' (તબાક ફાટ જેવો એક દાવ) માં પ્રવીણ મનાતો. ઝિબિસ્કો 'નેલ્સન (ક્વાર્ટર, હાફ, થ્રીક્વાર્ટર અને ડબલ) તથા 'હેમરલૉક વિથ બાર ઍન્ડ નેલ્સન'નો સ્વામી ગણાય છે. જ્યોર્જ હૅકન્શ્મિટ 'ચાન્સરી' અને 'ડબલ રિસ્ટલૉક' તથા 'આર્મરોલ' નામના દાવોમાં સિદ્ધહસ્ત હતો.

આપણા દેશમાં પણ આવી જ પ્રસિદ્ધિ કેટલાક પહેલવાનો કમાયા છે. ગામા 'નમાજબંધ' નામના દાવનો સ્વામી ગણાય છે. પરંતુ એ દાવ અત્યંત ચપળતાથી અને બળપૂર્વક લેવાનો હોવાથી ઘણી વખત પ્રતિદ્વન્દ્વીનો હાથ કોણીમાંથી ભાંગી જતો હોઈ, કુસ્તીમાં લેવા દેવામાં આવતો નથી. છતાં દાવની વિવિધતા અને સ્ફૂર્તિને લીધે ગામા પોતાના પ્રિય દાવ વિના પણ જીતી જાય છે.

ગામાની સાથે મુકી શકાય એવા પહેલવાનો તો અત્યારે માત્ર ત્રણ જ છે. એનો નાનો ભાઇ ઇમામબક્ષ, ગુંગા અને ગામા કલ્લુ (નાનો ગામા).

ઇમામબક્ષ અને ગુંગા

ઇમામબક્ષનું શરીરબળ અને બુદ્ધિબળ અદ્ભુત મનાય છે. યૂરપ અને અમેરિકામાં ભ્રમણ કરી એણે કેટલા યે પહેલવાનોને પરાસ્ત કર્યા છે. એના શક્તિ વિષે એવી માન્યતા છે કે પોતાના ભાઇ રૂસ્તમે હિંદ ગામા કરતાં પણ એ ચઢી જાય. પરંતુ વિનય રાખી એણે ગામાને કદિ પણ ચિત કર્યો નથી. એની ચપળતા એટલી તો ભારે છે કે એની સામે ઉભા રહેવું પણ અશક્ય છે. 'પટ' કાઢવામાં એ અત્યંત કુશળ મનાય છે. સ્વભાવે લહેરી હોવાથી ઘણી વખત એણે કુસ્તીમાં નામ કાઢવાના પ્રસંગો જતા કર્યા છે. આવો એક પ્રસંગ સને ૧૯૨૩માં બનેલો. લાહોરમાં ગુંગાની સાથે એની કુસ્તી થએલી. પહેલી કુસ્તીમાં અમુક પ્રકારના લહેરીપણાથી ગુંગાના હાથે એને ચિત થવું પડ્યું; બીજીમાં બંને પક્ષો વચ્ચે મારામારી થઇ એટલે કુસ્તી બંધ રહી; પણ ત્રીજી વખતે ગુંગાને એણે ચિત કર્યો હતો.


આ ઉપરથી ગુંગાની શરીરશક્તિનો ખ્યાલ આવશે. જન્મથી જ બહેરોમુંગો હોવા છતાં, પોતાના બાપ પાસે માત્ર સંજ્ઞાથી જ શીખેલો આ નૌજુવાન કુસ્તીબાજ અત્યારે માત્ર પચીસ વર્ષનો છે. એનું કદાવર અને પ્રચંડ શરીર એના અદ્ભુત બુદ્ધિબળ જેવું જ અજેય છે. ભવિષ્યમાં એ હિંદુસ્તાનના કુસ્તીના ક્ષેત્રમાં સ્વામી થશે એવું ભવિષ્ય પુરુષો કહે છે. એની અને ઈમામબક્ષની બીજી વારની કુસ્તી ગામા ને ઝિબિસ્કોના રણસંગ્રામને આગલે દિવસે પતિયાળામાં થઈ હતી. સાત મીનીટમાં કુસ્તીનો અંત આવ્યો અને ઇમામબક્ષે ગુંગાને ચિત કરી વિજય પ્રાપ્ત કર્યો. ગુંગાની દાવ કરવાની છટા અને સરળતા એટલી તો સાત્ત્વિક છે કે અત્યંત શોધકબુદ્ધિના પહેલવાનો પણ એમાં રજ પણ દોષ કાઢી શકતા નથી. વાણી અને શ્રવણશક્તિ ન હોવા છતાં પણ એણે કેવળ દૃષ્ટિ વડે જ પ્રસાદ મેળવ્યો છે. ઉચ્ચાલન -Leverage-ના સિદ્ધાંતનું જે સૂક્ષ્મ જ્ઞાન એણે કેળવ્યું છે તે ખરેખર અવર્ણનીય છે. ઇમામના હાથે હાર પામવા છતાં પણ એનો યશ રજ પણ ખંડિત થયો નથી. ગામા, ઇમામ અને ગુંગા એ મલ્લવિદ્યાની ત્રિમૂર્તિ છે.

(પ્રજાબંધુ) —હરિનારાયણ આચાર્ય

ત્રણ અભિનંદનપત્રો

દીવાળી અને નાતાલના દિવસોમા અભિનંદનપત્રોથી ટપાલનો ઢગલો થાય છે. એ શિષ્ટાચાર કરવા લગભગ દરેક સુશિક્ષિત નાગરિક કંઇ ને કંઇ ખર્ચ કર્યા વિના રહેતો નથી. વિદ્યાર્થીઓને તો તેનું ઘેલું જ લાગ્યું જણાય છે. છતાં બાર મહિનામાં આવતા આ મોટામા મોટા પર્વદિનોએ સ્નેહીઓ અને મિત્રોનું સ્મરણ કરવું અને કરાવવું એ હૃદયનો એક આનંદ છે. આ આનંદ સાથે સંસ્કાર ને સુરુચિ કેળવવાનો યત્ન થાય તો એ બધો ખર્ચ સાર્થક ગણાય. મારા પર આવેલાં અસંખ્ય અભિનંદન પત્રોમાથી ત્રણ જ આ કોટિમા આવે છે. નમુના તરીકે 'કુમાર'ના વાચકો આગળ તે રજુ કરું છું.

પત્ર ૧: સ્નેહીનું પત્ર છે તેણે પોતાની ભાવના સુરુચિ અને કલ્પનાયુક્ત સંકેતથી પ્રગટ કરી છે 'શક્તિ મળો તો કલ્યાણ કરવા ખાતર; નહિતો એકલી શક્તિ મનુષ્યને રાક્ષસ બનાવે છે. શક્તિ બધાં બાહ્ય તત્ત્વો ઉપર કાબુ અર્પે છે, કલ્યાણ જીવનના ઉચ્ચ સંસ્કારો પ્રગટાવે છે.' આવી મંગળ ઉચ્ચતમ કલ્પનાથી વસાવતું પત્ર કોને ન ગમે ! એ પત્ર હાથ બનાવટના દેશી કાગળ પર માત્ર લાલ શાહીથી સ દ



ઉપર નીચે: પત્ર નં ૧ની બે બાજુએ





ઉપર: પત્ર નં. ૨ નીચે પત્ર નં. ૩

હસ્તાંકન છે. નથી એમાં ચિત્રકળા બતાવવાનો દંભ કે નથી વિદ્વાનો દિમાક. તો ય એવું બન્યું છે કે તમે વર્ષોથી જોએલાં અભિનંદન પત્રોથી જુદું પડી જાય છે.

પત્ર ૨: 'કુમાર'ના અતિશય પ્રેમી એક વિદ્યાર્થીએ મને માડકે મોકલ્યું છે. બજારમાં મળતાં કાર્ડોમાંથી પાત્રની લાયકાત પ્રમાણે પસંદગી કરી મોકલવાનો યશ હું તેને આપું છું. આપણે સુંદર મનુષ્યોને જોવામાં જ કળાદર્શન માનીએ છીએ, પણ કળાકૃતિએ નિપજાવેલા સુંદર પદાર્થો, વેલો વગેરે પણ સુરુચિ અને લાલિત્યના પવિત્ર ભાવો પેદા કરે છે. આવા કાર્ડોમાં હિંદી કળાના સુંદર નમુનાઓનો પ્રચાર થાય એટલી ઈચ્છા ખાસ થાય છે.

પત્ર ૩: 'કુમાર'ના દોસ્ત એક ઉગતા ફોટો આર્ટિસ્ટે મોકલ્યું છે. કોના ઉપર તે પત્ર જાય છે તેનું બરાબર લક્ષ રાખી તેણે જાતે પાડેલો સુંદર દૃશ્યનો ફોટોગ્રાફ સુરુચિથી વીણી કાઢેલા માઉન્ટ ઉપર ચોડી મોકલ્યો છે. આવો ફોટોગ્રાફ આપણા દેશનાં દૃશ્યોમાંથી વિરલા જ ઉપજાવે છે. રાતને વખતે ચંદ્રના પ્રકાશમાં પાડેલો એ જામનગરનો લખોટો ભૂતકાળનું શાંત પ્રતિબિંબ છે: પ્રતાપ અને ગૌરવનું સ્મરણ કરાવે છે.

—ર. મ. શા.

ખાંડને બદલે ગોળ ખાઓ

વર્તમાનયુગમાં વિજ્ઞાને જે અનેક નવી શોધો કરી છે, તેમાં સફેદ ખાંડ એ પણ આ જમાનાની શોધનું પરિણામ છે. એ પહેલાં લોકો ગોળ અને થોડા પ્રમાણમાં ઝાંખા રંગની ખાંડ વાપરતા. હજુ પણ ગામડાંમાં ખાંડને બદલે ગોળ વપરાય છે, અને ત્યાં લોકો ખાંડ કરતાં ગોળને વધુ પૌષ્ટિક માને છે. તેઓ ખોરાક દેખાવડો કરતા નથી. શહેરોમાં આજે તેથી ઉલટી રીત છે. શહેરવાસીઓ દેખાવને પ્રાધાન્યપદ આપતા જણાય છે. ગોળની બનાવટ દેખાવે ખાંડ કરતાં કંઈક શ્યામ બને છે: તેથી ખાંડ પૌષ્ટિક છે કે નહિ તેનો વિચાર કર્યા વિના સ્વચ્છ દેખાવની ખાંડ શહેરીઓ ખુબ વાપરે છે અને પરિણામે ખાંડના વધુપડતા ઉપયોગથી પોતાની તંદુરસ્તી અમુક પ્રમાણમાં બગાડે છે.

દુનિયાના કોઈ પણ ભાગ કરતાં હિંદમાં વધારે શેરડી પાકે છે. છતાં દુનિયાની કોઈ પણ પ્રજા કરતાં આપણે ગળપણનો એટલો હદઉપરાંતનો ઉપયોગ કરીએ છીએ કે આપણે બીજા દેશોમાંથી ઘણી ખાંડ આયાત કરીએ છીએ. પરદેશથી આવતી એ ખાંડ તદ્દન સાફ થએલી હોવાથી તેનાંથી ઘણાં પૌષ્ટિક તત્ત્વો નાબુદ થએલાં હોય છે, અને

તેથી આવી ખાંડ આપણા શરીરને ઘણું નુકસાન પહોંચાડે છે. કેટલાકનું એમ માનવું હોય છે કે ગોળ કરતાં ખાંડ વધારે સાફ થએલી હોય છે, અને તેથી ખાંડ વાપરવાથી શરીરમાં તેટલો કચરો ઓછો જાય. પણ આ મોટી ગેરસમજ છે. ગોળને ઘણો સાફ નહિ કરેલો હોવાથી તેમાં ઘણી જાતનાં તત્વો–કેલશીઅમ, લોઢું, અને વાઇટામિન્સ (જીવન-તત્ત્વો) રહેવા પામે છે, જ્યારે ખાંડને તદ્દન સાફ બનાવવામાં આ બધાં શરીરને ઉપયોગી તત્ત્વો નાશ પામે છે. સફેદ ખાંડ તેથી એક કેવળ રસાયણિક પદાર્થ બની રહે છે અને તે ખોરાકને લાયક રહેતી નથી.

ગોળ કે ખાંડ મુખ્યત્વે શેરડીમાંથી બને. પણ નવી શોધ પ્રમાણે જર્મની અને બીજા દેશમાં 'બીટ રૂટ' (ગાજર જેવું કંદ)માંથી હવે પુષ્કળ જથ્થામાં ખાંડ બને છે. આ શેરડી કે બીટ રૂટ પાકને ઘણી ઉંચી જાતનું ખાતર દર વખતે જોઇએ છે આનું કારણ એ હોય છે કે શેરડીનો પાક જમીનમાંથી ઘણો કસ ચુસી લે છે. આથી જો દર વર્ષે તેમાં ખાતર નાખવામાં આવે નહિ, તો જમીનની ફળદ્રુપતા ઘટવા માંડે છે. વળી શેરડીના પાકને સૂર્યનો તડકો ખાસ જરૂરી ગણાય છે, અને બીજા પાકના પ્રમાણમાં શેરડીનો પાક લાંબા સમય સુધી ઉભો રહે છે. આથી શેરડીવાળા પ્રદેશના લોકો શેરડી ચૂસે છે, અથવા કોલ ઉપર તાજો રસ પીએ છે. આથી તેમના શરીરમાં ખૂટતાં તત્વો મળી રહે છે. હાડકાંને મુખ્યત્વે 'કૅલશિયમ' ઘણું જોઇએ, અને શેરડીના રસમાંથી તે ઘણું મળી આવે છે. ઘણા વખત માંદા માણસને શેરડીવાળા પ્રદેશમાં લઇ જઇ કોલ ઉપરથી તાજો રસ પાવામાં આવે છે. આથી ઘણી વખત આવા દરદીઓ સાજા થાય છે. તાવથી પીડાતા દરદીને હજુ પણ ગામડાઓમાં શેરડીના કકડાઓને થોડા ગરમ કરી ચુસવા આપવામાં આવે છે. અને કેટલીક વખત આ ઇલાજ ઉપયોગી થઈ પડે છે. દેશી પદ્ધતિએ શેરડીના રસમાંથી ગોળ બનાવવામાં આ બધાં તત્વો કાયમ રહે છે. પણ જેમ જેમ તે રસને વધુ ને વધુ સાફ કરી બહુ જ સફેદ ખાંડ બનાવવામાં આવે તેમ તેમ આ બધાં જીવનનો ઉપયોગી તત્વો નાશ પામતાં જાય છે. એટલે તે ખોરાકને લાયક રહેતી નથી

આપણામાં માટલીઓ ગોળ વધારે પૌષ્ટિક મનાય છે તે સ્વાદે ખારો હોય છે, પણ એ બતાવી આપે છે કે તેમાંથી જરૂરી તત્વો નાશ પામ્યા નથી શરીર ફીકું પડી ગયું હોય તેમને માટે ખાંડને બદલે આવો ગોળ વાપરવો અશક્ય છે. તેથી તેમના લોહીમાં જે લોઢાનો અંશ ખૂટે છે તે પુરો થઇ રહે, અને તેમનું લોહી કંઇક સુધરે ગરીબ માણસો આર્થિક સ્થિતિને લઇને ગોળ વાપરે છે, તેથી તેઓ શરીરે કંઇક નીરોગી રહેવા પામે તો તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી. શેરડીના ખેતર ઉપર કોલમા રસ કાઢતાં જે બાકીનો ભાગ કચરા તરીકે ગણાય છે તે ઢોરના ખોરાક તરીકે ઉપયોગમાં આવે છે: આથી તેઓ હૃષ્ટપુષ્ટ બને છે.

આ ઉપરથી એમ સમજી લેવાનું નથી કે આપણે ખુબ ગોળ ખાતા થઇ જવું. શારીરિક શ્રમને લઇને લોહીમાંથી જે ખાંડ વપરાય છે તેની જગ્યા પુરવા પુરતા જ ગળપણની ખોરાકમાં જરૂર છે; પણ એ જરૂર ઘણી ઓછી હોય છે. એટલે આપણા ખોરાકમાં ગળપણ ઓછું હોવું જોઇએ, અને જે ગળપણ લઇએ તેમાં ખાંડને બદલે ગોળનો ઉપયોગ કરવો જોઇએ. જોકે ગળપણમાં સૌથી સારો તો સુકો મેવો ગણાય છે. (નવચેતન) ચુનીભાઇ ચ. પટેલ

શીંગોડાં

હિંદુસ્તાનમાં દરેક ઋતુમાં કંઇ ને કંઇ ફળ થયા જ કરે છે. એ ઋતુઋતુનાં ફળ ખાવાની આપણે ટેવ રાખીએ તો ચાહ, કૉફી કે સોડાલેમન જેવાં ક્ષણભંગુર આનંદ આપનાર પીણાં પાછળ જેટલા પૈસા બગાડીએ છીએ તેથી ઓછે મુલે આપણે વધારે પૌષ્ટિક અને સાત્વિક ખોરાક તથા કુદરતી મીઠાશનો આનંદ માણી શકીએ. અને આપણા દેશમાં કુદરતની તો એવી મહેર છે કે ગરીબો પણ ખાઇ શકે એવો સોંઘો ને પૌષ્ટિક મેવો તે પુરો પાડે છે. શીંગોડાં એમાંનો એક મેવો છે.

રસાયણશાસ્ત્રીઓ શીંગોડાંનાં તત્ત્વો નીચે પ્રમાણે જણાવે છે:

પાણી	૮૪·૫૮ ટકા	ચરબી	·૧૮ ટકા
સ્ટાર્ચ	૯·૧૪ ટકા	રેસા	·૫૬ ટકા

પ્રોટીન્સ (શરીર બંધારણને પુષ્ટિ આપનાર તત્ત્વ) ૨·૩૭ ટકા
ઓગળી જાય એવા સ્ટાર્ચ (મેંદા)ના ભાગ ૨·૨૫ ટકા
ક્ષાર ·૯૨ ટકા

૧૦૦ ગ્રામ (લગભગ પારોર) શીંગોડાંમાં ૪૮·૩૭ ટકા કેલોરી• ગરમી આપવાનું બળ છે. એની જોડે દુધનાં નીચેનાં તત્ત્વો સરખાવવાથી બંનેની પોષણશક્તિ સમજાશે. દુધમાં

પાણી	૮૭·૩૫ ટકા	ચરબી	૫·૨૭ ટકા
પ્રોટીન	૩.૩૮ ટકા	ક્ષાર	·૭૦ ટકા

અને કાર્બો હાઇડ્રેટ ૪·૪૨ ટકા હોય છે.

દુધ કરતાં શીંગોડાંમાં ૨૨ ટકા વધારે ખનીજ ક્ષારો છે અને તે પણ કેવા કેવા ? પોટાશના, સોડાના, ચુનાના, લોઢાના તથા ફાસ્ફરસના. લોઢું અને ફૉસ્ફરસને લીધે એ તાકાત આપનાર તથા લોહી અને જ્ઞાનતંતુને બળ આપનાર ગણાય છે. આયુર્વેદમા એને આરોગ્યવર્ધક (ઑલ્ટરેટિવ) વીર્યવર્ધક, ગ્રાહક (એસ્ટ્રીન્જન્ટ) તથા રૂચિપ્રદ કહ્યાં છે.

બજારમાં મળતાં બાફેલાં શીંગોડાં તાજેતાજાં ખાવાથી બહુ ફાયદો કરે છે. સુકા શીંગોડાંનો લોટ પણ પચાવવામા

•એક કેલોરી એટલે ૨ રતલ પાણીને બરફની સ્થિતિમાંથી વરાળ નીકળે એ સ્થિતિ પર લઇ જાય તેટલી ગરમી.

હલકો અને માંદાં માણસોને અનુકુળ ગણાય છે. એરારૂટ, સાબુદાણા કે ચોખા કરતાં એ વધારે પૌષ્ટિક છે અને એના લોટની ખીર દુધમાં કરીને ખાધી હોય તો સ્વાદે મધુરી બને છે તથા બહુ સહેલાઇથી પચી જાય છે.

હિંદમાં એકલા કાશ્મીરમાં જ શીંગોડાંમાંથી એક લાખ રૂપિયાની આવક થતી જોઇ ઑસ્ટ્રેલિયાના મેલબોર્ન શહેરનો ફર્ડિનાન્ડ વૉન મુલર કલકત્તેથી એનાં બીજ લઈ ગયો છે અને આખા ઑસ્ટ્રેલિયાનાં તળાવોમાં એ વાવી એ પુષ્ટિકારક ખોરાક અખુટ જથ્થામાં પુરો પાડવાની આશા રાખે છે.

ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઇ

દુધ

દુધનો ખોરાક બાળકથી માંડીને વૃદ્ધ સુધીનાં, સાજાં તેમજ માંદાં બધાંને માટે ખાસ ઉપયોગી છે. પરંતુ એની જેટલી દરકાર રાખવી જોઇએ તેટલી આપણે રાખતા નથી. દુધને જો બરાબર સંભાળપૂર્વક ન રખાય તો તે એકદમ બગડી જાય છે. નાનાં જંતુઓ—બૅક્ટેરિયા—ની વૃદ્ધિ દુધ ઉપર એકદમ થાય છે. જેમ માણસ માટે દુધ ઉત્તમ ખોરાક છે તેમ નાનાં જંતુઓ માટે પણ એ ઉત્તમ ખોરાક છે. ઢોરના આંચળમાંથી તરતનું નીકળેલું દુધ તદ્દન જંતુરહિત હોય છે, પરંતુ માત્ર દસપંદર મિનિટમાં જ તેની અંદર સેંકડો જંતુઓ ઉત્પન્ન થાય છે. સારે નસીબે આ જંતુઓ જે તરત જ વૃદ્ધિ-પાત્ર છે તે રોગનાં ન હોવાથી શરીરને બહુ નુકસાન કરતાં નથી. પરંતુ દુધ બેત્રણ કલાક એમ ને એમ રાખવાથી તેની અંદર લાખો જંતુઓ ઉત્પન્ન થાય છે, અને આ જંતુઓમાં રોગનાં પણ અનેક જંતુઓ ઉત્પન્ન થાય છે. ઘણા લોકો દુધની અંદર જંતુનાશક રસાયણો, બોરિક એસિડ વગેરે નાખે છે, પરંતુ પશ્ચિમના દેશોમાં આવાં રસાયણો વાપરવાની કાયદાથી મનાઇ છે. આપણે તો દુધની વધારે સંભાળ રાખતાં જ શીખવું જોઇએ.

દુધને સફેદ બાટલીમાં રાખવાને બદલે જો લાલ રંગની બાટલીમાં રાખવામાં આવે તો મોડું બગડે છે. જો લાલ બાટલી ન મળે તો સફેદ બાટલી ઉપર લાલ કાગળ લપેટી લેવાથી પણ કામ સરે છે. આવી રીતે લાલ બાટલીમાં રાખેલું દુધ તડકામાં પણ એકદમ બગડતું નથી. દુધમાં ચુનાના પાણીની આછ (લાઇમ વૉટર) નાખવાથી પણ તે બગડતું નથી; ઉલટું એથી તેનો સ્વાદ સુધરે છે. સવા શેર દુધની અંદર બે નાના ચમચા ભરીને ચુનાનું પાણી પુરતું થઈ પડે છે. મોટા શહેરોમાં જ્યાં ઘણે દુરથી દુધ આવે છે ને વાપરનારને મળતાં પહેલાં પાંચસાત કલાક અગાઉનું દોહેલું હોય છે તે દુધ તો ગરમ કરીને જ વાપરવું જોઇએ. આવા દુધની અંદર રોગનાં અનેક જંતુઓ હોય છે અને તે એમ ને એમ વાપરવાથી ફાયદો થવાને બદલે નુકસાન જ થાય છે. દુધ ઉનું કરી તેના ઉપર માખી કે બીજી જીવાત ન બેસે તેટલા માટે બરાબર ઢાંકી જ રાખવું જોઇએ. ——મૂળચંદ પારેખ

યુવાનોને

'જીવનની જરૂરતો ઓછી કરજો. કેમકે નાનાનાની વસ્તુ-ઓના ઉપયોગથી હિંદમાં વિદેશી વેપાર ઉંડાં મુળ ઘાલી બેસે છે અને પરિણામે હિંદની ગરીબાઈ તથા દોલતનો નાશ વધતાં જાય છે.

તાકાત અને તંદુરસ્તી કેળવીને તમારી શારીરિક ફરજ અદા કરજો, સ્વદેશી વ્રતના અનુષ્ઠાનથી તમારા આર્થિક કર્તવ્યનું પાલન કરજો, અને હિંદની સ્વરાજની લડતમાં તમારો હિસ્સો આપીને તમારૂં આધ્યાત્મિક કર્તવ્ય ઉજાળજો.

પ્રતાપી કારકીર્દિની તમને મહત્ત્વાકાંક્ષા હોય તો, તમારે હિંદને સ્વાધીન રાષ્ટ્ર બનાવવા તમારી શક્તિઓ એકાગ્ર કરવી જોઇએ.

વિચાર, વાણી ને વર્તનમાં, તમારી રહેણીકહેણીમાં, તમારા દૃષ્ટિબિંદુમાં અને તમારા સ્વભાવના અંગેઅંગમાં તમે હિંદી—આત્મનિષ્ઠ હિંદી નહિ બનો ત્યાં સુધી, તમે હિંદ-મૈયાને સ્વાધીન નહિ બનાવી શકો. તમારા હૃદયકમલમાં પ્રતાપી, સ્વાધીન ભારતનું અખંડ ધ્યાન ધરજો, અને તમે મુલ્યવાન ગણો તે બધું તેને અર્પણ કરજો. જન્મભૂમિના સાચા સંતાન યુવાનો, પુરુષાતનને પુરેપુરૂં વિકસાવવાનો આ એક જ માર્ગ છે.'

——શ્રી પ્રકાશમ (સૌરાષ્ટ્ર)


શિવાજીએ કલ્યાણ લુટયું ત્યારે સૈનિકોએ એક સુંદર સ્ત્રીને મહારાજ પાસે લાવી એને ઉપપત્ની તરીકે રાખવા વિનંતિ કરી. શિવાજીએ કહ્યું, 'જો એ મારી માતા હોત તો હું પણ એના જેવો જ સુંદર થાત.' ને તરત જ એના ધણીનો પત્તો મેળવી એને સોંપી દીધી.

ઉનાળામાં દુધને સલામત રાખવા દુધની શીશીને પાણી છાંટેલા લાકડાના વેરમાં દાટી મુકવી: દુધ બગડયા વિના લાંબો સમય રાખી શકાશે.


સેફટી રેઝરનાં નકામાં થઈ ગએલાં પાંનાં કપડાં પરથી ઝીણા ટાંકા કાપી નાંખવાના કામમાં વાપરી શકાય. એનાથી ટાંકા તરત તુટી જાય છે ને વળી ગમે એવા ઝીણા કપડાના સાંકડા ભાગોમાં પણ એની ધારનો ખુણો જરા યે નુકસાન કર્યા વગર પહોંચાડી શકાય.

નીચેની ચાર રકમોનો સરવાળો કરો: તમારી જન્મ સાલ, નિશાળમાં દાખલ થવાની સાલ, ઉમરનું ચાલતું વર્ષ, શાળામાં દાખલ થયાને ચાલતું વર્ષ. જવાબ હંમેશાં-૩૮૫૬ જ આવશે.

અગાસી ઉપર ચાનાં સુકાં પાન બાળવાથી એના ધુમાડાને લીધે આસપાસમાંથી માખીઓ જતી રહે છે.



આમાં થોડાં પ્રાણીઓ સંતાઈ ગયાં છે; ક્યાં ક્યાં તે તમે શોધી શકશો?



કાગળ કાપીને બનાવેલી એ આકૃતિઓ

સુકાઇ ગએલાં લીંબુને સાધારણ ગરમ પાણીમાં બેએક કલાક રાખી મુકવાથી તે પોચાં પડી જાય છે ને તેમાં રસ જામે છે.

માથું દુખતી વખતે ઘણા સ્મેલિંગ સૉલ્ટ વાપરે છે તે સહેલાઇથી ઘેર બનાવી શકાય. એમોનિયાના ગાંગડા ને થોડું કોલન વૉટર કાચના બુચવાળી બાટલીમાં ભરી રાખો એ જ સીસ્મેલિંગ સૉલ્ટ.

રબ્બરનાં રમકડાંમાં ગંધક આવે છે. તે બાળકને રમવા આપવાથી તેમનાં મોંમાં ગંધક જાય છે. વળી, તેના ઉપર સાના ઝેરી ક્ષારો હોય છે

ગયા અંકના છેલ્લા પાનામાં આપેલી આંકડાની ગમ્મતમાં આટલું સુધારી લેજો. એકમનો આંકડો સોના આંકડા કરતાં ઓછામાં ઓછો બે અંક નાનો હોવો જોઇએ.

કીડીનો બહુ ઉપદ્રવ હોય ત્યાં ગંધકના થોડા કટકા અથવા આખાં લવીંગ વેરજો: નાસી જશે.

રૂપાની ચીજો મેંદામાં રાખવાથી ચળકતી રહેછે.

એક માણસની ચામડી સરેરાશ સોળ ચોરસ ફુટ થાય છે.

મિસરના એક પીરામીડનું વજન સાઠ લાખ ટન કલ્પવામાં આવ્યુંછે.

તીડ પોતાની લંબાઇ કરતાં બસો ગણું લાંબું કુદી શકે છે.

નીચોવેલાં લીંબુના છાલ ફેંકી ન દેતા. તેને માટી સાથે વાટીને તે વડે ત્રાંબાપિત્તળનાં વાસણ માંજવાથી સાફ ને ચળકતાં થઈ જશે.

આરસપહાણની કોઇ ચીજ ભાંગી ગઇ હોય તો એને ફેંકી ન દેતા. એક ભાગ ગુંદરનો ભુકો અને ચાર ભાગ ચીરોડીનો ઝીણો ભુકો લઇ તેમાં જરૂર પુરતું ટંકણખારનું પાણી નાખી બન્નેને બરાબર મસળી ચીકણું કણેક જેવું બનાવો. પછી આરસના ભાગેલા કટકા એ કણેક વતી ચોડી દો. સુકાશે ત્યારે સજ્જડ સંધાઇ જશે.

ભાત ચડતા હોય ત્યારે તેમાં થોડો લીંબુનો રસ નાખવાથી ભાત ઉજળા થાય છે ને લચકા નહિ થતાં એના દાણા છુટા પડે છે.

સવારમાં છ અને આઠ વાગ્યે ઉઠવા વચ્ચેનો તફાવત ૪૦ વર્ષ દરમિયાન ૨૯,૨૦૦૦ કલાક (૩ વર્ષ, ૪ માસ, ૧ દિવસ ને ૧૬ કલાક) જેટલો થાય છે. આટલો વખત બરાબર ૧૦ વર્ષ સુધી દરરોજના ૮ કલાક જેટલો થાય છે. માત્ર બે કલાક વહેલા ઉઠવાથી આપણે જીંદગીમાં ૧૦ વર્ષનો ઉમેરો કરી શકીએ છીએ.



સંવત ૧૮૧૩ની સાલની (૧૭૧ વર્ષ પહેલાંની) હુંડી

આદર્શથી મુંબઇમાં જ એક ટેકનો-કેમિકલ લેબોરેટરી કાઢી. તેમાં ઉપર ગણાવેલ યુવકવૃન્દમાંના કેટલાક સહાયક-અધ્યાપક તરીકે જોડાયા હતા. મદનભાઈ પણ તેમાંના એક હતા મદનભાઇએ અધ્યાપકપણું બહુ થોડું કર્યું હતું, પણ થોડા સમય પછી અધ્યાપન બંધ થયું ને તે કારખાનાઓના કામમાં પડ્યા.

ગજ્જર સાહેબની ઉત્તરાવસ્થા કરૂણ ને દુઃખભરી હતી. તેમ કેટલાંક યુવાન જીવનો પણ તેથી નિરાશામાં પડ્યાં હતાં. ધીરેધીરે, ગજ્જરના નામથી જાણીતી થએલી દવાઓ બનાવવાનું કામ—'આયોનિક ફાર્મસી'નું કામ મનુભાઇએ હાથમાં લીધું ને પછીનાં વર્ષોમાં તેને કાંઈક વધાર્યું પણ ખરૂં.

એમનાં ફોઇ, ગં. સ્વ. નાનીબહેન ગજ્જરે આરંભેલા વનિતા વિશ્રામમાં અન્ત લગી મદનભાઇએ જે સક્રિય રસ લીધો છે, જે મુંગું સમર્પણ કરેલું છે અને જે વહીવટી શ્રમ ઉઠાવ્યો છે તે ઘણી વ્યક્તિઓ જાણે છે. કન્યા તથા સ્રીશિક્ષણમાં વિજ્ઞાનનું જ્ઞાન તથા વિજ્ઞાનની પદ્ધતિ ઉતારવાના એમના પ્રયાસોમાંના કેટલાક સફળ પણ થયા છે ને તે શિક્ષણના અભ્યાસકોનું ધ્યાન ખેંચે એવા છે. વનિતા વિશ્રામ એ ગુજરાતના સ્રીશિક્ષણના ઇતિહાસમાં જેવોતેવો બનાવ નથી, ને વનિતા વિશ્રામના ઇતિહાસમાં મદનભાઈનું સમર્પણ તથા સેવા બહુ ઉચ્ચ સ્થાને વિરાજશે.

ઔદ્યોગિક રસાયનશાસ્ત્રી તરીકેનું જીવન આપણા દેશમાં બહુ થોડા હિંદવાસીઓને સદ્યું છે. અંગ્રેજો, મોટા હોદ્દાની તથા લાગવગની રૂઇએ તેમાં સારી કમાણી કરી શકે છે. પણ હિંદવાસીઓમાં તેનો સ્વતંત્ર ધંધો હજી ધંધા તરીકે જામ્યો નથી. મદનભાઇને ઘણી મુશ્કેલીઓ નડી, અને તે સર્વની સામે થવામાં અને હતાશ થઇ છોડી ન દેવામાં એમણે ઘણું ધૈર્ય ને શાન્ત મનોબળ પ્રકટ કર્યાં છે.

આવા કામને અંગે એમણે હિંદમાં ફરવાનું પણ શરૂ કર્યું અને એવાં ભ્રમણોમાંના એકને પરિણામે એમનો ગ્વાલિયર રાજ્ય સાથે સંબંધ થયો. ઉત્તર હિંદનું એક મોટું રાજ્ય મુંબાઇના એક રસાયનવિદ્દને બોલાવીને પોતાની ઔદ્યોગિક પ્રગતિનું રાસાયનિક કાર્ય સોંપે, એ નોંધવા જેવો બનાવ હતો. ગ્વાલિયરમાં એક રાસાયનિક પ્રયોગશાળા, એક નાનું પુસ્તકાલય, નાની વર્કશૉપ વગેરે શરૂ થયાં. રાજ્યનાં બીજાં ખાતાંઓ, રાજ્યની કાચી પેદાશ ને અન્ય સાધનો અનુકૂળ હતાં.

પણ આ શુભ કાર્ય બહુ ચાલ્યું નહિ, ને દેશી રાજ્યોમાં બને છે તેવા પ્રસંગોથી એ કામ અન્ય રસાયનશાસ્રીને ધીમેધીમે સોંપાયું. મદનભાઇએ આખરે તે છોડી મુંબાઇમાં જ રહેવાનું નક્કી કર્યું અને ખેતવાડીમાં પોતાનું આયોનિક ફાર્મસીનું કામ જમાવ્યું.

પ્રકૃતિથી બહુ જ માયાળુ અને ઉમળકાવાળા, દંભને પસંદ ન કરનારા, એટલું જ નહિ પણ સખ્ત રીતે ધિક્કારનારા, સુશીલ અનુગુણ પત્ની તથા બાળકોથી આનંદમય બનેલા સંસ્કારી ગૃહજીવનવાળા, સાચા અંતઃકરણના અને શક્તિ મધ્યમ છતાં ખંત, શ્રમ ને લાગણીવાળા તથા વૈજ્ઞાનિક સાહિત્ય માટે ખાસ દાઝ ધરાવનારા એક વૈજ્ઞાનિક એમના અવસાનથી ગુજરાતે ખોયા છે. રાસાયનિક ઉદ્યોગોનું વૈજ્ઞાનિક દૃષ્ટિથી કાર્ય કરનારા ગુજરાતમાં બહુ જ થોડા માણસો છે તેમાંના એક ગયા એ ગુજરાતને ખોટ છે.

સાહિત્યનું નોબેલ પ્રાઇઝ મેળવનારાઓ

ઈ. સ. ૧૯૦૭થી આજ સુધીમાં જુદાજુદા દેશના નીચેનાં વિદ્વાનોએ સાહિત્યનું નોબલ પ્રાઇઝ મેળવ્યું છે.

ઈ. સ.	નામ	સ્થળ
૧૯૦૭	રડયાર્ડ કિપ્લિંગ	ઇંગ્લંડ
૧૯૦૮	આર. યૂકેન	જર્મની
૧૯૦૯	સેલ્મા લેગરલાફ	સ્વીડન
૧૯૧૦	પી. હેસી	ફ્રાંસ
૧૯૧૧	જી. મેટરલિંક	બેલ્જીઅમ
૧૯૧૨	જી. હાટમેન	જર્મની
૧૯૧૩	રવીન્દ્રનાથ ઠાકુર	હિંદ
૧૯૧૪	કોઇને મળ્યું નથી	
૧૯૧૫	રોમાં રોલાં	ફ્રાંસ
૧૯૧૬	ફાન્ હિડેનસ્ટૅમ	જર્મની
૧૯૧૭	કે. જીલેબક અને એચ. પાંટપીડન	રશિયા
૧૯૧૮	કોઇને મળ્યું નથી	
૧૯૧૯	સી. સ્પિટેલર	
૧૯૨૦	નટ હૅમસન	નૉર્વે
૧૯૨૧	અનાતોલ ફ્રાંસ	ફ્રાંસ
૧૯૨૨	જે. બેનાવાંતે	સ્પેન
૧૯૨૩	કવિ યીટ્સ	આયર્લેંડ
૧૯૨૪	ડબ્લ્યુ. રૈમંટ	પોલૅંડ
૧૯૨૫	સિગ્રિફિટ	સ્વિંડસેટ
૧૯૨૬	જ્યોર્જ બર્નાર્ડ શૉ	આયર્લૅંડ

પાછું કલાઇ ચઢાવવાનું જ આવ્યું !

ધાતુના તથા જેને મીનો અથવા તામચીના કહે છે તે ચડાવેલાં ઇનામલનાં લીસાં ચલાણાં, પ્યાલા રકાબી વગેરે વાસણો વાપરવામાં સમાએલાં જોખમો વિષે ડા. જી. ડબ્લ્યુ મોહિયર વિલિયમ્સે એક લેખ લખીને, લોખંડના મીનો ચઢાવેલાં ઇનામલનાં ચળકતાં વાસણોમાં રાંધવાથી અને ખાવાથી શું નુકશાન થાય છે તે બતાવ્યું છે.

ઇનામલ (મીનો) કરેલાં લોખંડનાં વાસણોમાં રાંધવા કે ખાવાથી તેમાંનો મીનો તડકીને તેની ધારવાળી કટકીઓ ખોરાક સાથે પેટમાં જઈ જખમો પાડે છે. બીજી કોઈ ધાતુના નીકલપ્લેટ (ચાંદી જેવો ચળકતો સફેત ગીલીટ) કરેલાં વાસણો